# CPS : 3 સંસ્કૃત પધ્ધતિ

**એકમ:1 સંસ્કૃત ભાષાનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્ય**

**1.1 ભારતીય જીવન પદ્ધતિ પર સંસ્કૃત ભાષાનો પ્રભાવ**

**1.2 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું પ્રદાન**

**1.2.1 આદર્શ વાચનનાં લક્ષણો**

**1.2.2 વાંચન, લેખન અને ઉચ્ચારણ દોષો તેમજ નિવારવાના ઉપાયો**

**1.3 સંસ્કૃત ુભાષિતોનું મહત્વ**

—---------------—--------------------------------

**1.1 ભારતીય જીવન પદ્ધતિ પર સંસ્કૃત ભાષાનો પ્રભાવ :**

આપણે સંસ્કૃત ભાષાને ડહાપણનો ઉદ્યાન (garden of wisdom) કે તેને ભારતીય સંસ્કૃતિનું પારણું (Cradle of Indian Culture) કહીએ છીએ. તે આપણો સંસ્કારનિધિ છે, આપણી પ્રેરણાની પ્રસવભૂમિ છે. સંસ્કૃત એ આપણા જીવનનું ધારક અને ચાલક બળ બની રહી છે. તેની વ્યાપક ઉપયોગિતા નીચેના મુદ્દાઓ પરથી જાણી શકાશે.

- આપણા દૈનિક કાર્યક્રમો પૈકી કેટલાક કાર્યક્રમો આપણે સંસ્કૃતમાં જ કરીએ છીએ. આપણે પ્રાતઃકાળે ઈશ્વરની સ્તુતિના શ્લોકોનું સંસ્કૃતમાં ગાન કરીએ છીએ. આવું ગાન કરીએ છીએ ત્યારે પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણ ખ ું થાય છે, ઈશ્વર સાથે તાદાત ય સાધવાની આપણને પ્રેરણા મળે છે.
- પ્રભુનું કીર્તન, સ્મરણ, ભજન, વંદન, યજન તથા ધ્યાન સંસ્કૃત ભાષા ારા જ કરવામાં આવે છે.
- કોઈને આશીર્વાદ આપવા માટે મંગલવચનો આપણે સંસ્કૃત ભાષામાં જ ઉચ્ચારીએ છીએ. शुभमस्तु,शतं जीव शरद:। कल्याणमस्तु વગેરે શબ્દો સંસ્કૃતમાં જ ઉચ્ચારીએ છીએ.
- આબાલવૃદ્ધ સૌ સંસ્કૃતમાં જ પ્રાર્થના કરે છે.
- જન્મથી માંડીને શાસ્ત્રોક્ત સોળ સંસ્કારી સંસ્કૃતમાં જ કરીએ છીએ. લગ્ન કે વિવાહ, ધરોત્તર ક્રિયાઓ વગેરે સંસ્કૃત ભાષા દ્વારા જ કરવામાં આવે છે.
- બધું જ પ્રાચીન સાહિત્ય - રામાયણ, મહાભારત, પુરાણો વગેરે સંસ્કૃત ભાષામાં જ લખાયેલાં છે. વૈદો પણ સંસ્કૃત સાહિત્યનાં અમર આભૂષણો છે. આ ઉપરાંત વ્યાકરણના ગ્રંથો અમરશતક, વગેરે તેમજ નૃત્ય, નાટક, ચોસઠ કલા પરના ગ્રંથી, વાસ્તુશાસ, જ્યોતિષ, આયુર્વેદ, ગતિશાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર વગેરે ગ્રંથો પણ સંસ્કૃતમાં જ લખાયેલા છે. આપણા પૂર્વજોની તત્કાલીન સંસ્કૃતિના અવશેષોનું અધ્યયન સંસ્કૃત ભાષા દ્વારા જ અદ્યાપિ કરવામાં આવે છે. આ ઉપરાંત સાર્વકો, જૈન તેમજ બૌદ્ધોના પ્રમાણભૂત ગ્રંથો સંસ્કૃતમાં લખાયેલા છે. આમ આચાર ગ્રંથો તેમજ દાર્શનિક ગ્રંથોનું પગેરુ સંસ્કૃત ભાષાથી જ જોવા મળે છે.

આ ગ્રંથોનું અધ્યયન ઘણા લોકો આજે પણ કરે છે.
આથી સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના દૈનિક જીવનમાં સંસ્કૃતની વ્યાપકઉપયોગિતા જણાઈ આવે છે.

**■ ભારતીય સંસ્કૃતિના પરિપ્રેક્ષામાં સંસ્કૃત ભાષાનું મહત્ત્વ:-**

ભારતમાં સંસ્કૃત ભાષાનો ઈતિહાસ લગભગ 5000 વર્ષ પુરાણો છે એટલે 3 ઈ.સ.પૂર્વે 2000 થી સંસ્કૃત ભાષા અસ્તિત્વ ધરાવતી હતી. સંસ્કૃત ભાષાને The Cradle of Indian Culture" કહેવામાં આવે છે. सम् + कृ.... सम्यक् क्रियते…જેના દ્વારા માનવનું સંસ્કરણ થાય છે, જેના દ્વારા માનવજીવનમાં સંસ્કારોનું સિંચન થાય છે તેવી ભારતની ગિવિંગ ગિરા એ સંસ્કૃત ભાષા છે. સંસ્કૃત ભાષા એ સંસ્કૃતિની ભાષા છે. તે આપણો સંસ્કારનિધિ છે, આપણી કૈરાની પ્રસવભૂમિ છે. સંસ્કૃત ભાષા એ ભારતના જનજીવનનું ધારક અને ચાલક બળ છે. તેથી જ સંસ્કૃત ભાષાને ડહાપણનો ઉધાન (Garden of Wisdom) અને ભારતીય જ્ઞાનની આધગંગોત્રી કહેવામાં જરાય અતિશયોક્તિ નથી, ભારતીય સંસ્કૃતિનો અજત સ્રોત સંસ્કૃત ભાષા છે તેથી જ પં. જવાહરલાલ નહેરુએ પણ કહ્યું છે, “સંસ્કૃત ભાષા ભારતભૂમિની અજન્ન જ્ઞાનધારા છે.” તે ક્ષીણ ભલે હોય, પરંતુ તે નિષ્પ્રાણ નથી. આમ તે આપણા ભૂતકાળને સાધનાર સેતુબંધ છે. આપણી ભારતીય પ્રજાનું ઉત્થાન સંસ્કૃત ભાષાને આભારી છે. ભારતમાં જે પ્રગતિ જોવા મળે છે તેનું મૂળ સંસ્કૃત ભાષા છે. એ મૂળને કાપી નાખીશું તો આપણા લોકો વધુ છીછરા અને આછા વિચાર ધરાવનારા થઈ જશે. તેથી જ કહેવાયું છે કે, द्वयमिह परिभ्द्क्ष्य:  संस्कृत: संस्कृतिश्च. આપણે સંસ્કૃત ભાષાનું મહત્ત્વ જોઈશું.

**● સંસ્કૃત ભાષાનું મહત્ત્વ:-**

સંસ્કૃત ભાષાનું મહત્ત્વ નીચેના મુદ્દાઓ પરથી જાણી શકાશે.

**1.ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ :**

ભારતીય સંસ્કૃતિ એ વિશ્વની પ્રાચીનતમ અને સર્વાધિક સમૃદ્ધ સંસ્કૃતિઓમાંની એક છે. આ સંસ્કૃતિનું આધારસ્તંભ સાહિત્ય સંસ્કૃત ભાષામાં જ લખાયેલું છે. સૌથી જૂના સાહિત્ય ગ્રંથ સમા વેદો સંસ્કૃત ભાષામાં જ લખાયેલા છે. ઋગ્વેદ એ વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ ગણાય છે. આ ઉપરાંત આ વૈદિક સાહિત્યમાં વેદ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો અને વેદાંગો સંસ્કૃત સાહિત્યમાં રચાયેલ છે. આ ગ્રંથોમાં ભારતની આધ્યાત્મિકતાનું પ્રતિબિંબ પડે છે. તે ઉપરાંત રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોનું સર્જન પણ સંસ્કૃત ભાષામાં થયેલું છે, જેમાં ભારતીય પ્રજાજીવનનાં ઉદાત્ત મૂલ્યો પ્રતિબિંબિત થયેલાં છે. આ મહાકાવ્યોમાં તત્કાલીન સમાજના આદર્શો, મૂલ્યો, રીતરિવાજો, ધર્મભાવના, લોકોની જીવનશૈલી અને જીવન તરફનો દાર્શનિક દષ્ટિકોણ જોવા મળે છે. આ સિવાય ભારતીય જનજીવનની આચારસંહિતા સમી ‘મનુસ્મૃતિ’ સંસ્કૃત ભાષામાં લખાયેલી છે, જેમાંથી લોકજીવનની આચાર સંહિતાનું માર્ગદર્શન મળે છે. આ ઉપરાંત કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, પાણિની ‘અષ્ટાધ્યાયી’ નામના ગ્રંથો પણ સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. કાલિદાસ, ભવભૂતિ, ભારવિ, દંડી,  માઘ જેવા કવિઓનાં ઉત્કૃષ્ટ સર્જનો પણ સંસ્કૃત ભાષામાં રચાયેલાં છે.

આ ગ્રંથો ભારતીય સંસ્કૃતિનો મહામૂલો વારસો છે. આ ગ્રંથો દ્વારા ભારતીય સમાજની ઉજ્જવળ પ્રણાલિકાઓની માહિતી પ્રાપ્ત થાય છે.

દેશના કોઈપણ ભાગની સંસ્કૃતિનો અભ્યાસ કરવો હોય તો ભાષાનો આશ્રય લેવો પડે છે. ભારતીય જનજીવનની આચારસંહિતા માટે ‘મનુસ્મૃતિ’ જોવી પડે. આપણી પ્રણાલિકાઓ, પરંપરાઓ વગેરેનું જીવનદર્શન તેમાંથી પ્રાપ્ત થાય છે. આ રત્નકણિકાઓ, સુવાક્યો, શ્લોકો જે સંસ્કૃત ભાષામાં લખાયેલાં છે તેમાં જીવનનાં મૂલ્યો પ્રતિબિંબિત થતાં જોવા મળે છે.

**2. ધર્મ વિશેનો વિશિષ્ટ દૃષ્ટિકોણ :**સંસ્કૃત સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિનો ધર્મ વિશેનો વિશિષ્ટ દષ્ટિકોણ જોવા મળે છે. તેમાં ઉચ્ચતમ જીવન મૂલ્યોનો સમાવેશ થયેલો છે. अष्टादश पुराणेषु व्यासस्य वचन्द्वयम् |परोपकार: पुण्याय पापाय परपीडनम्

ભારતીય ધર્મ એટલે ઉચ્ચતમ શ્રેષ્ઠ મૂલ્યોની સાધના અને ઉપાસના. आत्मवत् सर्वभुतेषु નો સંદેશ આપણને સંસ્કૃત ભાષામાંથી મળે છે.

બીજા પર પરોપકાર કરવો, અન્યને પોતાના જેવો ગણવો એવાં ઉચ્ચ સાંસ્કૃતિક મૂલ્યોનું પ્રતિબિંબ સંસ્કૃત ભાષામાં પડે છે. આ ઉપરાંત सा विद्या या विमुकये विद्यर्थिन: कुतो सुखम् જેવી સૂક્તિઓ સંસ્કૃત ભાષામાં જડી આવે છે. શિક્ષણ અંગેનાં મૂલ્યો પણ સંસ્કૃત ભાષામાં નિરૂપાયેલાં છે. જેવાં सत्यात् न प्रमदितव्यम् । स्वाध्यायात् मा प्रमदितव्यम् । आचार्य देवो भाव | गुरु: साक्षात् परब्रम्ह: । જેવાં સૂત્રો ઠેર ઠેર વેરાયેલાં છે.

**3. વિવિધ વિષયોનું સાહિત્ય :** રામાયણ, મહાભારત, પંચતંત્ર, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વગેરેમાં તેમજ સંસ્કૃતમાં ઉત્કીર્ણ શિલાલેખોમાં આપણને રાજનીતિશાસ્ત્રનો પરિચય મળે છે. આ ઉપરાંત સંસ્કૃતમાં ખગોળ, ધનુર્વિદ્યા, જ્યોતિષ જેવા વિષયોનું પણ સાહિત્ય મળી આવે છે.

**4. કળા અને સાહિત્ય :** સંસ્કૃતિમાં કળા અને સાહિત્યનો પણ સમાવેશ થાય છે. આપણી સંસ્કૃતિ કળા અને સાહિત્ય અંગે વિશિષ્ટ અનુરાગ ધરાવે છે. સાહિત્ય સંગીત कलाविहीन: साक्षात्पशु: पुच्छ विषाणहीन: । એમ કહેવાયું છે. આ ઉપરાંત દંડીનો કાવ્યાદર્શ, ભરત મુનિનું નાટ્યશાસ્ત્ર, મમ્મટનું કાવ્યશાસ્ત્ર જેવા અપૂર્વ ગ્રંથો ઉપરાંત સંગીત, શિલ્પ વગેરે કળાઓ પરના ગ્રંથો સંસ્કૃત સાહિત્યમાં લખાયેલા છે, જે આપણી સંસ્કૃતિની ઉજ્જવળ યશોગાથા છે.

**5. લોકજીવનમાં સંસ્કૃતની વ્યાપક્તા :** સંસ્કૃત ભાષા એ ડહાપણનો ઉદ્યાન (Garden of Wisdom) છે. તેને ભારતીય સંસ્કૃતિનું પારણું (Cradle of Indian Culture) આપણે કહીએ છીએ. તે આપણી સંસ્કૃતિનું અક્ષયપાત્ર છે. તે લોકજીવન સાથે સદીઓથી વણાઈ ગયેલી ભાષા છે, તેથી તેને આપી જીવનનું ધારક અને ચાહક બળ કહીએ છીએ,

**•લોકજીવનમાં સંસ્કૃતની વ્યાપકતા નીચેના મુદ્દાઓ પરથી સમજી શકાશે.**

- સંસ્કૃત ભાષા અત્યંત પુરાતન ભાષા હોવા છતાં આપણા લોકજીવન અને સમાજજીવનમાં પણ તે વ્યાપક રીતે વણાઈ ગઈ છે. લોકજીવનનું તે અભિન્ન અંગ બની રહી છે. આપણા દૈનિક કાર્યક્રમો પૈકી કેટલાક કાર્યક્રમો માટે આપણે સંસ્કૃત ભાષાનો આપ લઈએ છીએ. પ્રાતઃકાળે ઈશ્વરની સ્તુતિનું ગાન, પ્રભુનું સ્મરણ, પૂજન, અર્ચન, ભજન અને ધ્યાન આપણે સંસ્કૃતમાં કરીએ છીએ. આવું ગાન કરીએ છીએ ત્યારે પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણ ખડું થાય છે.
- કોઈને આશીર્વાદ આપવા માટે મંગળ વચનો પણ આપણે સંસ્કૃત ભાષામાં જ ઉચ્ચારીએ છીએ. शुभमस्तु , शतं जीव शरद:| क्ल्याणमस्तु વગેરે શબ્દો આપણે સંસ્કૃત ભાષામાં જ ઉચ્ચારીએ છીએ.
- આબાલવૃદ્ધ સૌ સંસ્કૃતમાં જ પ્રાર્થના કરે છે.
- જન્મથી માંડીને શાસ્ત્રોક્ત સોળ સંસ્કાર સંસ્કૃતમાં જ કરીએ છીએ. લગ્ન કે વિવાહ, મરણોત્તર ક્રિયાઓ વગેરે સંસ્કૃત ભાષા દ્વારા જ કરવામાં આવે છે.
- આજે પણ મહાભારત, રામાયણ, દુર્ગાસપ્તશ્ચંતી જેવા ગ્રંથોનું પઠન– પાઠન થાય છે. ઘરમાં બધા શુભ પ્રસંગોએ વાસ્તુ, યજ્ઞ–હવન, પૂજા, મહાપૂજા વગેરે સંસ્કૃત ભાષા દ્વારા જ થાય છે.

- સંસ્કૃત ભાષા માનવને જીવનનો ઉત્તમ સંદેશ આપે છે, જેમ કે योग: कर्मसु कौशलम्, योगः चित्तवृत्ति निरोधः । कर्मण्येवाधिकारस्ते मा फ़लेषु कदाचन । દ્વારા જીવનમાં કર્મ અને પુરુષાર્થ સંદેશ પ્રબોધવામાં આવ્યો છે.

**6. રાષ્ટ્રીય એકતાનું પ્રેરક પ્રજીવક :** સંસ્કૃતની એક સૂક્તિ અનુસાર મિક્ષ પરિ: સંસ્કૃત સંસ્કૃતિશ । ભારતની સંસ્કૃતિના સંરક્ષક બળ તરીકે સંસ્કૃત ભાષાનું અને તેના દ્વારા પુષ્ટ થતી સંસ્કૃતિનું સંરક્ષણ કરવું જોઈએ તેમ કહેવાયું છે. સંસ્કૃતને કેટલાક લોકો મૃત ભાષા (dead language) ગણે છે તે સાચું નથી. સંસ્કૃત દ્વારા ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન થયું છે. ભારત વર્ષની સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય તેમજ ભાવાત્મક એકતાં જાળવવામાં સંસ્કૃત ભાષાએ અમૂલ્ય પ્રદાન કર્યું છે. સંસ્કૃત ભાષા દ્વારા દેશમાં વસતી વિવિધ પ્રજાઓ વચ્ચે ભાવાત્મક ઐક્ય (Emotional Integration) સાધી શકાયું છે. ભાવાત્મક ઐક્ય એ રાષ્ટ્રીય ઐક્યની આધારશિલા છે. પ્રાંતો–પ્રાંતો વચ્ચે, પૂર્વ અને પશ્ચિમ વચ્ચે, ઉત્તર અને દક્ષિણ વચ્ચે એમ સર્વત્ર એકાન્ત સૂત્રે બાંધી રાખનારી કોઈ ભાષા હોય તો તે સંસ્કૃત ભાષા જ છે.

'वाजसनेयि संहिता ' માં રાષ્ટ્રનાં શારીરિક, બૌદ્ધિક તથા પ્રાકૃતિક સુખ અને સમૃદ્ધિની પ્રાર્થના કરવામાં આવી છે.

आ बह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायता राष्ट्रे राजन्यः शूरः । इषव्योऽ तिव्याधी महारथो जायतां दोग्ध्री धेनुवौढानड वानाशुः सप्तिः पुरन्धिर्योषा जिष्णुरथेष्ठाः समेयो युवास्य यजमानस्य वीरो जायतां निकामे निकामे नः पर्जन्यो वर्षतु कलवायो ॥
नः औषधः पचयन्तां योगक्षेमो नः कल्पताम् ॥

वाजसनेयि संहिता, २२-२२

અમારા રાષ્ટ્રમાં બહ્મવેત્તા બ્રાહ્મણોનો જન્મ થાઓ, શૂરવીર, મહારથી તેમજ અસ્ત્રવિદ્યામાં પારંગત ક્ષત્રિયો ઉત્પન્ન થાઓ, દુધારુ ગાયો, ભારવાહક પુષ્ટ બળદો, શીઘ્રગામી ઘોડાઓનો આ ભૂમિ પર જન્મ થાઓ. રૂપગુણ સંપન્ન સ્ત્રીઓ, યજમાનોના વીર પુત્રો, વિજય પામનારા યોદ્ધા તથા સંસ્કારી ઉત્પન્ન થાઓ. પર્જન્ય (વરસાદ) અમારી આવશ્યકતાઓ પર વૃદ્ધિ કરે, અમારી ઔષધિઓ ફૂલપ્રદ થઈને પક્વ થશે. આનાથી અમારી ક્ષેમકુશળતાઓનું પરિપાલન થાઓ.

ઋગ્વેદના સંજ્ઞાનસૂત્ર તથા અથર્વવેદના સામંજસ્ય સૂક્તમાં રાષ્ટ્રના સમગ્ર જનસમૂહની ક્રિયાઓ, મન, બુદ્ધિ તથા વિચારોમાં સામંજસ્ય તથા સૌમનસ્યની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. જુઓ,

सं गच्छध्वं, सं वदध्वं सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥
समानो मंत्र: समितिः समानी समानः मनः सह चित्तमेषाम् ।
समानं मन्त्रामभि मन्त्रये वः समानेन वो हविषा
जुहोमि ॥
समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो यथा वः सु सहासति ॥

અર્થાત્ હે લોકો, તમે બધા સાથે મળીને ચાલો, સાથે મળીને બોલો, તમારાં મન મળીને બધી વાતો જાણે, જેમ દેવો પહેલેથી જ જાણે છે કે અગ્નિમાં આપેલી આહૂતિરૂપ ભાગ બધા જ માટે છે. તે બધા મળીને તે ગ્રહણ કરે છે. તમારાં બધાનાં મન સમાન હો, ચિત્ત સમાન હો, તમને બધાંને સમાન સંપત્તિ પ્રદાન કરું છું. તમારો અભિપ્રાય અને સંકલ્પ સમાન હો, તમારાં હૃદય સમાન હો, તમારાં મન સમાન હો.

ભારતમાં રાષ્ટ્રીય એકતા માટે સંસ્કૃતે અમૂલ્ય પ્રદાન કર્યું છે. ભારત વર્ષની સાંસ્કૃતિક એકતાનો ઘોતક આ શ્લોક જુઓ,
उत्तरं यत्समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम् ।
वर्ष तद् भारतं नाम भारती यस्य संततिः ।

ભૌગોલિક રીતે ભારતનું વર્ણન કરતાં કવિ બધા જ લોકોને ભારતીય ગણાવે છે. પ્રાતઃકાળે ઉઠીને ભારતીય જનો રાષ્ટ્રીય એકતાને પુરસ્કારતાં નીચેના શ્લોકોનું પઠન કરે છે.
गङ्गे च यमुने चैव गोदावरी सरस्वती ।
नर्मदे सिन्धु कावेरी जलेऽस्मिन् संनिधिं कुरु ॥

આમાં ભારતવર્ષના જુદા જુદા ભૂભાગમાં આવેલી નદીઓનું પ્રાતઃસ્મરણ કરીને ભારતીય જનો ભાવાત્મક એકતાનો નિર્દેશ કરે છે આવો જ અન્ય શ્લોક જુઓ,
महेन्द्रो मलयः सह्यो देवतात्मा हिमालयः । ध्येयोरैवतको विन्ध्यो गिरिश्चारावलिस्तथा ॥

અર્થાત્ મહેન્દ્ર (ઉત્કલ), મલય (મૈસૂર), સહ્યાદ્રિ (મહારાષ્ટ્ર), હિમાલય (ઉત્તર), રૈવતક (ગિરનાર–ગુજરાત), અરવલ્લી (રાજસ્થાન) નું પ્રાતઃકાળે ધ્યાન ધરવું જોઈએ. આ શ્લોકમાં રાષ્ટ્રીય એકતાનું બુલંદ ગાન સંભળાય છે.

આ ઉપરાંત વાલ્મીકિનું રામાયણ અને વ્યાસનું 'મહાભારત' દેશનાં બધાં જ રાજ્યોમાં એકસરખા ભક્તિભાવથી વંચાય છે. તે બંને મહાકાવ્યો સંસ્કૃતમાં લખાયેલાં છે.

શંકરાચાર્યે ભારતની ચારે દિશાઓમાં મઠો સ્થાપીને હિંદુ ધર્મનો પ્રચાર સંસ્કૃત ભાષામાં જ કર્યો હતો. આથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા
જળવાઈ રહી હતી.

આપણા દેશનું બંધારણીય નામ ભારત સંસ્કૃત પરથી પડેલું છે. આપણું રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન સંસ્કૃતમય છે. રાષ્ટ્રીય મુદ્રાલેખ 'સત્યમેવ નયતે' પણ સંસ્કૃતમાં છે.

સમગ્ર ભારતના લોકજીવનમાં સંસ્કૃત સર્વવ્યાપી છે. ઈશ્વરભક્તિનાં સ્તોત્રો, શ્લોકો વગેરે ભારતવર્ષના લોકો સંસ્કૃત ભાષામાં ઉચ્ચારે છે.

આ ઉપરાંત આપણી સંસ્કૃતિમાં પ્રબોધેલા સોળ સંસ્કારોનું પ્રચલન સંસ્કૃત ભાષામાં જ થાય છે. ગર્ભાધાન, સીમન્તવિધિ, યજ્ઞોપવિત, મરણોત્તર ક્રિયાઓ વગેરે સંસ્કૃત ભાષા દ્વારા જ થાય છે. આમ, જન્મથી માંડીને મૃત્યુ સુધીના કર્મકાંડો સંસ્કૃત ભાષાના માધ્યમથી જ થાય છે. આ ભારત વર્ષની એકતા પ્રબોધિત કરે છે.

આપણી મોટા ભાગની અર્વાચીન પ્રાદેશિક ભાષાઓ સંસ્કૃતમાંથી જ ઉતરી આવી છે. આ બધી પ્રાદેશિક ભાષાઓ ભિન્ન હોવા છતાં તેમનામાં લિપિ, શબ્દભંડોળ અને વાક્યરચનાને લગતી પાયાની સમાનતાઓ સંસ્કૃતને લીધે છે. તે રાષ્ટ્રીય એકતાની ઘોતક છે.

આપણી રાષ્ટ્રભાષા હિન્દી પણ સંસ્કૃતમાંથી જ ઊતરી આવેલી છે. 'एक हृदय भारतजननी ' નું સૂત્ર રાષ્ટ્રભાષા દ્વારા રાષ્ટ્રીય એકતાને સિદ્ધ કરે છે.

સંસ્કૃત સાહિત્યનો પરિચય માનવને ઉત્કૃષ્ટતા સાધવા પ્રેરે છે. તેની દષ્ટિ વિશાળ બને છે,
તે મત-મતાંતરો ભૂલી જઈને પ્રેમદીક્ષા પામે છે. सहनाववतु ના મંત્રનું પઠન લોકભાગીદારીનું સૂચન કરે છે. आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः। દષ્ટિએ વિશાળ બનાવે છે. वशुधैव कुटुम्बकम् નું ગુંજન વ્યક્તિને ભાવાત્મક અને રાષ્ટ્રીય એકતા સાધવા પ્રેરે છે.

- **1.2 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું પ્રદાન :-**

આપણી માતૃભાષા ગુજરાતી તથા દેશની અન્ય ભાષાઓનો ઉદ્ભવ સંસ્કૃત ભાષામાંથી જ થયો છે. ભારતીય ભાષાઓના ઉદ્ભવ અને વિકાસમાં સંસ્કૃત ભાષાનો ફાળો અવર્ણનીય છે. ભારતની પ્રાદેશિક ભાષાઓનો વિકાસ તો લગભગ છેલ્લાં બસો વર્ષથી જ થયો છે. ભારતીય ભાષાઓની સમૃદ્ધિ સામર્થ્ય, ઓજસ વગેરે સંસ્કૃત ભાષાને આભારી છે. તે ભારતીય ભાષાઓનો અક્ષયનિધિ છે. પ્રાદેશિક ભાષાઓની શબ્દસંપત્તિનો મુખ્ય પ્રવાહ સંસ્કૃત ભાષાને આભારી છે. ઉર્દૂ અને તામિલ સિવાયની ભારતની અન્ય ભાષાઓના વિકાસમાં સંસ્કૃત ભાષાનું પ્રદાન અગત્યનું રહ્યું છે. હવે આપણે ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું પ્રદાન જોઈશું.

- **1. ગુજરાતી :**

ગુજરાતી ભાષાની શબ્દસમૃદ્ધિ સંસ્કૃતને આભારી છે, એ નિર્વિવાદ છે. ગુજરાતી ભાષાના વાઙ્મયનો રસાસ્વાદ માણવા માટે સંસ્કૃતનો અભ્યાસ આવશ્યક છે. સંધિના નિયમો, સમાસ, ઉપસર્ગ, અલંકાર, છંદ, તાન્દ્રિત પ્રત્યયોના અભ્યાસ માટે સંસ્કૃત ભાષા અને સાહિત્યનું જ્ઞાન અનિવાર્ય છે.

- **2. હિન્દી :**

સંસ્કૃત એ સર્વ ભારતીય ભાષાઓની જનેતા છે. હિંદી ભાષા એ સંસ્કૃતની દુહિતા છે. હિંદી ભાષામાં અનેક તત્સમ અને તદ્ભવ શબ્દો સંસ્કૃતમાંથી ઊભરી આવેલા છે. હિંદી ભાષાના સાહિત્યમાં જે સૌંદર્ય અને માધુર્ય છે તે સંસ્કૃત ભાષાને આભારી છે. હિંદી ભાષાના વ્યાકરણમાં અલંકાર, છંદ, સન્ધિ, સમાસ વગેરે પર સંસ્કૃત ભાષાની પ્રત્યક્ષ અસરો જોવા મળે છે.

- **3. મરાઠી ભાષા :**

મરાઠી ભાષા એ સંસ્કૃતની પૌત્રી છે. તેનું પોષણ અને સંવર્ધન સંસ્કૃત ભાષા દ્વારા જ થયેલું છે. મરાઠી ભાષામાં લગભગ 48% જેટલા શબ્દો સંસ્કૃતમાંથી ઉતરી આવેલા છે અને 50% શબ્દો પ્રાકૃતમાંથી ઉતરી આવેલા છે, જે સંસ્કૃતમાંથી ઉદ્ભવ પામી છે.

- **4. બંગાળી :**

બંગાળી ભાષા પણ સંસ્કૃતની પૌત્રી છે. આ ભાષામાં 76% જેટલા શબ્દો સંસ્કૃત ભાષાથી મળી આવે છે. બંકિમચંદ્રના 'વંદે માતરમ્', ટાગોરના 'ગીતાંજલિ' ઉપર પણ સંસ્કૃત ભાષાની પરોક્ષ અસરો જોવા મળે છે. હજારો વર્ષ જૂની બંગાળી ભાષા સંસ્કૃતમાંથી જ ઉતરી આવી છે.

- **5. કન્નડ :**

કન્નડ ભાષા એ આમ તો દ્રાવિડિયન કુળની ભાષા છે. પરંતુ, તેના શબ્દો, વાક્ય–રચના, વ્યાકરણ અને કાવ્યશાસ્ત્ર પર સંસ્કૃત ભાષાની અસરો જોવા મળે છે. આ ભાષા સંસ્કૃત ભાષાના પ્રવાહથી સમૃદ્ધ બની છે.

- **6. પંજાબી :**

પંજાબી ભાષા પર વૈદિક સંસ્કૃતની મુખ્ય અસરો જોવા મળે છે. પંજાબી ભાષાના સાહિત્યની સમૃદ્ધિમાં સંસ્કૃત ભાષાનું જાણેઅજાણે મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

- **7.ઉડિયા :**

આ ભાષા હજી પણ સંસ્કૃત ભાષાના બધા જ મૂળાક્ષરોના ઉચ્ચારોને અનુસરે છે.

- **8. મલયાલમ :**

આમ દ્રાવિડિયન કુટુંબની ભાષા હોવા છતાં સંસ્કૃત ભાષાના શબ્દોચ્ચારોને તેણે સ્વીકાર્યા છે. તદુપરાંત આ ભાષાએ સંસ્કૃત ભાષામાં રહેલા સમૃદ્ધ ખજાનાને અપનાવ્યો છે, પોતાનામાં સમાવી લીધો છે.

9. તામિલ અને આસામી ભાષાઓ પણ પરોક્ષ રીતે સંસ્કૃત ભાષા દ્વારા ફળદ્રુપ અને સમૃદ્ધ બની છે.

આમ, ભારતની બધી જ ભાષાઓ પર સંસ્કૃત ભાષાનો પ્રભાવ જોતાં એમ કહી શકાય કે, સંસ્કૃત ભારતીય કેટલીક ભાષાઓની જનની છે અને કેટલીકની માતામહી કે પિતામહી છે.

**1.2.1 આદર્શ વાચનનાં લક્ષણો:**

***પ્રસ્તાવના:**

ભાષાનો ઉપયોગ માનવજાતને અન્ય પ્રાણીઓથી અલગ પાડે છે. માનવ સભ્યતા અને સંસ્કૃતિના વિકાસમાં ભાષાનો ફાળો અનન્ય રહ્યો છે. સંસ્કૃત ભાષાના શિક્ષણમાં વાચનનું શિક્ષણ મુખ્ય બાબત છે. માતૃભાષા સિવાય વિદ્યાર્થીઓ તે ઉપરાંતની જે અન્ય ભાષાઓ શીખે છે તેમાં એક ભાષા સંસ્કૃત પણ છે. સંસ્કૃત ભાષાના અધ્યાપનમાં શ્રવણ અને કથન કૌશલ્યની તુલનામાં વાચન અને લેખન કૌશલ્થને પ્રાધાન્ય મળે છે. વિદ્યાર્થીને સંસ્કૃત શીખવવું એટલે મુખ્યત્વે સંસ્કૃતમાં વાચનનું અધ્યાપન કરવું એમ જ મનાય છે. આથી સંસ્કૃતના અધ્યાપનમાં અન્ય કોઈ પાસાં કરતાં વાચનના અધ્યાપન પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. હવે આપ વાચનનો અર્થ યા પરિભાષા સમજીશું.

- **વાચન કૌશલ્યની સંકલ્પના :**

1. "ભાષાના લિપિસંતોને ઓળખવાની અને તેનો અર્થ ગ્રહણ કરવાની કલા એટલે વાંચન. બીજા શબ્દોમાં કહીએ તો, લખવામાં (મુદ્રિત કરવામાં આવેલાં) લિપિચિહનોને ચક્ષુ પારખીને તેના અર્થોપ સુધી જવાની પ્રક્રિયા એ વાચન છે."

2. પૂર્વશ્રુત ધ્વનિઓમાં પ્રતીકરૂપ લિપિબદ્ધ શબ્દોને વાંચીને તેનું અર્થગ્રહણ કરવાની પ્રક્રિયા તે વાંચન."

**- એક વિદ્વાન**

3. "વાચન એટલે લખેલા શબ્દોમાં કે ભાષાના ધ્વનિઓના દૃશ્ય સંકેતોને ઓળખીને તેમનો અર્થ સમજવાની પ્રક્રિયા'

**- રોબિન્સન**

4. "વાંચન એ અર્થ સંશોધનની અને પ્રાપ્ત કરવાની સમજવાની) સક્રિય પ્રક્રિયા . "

**– ડેબ્રો**

5. "વાચન એ માત્ર સ્પષ્ટ દર્શન કે સાચું ઉચ્ચારણ કે પ્રત્યેક શબ્દના અર્થની પ્રત્યભિક્ષા કરતાં પણ વિશેષ છે."

**– રુથ સ્ટ્રોંગ**

6. "વાચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે."

**– ગુડમેન**

7. "વાંચન એ ચિંતનશીલ, વિચારશીલ પ્રક્રિયા છે."

**– બેટ્સ**

8. "વાચન એ તર્કની પ્રક્રિયા છે."

**– થોર્નડાઈક**

આમ, વાચન એટલે......

- લખાયેલા શબ્દો અને ભાગના ધ્વનિઓના દશ્ય સંકેતોને ઓળખીને અર્થ સમજવાની પ્રક્રિયા.
- વાચનની પ્રક્રિયા ક્રમિક છે. તેમાં મુદ્રિત સંકેતોનું દર્શન, ઓળખ, ભેદપરખતા, અર્થઘટન, અર્થગ્રહણ, તર્ક, વિચાર અને ચિંતન જેવી પેટા પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.
- મુદ્રિત શબ્દોનો કે સંકેતોનો અર્થ કે અર્થગ્રહણની પ્રક્રિયા.
- અર્થ મેળવવા કરતાં તારવવાની પ્રક્રિયા

**•આદર્શ વાચન (Model Reading) :**

સામાન્ય રીતે સંસ્કૃત એ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે અઘરી ગણી શકાય તેવી ભાષા છે. આ ભાષાની લિપિ પણ દેવનાગરી છે. તેથી સંસ્કૃત ભાષાનું વાચન કરતાં વિદ્યાર્થીઓ ઘણીવાર મુશ્કેલી અનુભવે છે. વિદ્યાર્થીઓ જોડાક્ષરો કે સંયુક્તાક્ષરો, વિસર્ગ, સંધિયુક્ત શબ્દો, વગેરેનું શુદ્ધ ઉચ્ચારણ કરી શકતા નથી. આ સંજોગોમાં શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ આદર્શ વાચનનો નમૂનો પૂરો પાડવો જોઈએ. શિક્ષકે સ્વયં વિદ્યાર્થીઓ સમક્ષ ગદ્યપદ્યનું આદર્શ વાચન કરીને આદર્શ નમૂનો પૂરો પાડવો જોઈએ. વિદ્યાર્થીઓ વાચનકૌશલ્યમાં નિપુણતા મેળવે તે માટે શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ આદર્શ વાચન કરવાનું હોય છે. આ પ્રકારનું આદર્શ

વાચન જેટલું બને તેટલું ભાવવાહી, અસરકારક અને સ્વાભાવિક હોવું જોઈએ. શિક્ષકે પોતે એક કુશળ વાચક હોવા જોઈએ. મુખવાચનનો સુંદર નમૂનો વિદ્યાર્થીઓને મળી રહે તેવું આદર્શ વાચન હોવું જોઈએ.

***આદર્શ વાચનનાં લક્ષણો**

- શિક્ષકે વર્ગની મધ્યમાં બધા જ વિદ્યાર્થીઓ તેમને જોઈ શકે તે રીતે ઊભા રહેવું જોઈએ.
- પાઠ્યપુસ્તક બરાબર મધ્યમાંથી પકડવું જોઈએ. તેને ગમે તેમ વાળવું જોઈએ નહિ.
- પાઠ્યપુસ્તક આંખોથી થોડેક દૂરને અંતરે રાખવું જોઈએ.
- વાચન યંત્રવત્ ન થવું જોઈએ, તે કૃત્રિમ અને નાટકીય બનવું જોઈએ નહિ.
- વાચન ભાવવાહી, ઉચ્ચારશુદ્ધ અને સંધિયુક્ત હોવું જોઈએ.
- વાચન યોગ્ય આરોહ—અવરોહ સાથે થવું જોઈએ.
- વાચન યોગ્ય ઝડપે થવું જોઈએ. અતિ શીઘ્ર ગતિએ કે અતિ મંદ ગતિએ વાચન થવું જોઈએ નહિ.
- વાચન યોગ્ય હાવભાવ સાથે થવું જોઈએ. વાચન કર્ણપ્રિય હોવું જોઈએ. કર્કશતા ન હોવી જોઈએ. વાચન માધુર્યપૂર્ણ હોવું જોઈએ.
- સુશ્રાવ્ય અવાજે વાચન થવું જોઈએ.
- શિક્ષકના વાચન સમયે વિષયવસ્તુના બદલાતા ભાવની સાથે શિક્ષકની
- મુખરેખાઓ અને હાવભાવ બદલાતા રહેવા જોઈએ.
- વિવિધ વિરામચિહ્નોનાં વિરામસ્થાનો ધ્યાનમાં રાખીને વાચન થવુ જોઈએ.
- વાચન સમયે દૃષ્ટિ ડાબેથી જમણી તરફ યોગ્ય ઝડપે ફરવી જોઈએ. લીટી કે લીટીઓ પર આંગળી રાખીને વાંચવું જોઈએ નહિ.
- વાંચતી વખતે શિક્ષકે યથોચિત સમયે વિદ્યાર્થીઓ પર નજર ફેરવી લેવી જોઈએ.
- વાચન નિ:સંકોચ અને નિર્ભય રીતે થવું જોઈએ. વાચનમાં આત્મવિશ્વાસનો રણકો સંભળાવવો જોઈએ.
- સંવાદ કે નાટકના વાચન સમયે જેતે પાત્ર સાથે તાદાત્મ્ય સાધીને તે પાત્રને અનુરૂપ સંવાદોનું વાચન થવું જોઈએ.

વિદ્યાર્થીઓ શિક્ષકનું અનુકરણ કરે છે. આથી શિક્ષકે ખૂબ જ કાળજીભરી રીતે શુદ્ધ ઉચ્ચારણ અને હાવભાવ સાથે કર્ણપ્રિય અવાજમાં આદર્શ વાચનનો નમૂનો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવો જોઈએ.

**<u>1.2.2 વાંચન, લેખન અને ઉચ્ચારણ દોષો તેમજ નિવારવાના ઉપાયો :</u>**

***પ્રસ્તાવના:**

સંસ્કૃતની વર્તમાન પરિસ્થિતિ જોતાં જણાય છે કે વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષા અધ્યયનની ઉપેક્ષા કરે છે. સંસ્કૃત ભાષા એ હાલમાં વાણી-વ્યવહારની ભાષા નથી. શાળાઓમાં એક પ્રાચીન ભાષા તરીકે જ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરાવવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓને અધ્યયન અને અધ્યાપનમાં અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ પ્રકારની પરિસ્થિતિનો ઉકેલ લાવવા માટે વિદ્યાર્થીઓને જાગૃત કરી તેમની સામે ઊભી થતી નાની નાની સમસ્યાઓનું નિદાન કરી તેમનો યોગ્ય ઉપચાર કરવો આવશ્યક છે. આ માટે નિદાનકાર્ય અને ઉપચારકાર્ય ઉપયોગી થઈ પડે છે.

**1 વાચન :-**

**(અ) વાચન દોષો :**

સંસ્કૃત ભાષા શિક્ષણમાં વાચન શિક્ષણ મહત્ત્વનું છે. સંસ્કૃત વિદ્યાર્થીઓના દૈનિક વપરાશની ભાષા ન હોવાથી સંસ્કૃત ભાષાના અધ્યાપનમાં શ્રવણ અને કથન કૌશલ્યની તુલનામાં વાચન અને લેખનને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. આથી વિદ્યાર્થીને સંસ્કૃત શીખવવું એટલે મુખ્યત્વે સંસ્કૃતમાં વાંચનનું અધ્યાપન કરવું એ જ થાય છે પરિણામે સંસ્કૃતમાં વાચન શિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવે છે. વાચનનું શિક્ષણ જો યોગ્ય રીતે આપવામાં આવે તો વિદ્યાર્થી સંસ્કૃત ગદ્ય–પદ્ય કૃતિઓનું યોગ્ય અર્થગ્રહણ કરી શકે, સંસ્કૃત સાહિત્યનો રસાસ્વાદ માણી શકે અને સંસ્કૃત સાહિત્ય તરફ અભિરુચિ કેળવી સંસ્કૃત સાહિત્ય તરફ અભિમુખ બને છે.

સંસ્કૃતમાં વાચનનું અધ્યાપન અસરકારક બનાવવા માટે શિક્ષકે વાચનના વિવિધ પ્રકારો જાણવા જોઈએ.

વાચનના વિવિધ પ્રકારો નીચે મુજબ છે.

(1) સંખ્યાની દ્રષ્ટિ – 1. વ્યક્તિગત વાચન 2. સામૂહિક વાચન

(2) શ્રાવ્યતાની દૃષ્ટિ – 1. મુખવાચન 2. મુકવાચન

(3) અધ્યયનની દૃષ્ટિ – 1. સઘન વાચન 2. દ્રુત વાચન

**વાચનમાં થતા દોષો :**

•વિદ્યાર્થી ખૂબ ધીમેથી કે ઝડપથી વાંચે છે.

•તૂટક તૂટક વાંચે છે.

•અશુદ્ધ ઉચ્ચારણો કરે છે.

•ખૂબ ઊંચા અવાજે કે નીચા અવાજે વાંચે છે.

•વચ્ચે વચ્ચે અચકાય છે.

•નાકમાંથી ઉચ્ચાર કરીને વાંચે છે.

•અર્થ સમજ્યા વગર વાંચે છે.

•વિરામચિહ્નોને ધ્યાનમાં લીધા વિના વાંચે છે.

•વ્યગ્રતાથી વાંચે છે.

•હાવભાવ વિના–ભાવશૂન્યતાથી વાંચે છે.

•શબ્દો જોડીને વાંચે છે, શબ્દો તોડીને વાંચે છે.

•એક ને એક શબ્દ ફરી વાંચે છે કે વાંચતાં શબ્દ ચૂકી જાય છે.

•લીટી પર આંગળી મૂકીને વાંચે છે.

•પુસ્તક ખૂબ નજીક કે દૂર રાખીને વાંચે છે.

•તોતડાતાં વાંચે છે.

•વાંચતી વખતે બિનજરૂરી હલનચલન કરે છે.

•વાંચતાં અક્ષરો, શબ્દો કે લીટી વચ્ચે ચૂકી જાય છે.

•અયોગ્ય સ્વરભાવથી વાંચે છે, વાંચતાં સિસકારા કરે છે.

•ગળું વારંવાર ખોંખારે છે.

•ભળતા શબ્દોનો ઉપયોગ કરી વાંચે છે. એકની એક લીટી બે વખત વાંચે છે, વચમાં અટકી જાય છે.

•શબ્દો તોડી-મરોડીને વાંચે છે.

•અત્યંત પરિશ્રમ પડતો હોય તે રીતે વાંચે છે.

•વ્યાકુળતાપૂર્વક વાંચે છે, શક્તિ કે ભયભીત થાય છે.

•ઉચિત સ્થાનથી ઉચ્ચારણ ન કરવું.

•એકધારી ગતિથી વાંચવું.

વિદ્યાર્થીઓના વાંચનમાં ઉપરના જેવા કેટલાક દોષો જોવા મળે છે. આ દોષો થવા પાછળનાં સંભવિત કારણો નીચે મુજબ હોઈ શકે છે. શિક્ષકે નિદાનાત્મક ઉપાયો યોજવા જોઈએ. વાચનના દોષ શોધવા માટે વાચન કસોટીનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત આઈસ્માન મીટર, ટેઈપ રેકોર્ડર, દૃષ્ટિફ્લક વેધકકાર્ડ, દૃષ્ટિફ્લક કસોટીઓનો ઉપયોગ કરી વાચનની ક્ષતિઓનું નિદાન કરવું જોઈએ. આ ક્ષતિઓ શોધ્યા પછી યોગ્ય ઉપચારાત્મક પગલાં લેવાં જોઈએ.

- **(બ) વાચન દોષનાં કારણો :**

**(1) શારીરિક કારણો :**

વિદ્યાર્થીઓની કેટલીક જન્મજાત ખામીઓ હોય છે જેવી કે જીભ પાતળી કે જાડી હોવી, દૃષ્ટિની નિર્બળતા, બહેરાપણું, ઉચ્ચારસ્થાનની ખામી, વિટામીનની ખામીઓ વગેરેને કારણે વિદ્યાર્થીઓ તોતડાય છે, ઉચ્ચારણ બરાબર કરી શકતા નથી. દષ્ટિની ખામીને લીધે બરાબર વંચાતું નથી.

**(2) મનોવૈજ્ઞાનિક કારણો :**

બાળપણમાં કોઈ કારણોસર વિદ્યાર્થીઓના માનસ પર જે અસરો પડી હોય છે તે પણ વાચનદોષો માટે કારણભૂત બને છે. ભયની લાગણી, લઘુતાગ્રંથિ, ગભરાટ, શરમની લાગણી, વ્યગ્રતા વગેરેને લીધે ખામીયુક્ત વાચન બને છે.

**(3) સાંવેગિક કારણો :**

સાંવેગિક કારણોમાં શિક્ષકનો અજ્ઞાત ભય, ઠપકાની બીક, વધુ પડતી લાગણીશીલતા, સંવેગ, મંદબુદ્ધિ, નીરસતા, અસ્વસ્થતા વગેરેને કારણે વાચનમાં ક્ષતિ આવે છે.

**(4) અન્ય પરિસ્થિતિજન્ય કારણો :**

જેમાં વિદ્યાર્થીની બેદરકારી, ઘરમાં વાચન માટેની સગવડ તથા વાતાવરણનો અભાવ, અપૂરતું માર્ગદર્શન, કઠિન વિષયવસ્તુ, શાળામાં સતત ગેરહાજરી, અપૂરતું વાચનજ્ઞાન, વિરામચિહ્નોની સમજનો અભાવ વગેરે કારણોને લીધે પણ વાચનદોષો થતા જોવા મળે છે.

- **(ક) વાચનર્દોષ નિવારવાના (સુધારવાના) ઉપાયો :**

વિદ્યાર્થીના વાચનદોષ નિવારવાનું આયોજન કરતાં પહેલાં શિક્ષકે નિદાનકાર્ય કરી દોષોના કારણો જાણવા જોઈએ. વિદ્યાર્થીની વયકક્ષા, વ્યક્તિગત ભિન્નતા, માનસિક કક્ષા તથા ટીકરણ ધ્યાનમાં હોવા જોઈએ. આ બધી ભાબતોનો વિચાર કર્યા પછી નીચેના ઉપાયો યોજવા ઈએ.

***(1) શારીરિક ખામીઓને લીધે થતા વાચન દોષ નિવારવા :**

•બાળકના ચ્ચારસ અવયવોની ટ્રૅક્ટર પાસે તપાસ કરાવવી જોઈએ.
•આંખની ખામી હોય તો આંખના નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.
•વાલીને જાણ કરી યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
•વિદ્યાર્થીની વ્યક્તિગત કાળજી લેવી જોઈએ.

- **(2) મનોવિજ્ઞાનિક કારણો દૂર કરવા માટે :**

•વિદ્યાર્થી સાથે સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર રાખી તેને વિશ્વાસમાં લેવો જોઈએ.
•તેને સ્વતંત્રતા આપી આત્મવિશ્વાસ ઊભો કરવો જોઈએ.
•ઉતારી પાડવી કે અપમાન કરવું જોઈએ નિહ.

- **(3) સાંવેગિક કારણો દૂર કરવા માટે :**

•બાળકોમાંથી ભયગ્રંથિ દૂર કરવી. તેના આવેગાત્મક વર્તનનું નિયમન કરવું.
•તેની લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિ દૂર કરવા પ્રેરક વાતાવરણ પૂરું પાડવું.
•વર્ગમાં તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવું જેથી વિદ્યાર્થીઓના મનમાંથી ભય, ગભરામણ દૂર થાય અને સ્વસ્થ ચિત્તે વાંચી શકે.

- **(4) અન્ય દોષો દૂર કરવા માટે :**

•વાચન માટે યોગ્ય ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી.
•આદર્શ વાચનનો નમૂનો પૂરો પાડવો.
•ટેઈપ-રેકોર્ડરનો ઉપયોગ કરી ઉચ્ચારશુદ્ધિ અને વાચનદોષો દૂર કરી શકાય.

•ઉચ્ચારણોના ચાર્ટ બનાવી મૂક્યા. ઉચ્ચારસ અવયવોનું દાન આપવું.
•મુખવાચન કરાવવું, વાચનમાં રસ જાગૃત કરવો.
•શબ્દભંડોળમાં વૃદ્િધ કરવી.
•હાવભાવ તથા આરોહ-અવરોહ યુક્ત વાચન કરતાં શીખવવું.
•વિરામચિહ્નોની યોગ્ય સમજ આપવી.
•વાચન સમયે ઊભા રહેવાની, પુસ્તક પકડવાની ટેવો સુધારવી.
•વાચન મંડળની સ્થાપના કરી વાચન માટે પ્રા પૂરી પાડવી.
•વાચન મહાવરો આપવો. વાચન અર્થગ્રહણને લગતી સ્પર્ધાઓ ગોઠવવી.
•ઉપર મુજબના તેમજ પરિસ્થિતિ તથા શિક્ષકની વિવેકબુદ્િધ અનુસાર કાર્યક્રમો યોજી વિદ્યાર્થીઓનું વાચન સુધારી શકાય.

**2. લેખન :**

**(અ) લેખનદોષો :**

વિદ્યાર્થી લેખનકાર્ય કરતાં અનેક પ્રકારની ક્ષતિઓ કરતાં જોવા મળે છે, જે નીચે મુજબ છે.
•લખાણમાં સુવાચ્યતાનો અભાવ જોવા મળે છે.
•અક્ષરોના કદ અને મરોડ બરાબર હોતા નથી.
•અક્ષરો અને શબ્દો વચ્ચે યોગ્ય અંતરનો અભાવ હોય છે.
•હસ્તાક્ષરની સુઘડતા જળવાતી નથી.
•વિદ્યાર્થીઓ શિરોરેખાયુક્ત લખાણ લખતા નથી કે શિરોરેખાનો ઉચિત ઉપયોગ કરતા નથી.
•શિક્ષકના ખરાબ હસ્તાક્ષરોનું અનુકરણ કરે છે.
•સમાન મરોડવાળા અક્ષરો લખવામાં ગોટાળા કરે છે.

- **(ક) વાતદોષ નિવારવાના (સુધારવાના) ઉપાયો**

વિધાર્થીના વાચનદોષો નિવારવાનું આયોજન કરતાં પહેલાં શિક્ષકે નિદાનકાર્ય કરી દોષોના કારક્કો ાણવા જેઈએ. વિદ્યાર્થીની વયકક્ષા, વ્યક્તિગત ભિન્નતા, માનસિક કક્ષા તથા દઢીકરણ ધ્યાનમાં લેવા જોઈએ. આ બધી બાબતોનો વિચાર કર્યા પછી નીચેના ઉપાયો યોજવા જોઈએ.

**(1) શરીરિક ખામીઓને લીધે થતા વાચન દોષ નિવારવા:**
•બાલકના ઉચ્ચારણ અવયવોની ડૉક્ટર પાસે તપાસ કરાવવી જોઈએ.
•આંખની ખામી હોય તો આંખના નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી ઓઈએ.
•વાલીને ઋણ કરી યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
•વિદ્યાર્થીની વ્યક્તિગત કાળજી લેવી જોઈએ.
(2)મનોવૈજ્ઞાનિક કારણો દૂર કરવા માટે :
•વિદ્યાર્થી સાથે સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર રાખી તેને વિશ્વાસમાં લેવો એઈએ.
•તેને સ્વતંત્રતા આપી આત્મવિશ્વાસ ઊભો કરવો જોઈએ.
•ઉતારી પાડવો કે અપમાન કરવું જોઈએ નહિ.

**(3)સાંવેગિક કારણો દૂર કરવા માટે**
•બાળકોમાંથી ભયગ્રંથિ દૂર કરવી.
•તેના આવેગાત્મક વર્તનનું નિયમન કરવું.

•તેની લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિ દૂર કરવા પ્રેરક વાતાવરણ પૂરું પાડવું.
•વર્ગમાં તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવું જેથી વિદ્યાર્થીઓના મનમાંથી ભય, ગભરામણ દૂર થાય અને સ્વસ્થ ચિતે વાંચી શકે.

**(4) અન્ય દોષો દૂર કરવા માટે :**

•વાચન માટે યોગ્ય ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી.
•આદર્શ વાચનનો નમૂનો પૂરો પાડવો.
•ટેઈપરેકોર્ડરનો ઉપયોગ કરી ઉચ્ચારશુદ્ધિ અને વાચનદોષો દૂર કરી શકાય.
•ઉચ્ચારણોના ચાર્ટ બનાવી મૂકવા.
•ઉચ્ચારણ અવયવોનું જ્ઞાન આપવું.
•મુખવાચન કરાવવું, વાચનમાં રસ જાગૃત કરવો.
•શબ્દભંડોળમાં વૃદ્ધિ કરવી.
•હાવભાવ તથા આરોહ–અવરોહ યુક્ત વાચન કરતાં શીખવવું,
•વિરામચિહ્નોની યોગ્ય સમજ આપવી.
•વાચન સમયે ઊભા રહેવાની, પુસ્તક પકડવાની ટેવો સુધારવી.
• વાચન મંડળની સ્થાપના કરી વાચન માટે પ્રેરણા પૂરી પાડવી. વાચન મહાવરો આપવો.
•વાચન અર્થગ્રહણને લગતી સ્પર્ધાઓ ગોઠવવી.

ઉપર મુજબના તેમજ પરિસ્થિતિ તથા શિક્ષકની વિવેકબુદ્ધિ અનુસાર કાર્યક્રમો યોજી વિદ્યાર્થીઓનું વાચન સુધારી શકાય.

**Δ 2. લેખન :**

**<u>(અ) લેખનદોષો :</u>**

વિદ્યાર્થી લેખનકાર્ય કરતાં અનેક પ્રકારની ક્ષતિઓ કરતાં જોવા મળે છે, જે નીચે મુજબ છે.

•લખાણમાં સુવાચ્યતાનો અભાવ જોવા મળે છે.
•અક્ષરોના કદ અને મરોડ બરાબર હોતા નથી.
•અક્ષરો અને શબ્દો વચ્ચે યોગ્ય અંતરનો અભાવ હોય છે. હસ્તાક્ષરની સુઘડતા જળવાતી નથી.
•વિદ્યાર્થીઓ શિરોરેખાયુક્ત લખાણ લખતા નથી કે શિરોરેખાનો ઉચિત ઉપયોગ કરતા નથી.
•શિક્ષકના ખરાબ હસ્તાક્ષરોનું અનુકરણ કરે છે.
•સમાન મરોડવાળા અક્ષરો લખવામાં ગોટાળા કરે છે.
•યોગ્ય રીતે પેન પકડી, બેઠક વ્યવસ્થા રાખી લખાણ લખતા નથી.
•જોડણી ભૂલો કરવામાં આવે છે, શુદ્ધ જોડણીનો અભાવ.
•સંયુક્તાક્ષરો લખવામાં ભૂલો થાય છે. લેખન યોગ્ય ઝડપ કે ગતિથી થતું નથી.
•વિરામચિહ્નો યથાસ્થાને મૂકાયેલ હોતાં નથી.
•લખાણમાં લિપિનું લાવણ્ય જળવાયેલ હોતું નથી. સપ્રમાણ અને મરોડદાર અક્ષરોમાં લેખનકાર્ય ન થવું.

આવી અનેક ક્ષતિઓ સંસ્કૃત લેખનકાર્યમાં જોવા મળે છે. **આ લેખન સુધારણા માટે નીચેના જેવા ઉપાય કરી શકાય.**

**(બ) લેખન સુધારણાના ઉપાયો :**

•પ્રારંભિક વર્ષોમાં વિદ્યાર્થી સારી રીતે અનુલેખન કરીને લખતાં શીખે નો ટોખનકાર્યની પછી ક્ષતિઓ નિવારી શકાય.
•વિદ્યાર્થી જે લખે તે બરાબર લખે, વ્યવસ્થિત રીતે લખે, યુદ્ધ જોડણીપૂર્વક લખે, તથા શિરોરેખાયુક્ત સુવાચ્ય લખે તે જોવું જોઈએ.
•દેવનાગરી લિપિમાં શિરોરેખાયુક્ત લખે. દરેક અક્ષર પર અલગ અલગ શિરોરેખા કરતાં શીખવવું જોઈએ.

•વિદ્યાર્થીઓને ગદ્ય કે પદ્યનો અંશ પ્રતિલિપિ માટે વખતો વખત આપવી જોઈએ. આ પ્રતિલિપિ કરતી વખતે અક્ષરોનું અંતર, મરોડ, કદ, બે શબ્દો વચ્ચેનું અંતર, શુદ્ધ જોડણી, વિરામચિહ્નોનું ધ્યાન રાખીને પ્રતિલિપિ યા અનુલેખન કરે તે જોવું જોઈએ.
•વખતોવખત શ્રુતલેખન કરાવવું જોઈએ. તેનાથી શુદ્ધ જોડણી, લેખન ઝડપ, જોડાક્ષરો, હલન્ત અક્ષરો, વિસર્ગના લેખનમાં સુધારણા લાવી શકાશે.
•શિક્ષકે વખતોવખત લેખનકાર્ય ઝીણવટપૂર્વક તપાસવું જોઈએ. સહાનુભૂતિપૂર્વક ભૂલો દર્શાવી સુધરાવવી જોઈએ.
•શિક્ષકે વિદ્યાર્થીઓના લેખનકાર્યમાં રસ લઈ વિદ્યાર્થીઓએ કરેલી સામાન્ય ભૂલોને શ્યામપટ પર દર્શાવી. ભૂલો શાથી થઈ તે સમજાવી ભૂલો સુધર ાવવી જોઈએ.
•એક લેખનકાર્યના અનુભવ પરથી બીજા લેખનકાર્ય કરાવતી વખતે શિક્ષકે યોગ્ય પદ્ધતિ અપનાવવી તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તથા માર્ગદર્શન પૂરું પાડવું.

•સંસ્કૃતમાં લેખનકાર્યમાં હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર, અનુનાસિક, વિસર્ગ, હલન્ત વગેરેનું લેખનકાર્ય સમજાવવું જોઈએ.
•લખાણ શુદ્ધ થાય તે માટે સંધિની સ્પષ્ટ સમજ આપવી મહત્ત્વની છે. લખાણ કરવામાં અસ્પષ્ટતા હોય તો તે લેખન કાર્યમાં દેખાય જ. ઉચ્ચાર અશુદ્ધ થતો હોય તો પણ લેખનકાર્ય અશુદ્ધ થાય તેની સ્પષ્ટ સમજ આપવી.
ચોકસાઈ લેખનનો આત્મા છે, તે વિદ્યાર્થીઓને સમજાવવું જોઈએ, જેથી તેમના લેખનકાર્યમાં સુધારણા થઈ શકે.

**3. ઉચ્ચારણ :**

**(અ) શુદ્ધ ઉચ્ચારણનું મહત્ત્વ :**

શુદ્ધ ઉચ્ચારણ ભાષાશિક્ષણનું મહત્ત્વનું અંગ છે. સંસ્કૃત ભાષામાં ઉચ્ચારશુદ્ધિનું સવિશેષ મહત્ત્વ છે. વૈદિક કાળથી સંસ્કૃત ધ્વનિઓના ઉચ્ચારણમાં ખાસ ધ્યાન અપાતું આવ્યું છે. ભાષાશુદ્ધિનો આધાર ઉચ્ચારશુદ્ધિ પર રહેલો છે, માટે શિક્ષકે સંસ્કૃત શિક્ષણ દરમ્યાન ઉચ્ચારશુદ્ધિનો ખૂબ જ આગ્રહ રાખવો જોઈએ. તે માટે તેના પોતાના ઉચ્ચાર શુદ્ધ અને સ્પષ્ટ હોવાં ખૂબ જ જરૂરી છે. ઉપરાંત વિદ્યાર્થીને દરેક અક્ષર અને તેનાથી બનતા શબ્દોના ઉચ્ચાર સ્પષ્ટ રીતે આવડવા જોઈએ. તે માટે વ્યાકરણનું જ્ઞાન પણ આવશ્યક છે. વ્યાકરણનું જ્ઞાન વધતાં ઉચ્ચારશુદ્ધિમાં સરળતા પડે છે, પછી વિદ્યાર્થી શૈયા ન બોલતાં શૈય્યા બોલશે. ऋषि શબ્દનો ઉચ્ચાર रू જેવો થાય છે પણ તેની શરૂઆત ऋ સ્વરથી થાય છે તે બરાબર સમજે છે એ જ રીતે અનુનાસિક શબ્દો જેવા કે तन्तु ,गङ्गा, अण्डज,अम्बां વગેરે શબ્દોના ઉચ્ચારમાં કયા અનુનાસિક અક્ષર છે તેનો ખ્યાલ રાખી શુદ્ધ ઉચ્ચાર કરી શકશે. न અને ण ના ઉચ્ચારણનો ભેદ પણ ખ્યાલમાં ં આવશે. જેથી रामेण , सिंहेन જેવા ઉચ્ચારણોમાં અશુદ્ધિ નહીં કરે. એ જ રીતે श् , ष, અને स् ના ઉચ્ચારમાં જોવા મળતી અશુદ્ધિ અટકશે , સ્વરાંત અને વ્યંજનાન્ત શબ્દોના ઉચ્ચારણમાં પણ અશુદ્ધિ જોવા મળે છે. તેથી અર્થભેદ પણ થાય છે. તેનો ખ્યાલ આવતાં વિદ્યાર્થી શુદ્ધ ઉચ્ચારોની બાબતમાં જાગૃત બનશે. વિસર્ગના ઉચ્ચાર માટે વિસર્ગ પોતાના સ્વર પ્રમાણે વિસર્ગનો (હ) ઉચ્ચાર થાય છે. તે જ્ઞાનની વિદ્યાર્થીને જરૂર છે જેથી रामाः માં વિસર્ગ પહેલા આ છે તેથી તેનો ઉચ્ચાર તા થશે જ્યારે कवि: માં હિ થશે તેનો ખ્યાલ આવે છે.

ઉચ્ચારશુદ્ધિને ભાષાશુદ્ધિ, અર્થશુદ્ધિ અને અર્થબોધ સાથે સંબંધ છે. ભાષામાં કથન, પઠન અને વાચન મહત્ત્વનાં અંગો છે. તે દરેકમાં ભાષાશુદ્ધિનું મહત્ત્વ જરાય ઓછું ન આંકી શકાય. વિદ્યાર્થી ઉચ્ચાર શુદ્ધિમાં કુશળતા મેળવશે તેટલા પ્રમાણમાં ભાષા આવડી એમ કહેવાશે. માટે શિક્ષકે વર્ગમાં પોતાના ઉચ્ચારો આદર રાખવા. શિક્ષકના યુદ્ધ, સ્પષ્ટ અને કર્ણપ્રિય ઉંચ્ચારોની અસર વિદ્યાર્થીના ઉચ્ચાર પર થાય છે. શિક્ષકે સંસ્કૃત શિક્ષણ દરમ્યાન નીચેની બાબતો ધ્યાનમાં રાખવી અતિ આવશ્યક છે.

•શુદ્ધ ઉચ્ચારણ વગર સંસ્કૃત ભાષાનું સમ્યક જ્ઞાન ન થઈ શકે તે વિદ્યાર્થીઓને સમજાવવું.
•અશુદ્ધ ઉચ્ચારણ અર્થભેદ ઉત્પન્ન કરે છે તે ઉદાહરણો આપી સ્પષ્ટ કરવું.
•પ્રારંભથી જ અશુદ્ધ ઉચ્ચારો રાખવામાં આવે તો પાછળથી તે સુધારવા મુશ્કેલી પડે છે.
•સંસ્કૃત ભાષામાં ઉચ્ચરિત અને લિખિત સ્વરૂપમાં સમાનતા હોય છે, તેથી અશુદ્ધ ઉચ્ચારણ લેખનમાં પણ અઢિ ઉત્પન્ન કરે છે વગેરે બાબતોની સ્પષ્ટતા કરવી જરૂરી છે.

વેદકાળથી જ સંસ્કૃત ભાષામાં ઉચ્ચારનું ખૂબ જ મહત્ત્વ છે. તેનું અધ્યયન એક વેદાંગ સ્વરૂપે થાય છે. સંસ્કૃતમાં ઉચ્ચારશુદ્ધિનું મહત્ત્વ દર્શાવતા પાણિનિએ કહ્યું છે કે, બ્રહ્માની પ્રાપ્તિ સ્વર, સ્પષ્ટ, સુવ્યવસ્થિત અને સુપ્રયુક્ત વર્ણોના માધ્યમ વિના થતી નથી.
આમ સંસ્કૃત ભાષાના શિક્ષણમાં ઉચ્ચારશુદિનું ખૂબ જ મહત્ત્વ છે.

- **મહત્વ:**

•શુદ્ધ ઉચ્ચારથી ભાષા મધુર તથા તેજસ્વી બને છે.
•શુદ્ધ ઉચ્ચારથી બોલની વ્યક્તિની સંસ્કૃત ભાષા સારી હોય છે.
•શુદ્ધ ઉચ્ચારોની બીજા પર સારી છાપ પડે છે. અશુદ્ધ ઉચ્ચારોથી અર્થનો અનર્થ થઈ જાય છે, પરિણામે યોગ્ય અર્થ મેળવી શકાતી નથી..
•ઉચ્ચારભેદથી અર્થભેદ થઈ જાય છે જેમ કે, स्वजन એટલે આત્મીય જન પણ स् ની જગ્યાએ श् નો ઉચ્ચાર કરતા श्वान એટલે કુતરો એવો અર્થ થાય છે. તે જ રીતે સત सकल (બધું) शकल (ટૂકડો), सकृत (એક્વાર) शकृत (વિષ્ટા) આમ ઉચ્ચારમાં સહેજ ભૂલ થતાં આખો અર્થ બદલાઈ જાય છે.
•ઉચ્ચારશુદ્ધિને ભાષાશુદ્ધ, અર્થશુદ્ધિ અને અર્થોધ સાથે ગાઢ સંબંધ છે.
•ભાષા શિક્ષણમાં કથન, પઠન અને વાચન દરેકમાં ઉચ્ચારનું મહત્ત્વ ઓછુ ન આંકી શકાય. ઉચ્ચારમાં જેટલી કુશળતા મેળવી હશે તેટલા પ્રમાણમાં ભાષામાં કુશળતા પ્રાપ્ત થશે.

**(બ) અશુદ્ધ ઉચ્ચારણનાં કારણો :**
કોઈપણ ભાષા બોલાય છે તેજ પ્રમાણે લખાય છે તેથી ઉચ્ચારદોષ અંગે શરૂઆતથી જ સભાનતા કેળવવી જરૂરી છે. શુદ્ધ ઉચ્ચાર એ શિક્ષકનું વલ્પ હોવું જોઈએ. પોતાના ઉચ્ચાર આદર્શ, શુદ્ધ, સ્પષ્ટ અને કર્ણપ્રિય રાખવાથી વિદ્યાર્થીઓ પર તેની અસર થશે અને વિદ્યાર્થીઓ પણ યુદ્ધ ઉચ્ચાર કરતાં થશે. વિદ્યાર્થીઓના ઉચ્ચારોમાં અશુદ્ધિ જોવા મળશે નહિ.

**∆ અશુદ્ધ ઉચ્ચારનાં કારણો** :
વિદ્યાર્થીઓના ઉચ્ચારદોષો પર અસર કરતું સૌથી મોટું પરિબળ આસપાસનું વાતાવરણ છે. આ વાતાવરણમાં જે પ્રકારની ભાષા બોલાતી હોય છે તે જ રીતે બાળક ભાષા બોલતાં શીખે છે. જે કે સંસ્કૃત ભાષા વિદ્યાર્થીને પોતાની આસપાસના વાતાવરણમાં સાંભળવાની ભાગ્યે જ તક મળે છે. તેને ભાષા સાંભળવાની અને બોલવાની તક વર્ગખંડમાં જ પ્રાપ્ત થાય છે. આથી તેની સંસ્કૃત ભાષા શુદ્ધિનો આધાર વર્ગખંડનું સંસ્કૃત શિક્ષણ દરમ્યાનનું વાતાવરણ છે. તેમાં શિક્ષક તથા વિદ્યાર્થીઓ જેટલી ભાષા શુદ્ધ બોલશે તેટલી વિદ્યાર્થીઓની ભાષા શુદ્ધિ વિશેષ રહેશે. આમ છતાં **પાણિનિએ ઉચ્ચારદોષો માટે કેટલાંક અન્ય કારણો આપ્યાં છે, તે નીચે મુજબ છે.**
•વર્ણો ખૂબ જ ઝડપથી બોલવા – વર્ણોના ઘા કરતા હોય તે રીતે બોલવું.
•મોમાં વર્ણોને દબાવીને બોલવું.

•ગદ્ ગદ્ સ્વરે બોલવું.
•અટકી અટકીને બોલવું.
•ગાતા હોય તેમ બોલવું.
•તોતાના બોલવું.
•અપૂર્ણ અક્ષરો બોલવા.
•વચ્ચેથી અક્ષરો ખાઈ જવા.
•દીનભાષામાં બોલવું.
•નાકમાંથી વર્ણો બોલવા.
•અક્ષર અને શબ્દના ધ્વનિનો ખ્યાલ ન હોવો.
•ઉચ્ચારણ સ્થાનોની વૈજ્ઞાનિક સમજ ન હોવી. श् , ष , स् .
•સંસ્કૃત શબ્દોના સાચા ઉચ્ચારનો મહાવરો ન હોવો.
•શબ્દોના ઉચ્ચાર કરતાં અક્ષર ઉલટસુલટ થઈ જવા चिह्नि – चिन्ह, प्रहलाद प्रल्हाद.
•અનુનાસિક દોષ : – श्रवण – श्रवन
•સ્વર પર યોગ્ય ભાર ન મૂકવો – પ્રેમ – પરેમ
•સ્વરનું ભિન્ન જોડાણ કરવું સ્ત્રી – ઈસ્ત્રી
•ખોટા સ્વર પર ભાર મૂકવો
•યોગ્ય પ્રયત્ન ન કરવાથી અશુદ્ધિ રહી જાય છે.
•નાકમાંથી ધ્વનિ કાઢવાની આદત दीपंक , महांदेव

**Δ અન્ય કારણો**

**(1) વાતાવરણજન્ય કારણો :**
કૌટુંબિક વાતાવરણ, સામાજિક વાતાવરણ, પ્રાદેશિક્તા, અન્ય ભાષા બોલનારની અસર વગેરે વાતાવરણજન્ય કારણોને લીધે ઉચ્ચારદોષો જોવા મળે છે.

**(2) મનોવૈજ્ઞાનિક કારણો :**
લઘુતાગ્રંથિ, માનસિક સ્વાસ્થ્ય, શહેરી ભાષા બોલવાની ઘેલછા તથા ચીપી ચીપીને બોલવાની ટેવને કારણે ઉચ્ચારમાં દોષો થતા જોવા મળે છે.

**(3) પરિસ્થિતિજન્ય કારણો :**
બીજાનું અનુકરણ, જે અશુદ્ધ ઉચ્ચાર કરતા હોય
તેવાનું અનુકરણ કરવાથી ઉચ્ચારમાં અશુદ્ધ આવે છે.
શિક્ષક દ્વારા બોલાતી ભાષાનું અનુકરણ – વિદ્યાર્થીઓ મોટેભાગે શિક્ષકની ભાષાનું અનુકરણ કરતા હોય છે. આથી શિક્ષકના ઉચ્ચારો જો અશુદ્ધ હો તો વિદ્યાર્થીના ઉચ્ચારોમાં પણ તે પ્રમાણેની અશુદ્ધિ જોવા મળશે.

વિવિધ ભાષાના શબ્દોનું અનુકરણ કરવાની ટેવ ખાસ કરીને અંગ્રેજી ભાષાનું અનુકરણ કરીને કે પ્રાદેશિક બોલી અનુસાર સંસ્કૃત ભાષા બોલવાનો પ્રયત્ન કરવામાં આવે તો ઉચ્ચાર અશુદ્ધે ઘણી જોવા મળશે.

આ સિવાય સમાસવિગ્રહ ન કરી શકવાથી, વિરામને કારણે, અશુદ્ધ સ્વરાપાતને કારણે, ઉદ્ગાર-પ્રશ્નાર્થે ધ્વનિમાં તફાવત ન સમજવાને કારણે, અયોગ્ય ગતિને કારણે, બહુ મોટા અવાજે કે અતિ ધીમા સ્વગત ઉચ્ચારણના કારણે પણ ઉચ્ચાર દોષો થતાં જોવા મળે છે. ઉચ્ચારણના નિયમોનો ખ્યાલ ન હોવાથી પણ ઉચ્ચારદોષો થાય છે.

**(ક) ઉંચ્ચાદોષો નિવારવાના (સુધારવાના) ઉપાયો**

વિદ્યાર્થીઓ પર માતૃભાષા તેમજ પ્રાદેશિક બોલીના ઉચ્ચારણનો પૂર્ણ પ્રભાવ હોય છે. આથી સંસ્કૃતના ઉચ્ચારણમાં તેની સીધી અસર દેખાય છે. આવા સંજોગોમાં કેટલાક ઉચ્ચારો રુઢ થઈ જાય છે. આ પરિસ્થિતિમાં સંસ્કૃત શિક્ષકે જાગૃત બની પ્રારંભથી જ સભાન પ્રયત્નો કરવા જરૂરી બને છે. વિદ્યાર્થીઓને ઉચ્ચારણ અંગેનું સાચું જ્ઞાન આપવામાં આવે, અશુદ્ધ ઉચ્ચારોથી સભાન બનાવવામાં આવે તો ઉચ્ચાર દોષ અવશ્ય સુધારી શકાય છે. **સંસ્કૃતમાં ઉચ્ચારદોષો સુધાવા નીરોના જેવા ઉપાયો યોજવા જોઈએ.**

•શિક્ષકનું ઉચ્ચારણ યુદ્ધ-સ્પષ્ટ હોય તે પ્રાથમિક આવશ્યક્તા છે. શિક્ષકે સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ કરવું અને વિદ્યાર્થીઓ પાસે શુદ્ધ ઉચ્ચારણ કરાવવું, વિદ્યાર્થી અશુદ્ધ ઉચ્ચારણ કરે તો તે જ સમયે તેને અટકાવી તે સુધરાવવું.

•શારીરિક શ્રુતિ હોય કે માનસિક કાસર ઉચ્ચારદોષ થતો હોય તો ડૉક્ટર કે મનોચિકિત્સકની મદદ લેવી.

•વર્ગશિક્ષણ દરમ્યાન કઠિન ઉચ્ચારવાળા, શબ્દોનો આદર્શ ઉચ્ચારણનો નમૂનો પૂરો પાડી દ્રઢીકરણ કરાવવું. મુશ્કેલ ઉચ્ચાર માટે વિશેષ તથા પુનરાવર્તિત અભ્યાસ આપવા. આ માટે સામૂહિક તથા વ્યક્તિગત બંનેના અભ્યાસ આપવા. જરૂર જણાય ત્યાં શરૂમાં ખંડશઃ ત્યારબાદ સમગ્ર સંયુક્તાક્ષર, સામાસિક કે સંધિયુક્ત શબ્દોનું ઉચ્ચારણ કરાવવું,

•વ્યક્તિગત ઉચ્ચારદોષો પ્રત્યે ધ્યાન આપવું.

•વિદ્યાર્થીઓ નિર્ભયતાથી બોલી શકે તેવું વાતાવરણ ઊભું કરવું, તેમજ સહાનુભૂતિથી કામ લેવું.

•સમૂહમાં ઉચ્ચારણ કરાવવું.

• ઉચ્ચારણનું વૈજ્ઞાનિક જ્ઞાન યોગ્ય નિદર્શન દ્વારા આપવું.

•લિંગ્ડાફોન, ટેપરેકોર્ડ જેવાં સાધનોનો ઉપયોગ કરી શુદ્ધ ઉચ્ચારણના નમૂના પૂરા પાડવા.

•ભાષા પ્રયોગશાળાના વિભિન્ન ઉપકરણોની મદદથી ઉપચારાત્મક કાર્ય વ્યક્તિગત કરાવવું.

•સંધિયુક્ત તેમજ સંધિમુક્ત વાચનની ટેવ પાડવી.

•જોડણીશુદ્ધિનું જ્ઞાન આપવું.

•શિક્ષકે આદર્શ વાચન, પઠન કે ગાન કરવું. ઉચ્ચારણના વિવિધ અંગો જેવાં કે માત્રા, લય, બળ, સ્વરાયાન, આરોહ-અવરોહ, નિયામક અને ગતિ વગેરેનું યોગ્ય જ્ઞાન આપવું.

•ચર્ચા, નાટક, વાતચીત દ્વારા ભાષાનો મહાવરો આપવો.

•ઉચ્ચારણ શિક્ષાની પદ્ધતિઓ અપનાવવી

1. અનુકરણ – શિક્ષક આદર્શ ઉચ્ચારણ કરશે. વિદ્યાર્થી તેનું અનુકરણ કરી સાચા ઉચ્ચાર કરશે.
2. પુનરાવર્તન – એકના એક શબ્દનું પુનરાવર્તન કરાવી જોડણી દોષ તરફ ધ્યાન દોરવું.
3. સ્થાનફેર – સારા વાતાવરણની સારી અસર પડે છે. જેવું વાતાવરણ તેવા ઉચ્ચાર, જેવા મિત્રો તેવી ભાષા. આથી જરૂર જણાય ત્યાં સ્થાનફેર દ્વારા ઉચ્ચારશુદ્ધિ કેળવવા પ્રયત્ન કરવો.
4.અવરોધ – વિદ્યાર્થી જલદી બોલવા જાય ત્યારે સ્વાભાવિક રીતે ઉચ્ચારનો અવરોધ પેદા થાય છે. આથી ઉતાવળથી બોલવા પ્રયત્ન કરતા વિદ્યાર્થીને રોકવા જોઈએ. યોગ્ય ઝડપથી બોલતા કરવા જોઈએ.
5. પૂર્ણતા – કોઈપણ અક્ષર કે શબ્દ બોલતી વખતે તેના ઉચ્ચારણ તરફ બરાબર ધ્યાન અપાય તો ઉચ્ચારદોષ થતો નથી.

આમ સંસ્કૃત શિક્ષક પ્રેમ, સહાનુભૂતિ, ગંભીરતા અને ધીરજથી પ્રયત્ન કરે તો ઉચ્ચાર દોષોનું નિવારણ થઈ શકે છે. ઉચ્ચારણ શિક્ષણ માટે ખંત અને ધીરજ ખૂબ જ જરૂરી છે. આ રીતે યથાસંભવ સર્વ રીતો અખત્યાર કરી શિક્ષક વિદ્યાર્થીને શુદ્ધોચ્ચારમાં મદદરૂપ થાય તો સર્વ રીતે ઉપયોગી અને ઉચિત થશે.

**1.3 સંસ્કૃત સુભાષિતોનું મહત્ત્વ :**

સંસ્કૃત સાહિત્યમાં સુભાષિતોનું વિશિષ્ટ સ્થાન છે. સુભાષિત એટલે સુંદર વચન જે સારી રીતે બોલાયેલું કે કહેવાયેલું હોય. જે સત્ય હોય અને જે કલ્યાણકારી તેમજ સુંદર હોય. सुष्ठु: भाषित: इति सुभाषित: । આમ સુભાષિત એટલે સુંદર, અર્થપૂર્ણ

જ્ઞાનની કડી– ઉક્તિ. હજારો વર્ષોથી કવિઓ ગામ સુભાષિતો દ્વારા આનંદ સાથે ઉપદેશ આપતા રહ્યા છે. જેમ રસસિદ્ધ કવીશ્વરોના યશરૂપી શરીરને જરામરણનો ભય હોતો નથી તેમ રસપૂર્ણ સુભાષિતો પણ ચિરંજીવી બની રહ્યા છે. સુભાષિતોમાં જીવનબોધ દર્શાવનાર વિચારો સમાયેલ હોય. કોઈ એક જીવનલક્ષી વિચાર પદલાલિત્યથી સુભાષિતમાં સંગૃહિત હોય છે. સુભાષિતમાં લાઘવ હોય છે. થોડામાં ઘણું કહી દેવાય છે. ટૂંકમાં કહીએ તો, વિચારની પદ્યસ્વરૂપે લાઘવયુક્ત રજૂઆત એટલે સુભાષિત, વિચાર સંક્ષિપ્તમાં લાઘવયુક્ત રીતે સુભાષિતમાં પ્રદર્શિત સંસ્કૃત ભાષાનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્ય થયેલ હોવાથી તે વિચારને સમજવા માટે, તેના અર્થ સૌંદર્યને પામવા માટે સુભાષિતના મૂળ વિચારને મહત્તમ અર્થછાયા રૂપે ખુલ્લો કરવો જરૂરી હોય છે. જેથી સામાન્ય માણસ પણ સુભાષિતના અર્થ અને ભાવને સમજી શકે.

સુભાષિતને રત્ન ગણવામાં આવે છે. કહેવાય છે કે, પૃથ્વી પર જળ, અન્ન અને સુભાષિત એમ ત્રણ રત્નો છે. સંસ્કૃત ભાષામાં આવા અનેક સુંદર જીવનોપયોગી સુભાષિત રત્નોનો ભંડાર છે. તે આપણી સંસ્કાર વારસો છે. જુદા જુદા વિષયો પર અનુભવવાણી છે. સંસ્કૃત સુભાષિતોમાં તથા ઉક્તિઓમાં કવિએ ગાગરમાં સાગર ભરી દીધી હોય છે, થોડામાં ઘણું કહી દીધું હોય છે. કેટલાંય સનાતન સત્યો તથા દષ્ટાંતો અને વ્યવહારિક વિધાનોનો તેમાં સમાવેશ થાય છે. દા.ત.
किमिष्टमन्नं स्वर सुकरणम् । ગધેડા અને સૂવરને મિષ્ટ અન્નથી શું ? मनसि च परितुष्टे कार्थवान् को दरिद्र: | वर्धते क्षीयते चन्द्रो न तु तारागण: क्वचित् | આમ સુભાષિત માનવને સાદા દષ્ટાંતો દ્વારા પોતાના જીવનવ્યવહાર માટે ઘણું માર્ગદર્શન આપી જાય છે.

સુભાષિતોમાં પરંપરા પ્રાપ્ય અનુભવોનો સાર વ્યક્ત થયેલો જોવા મળે છે. મધ સાથે ઔષધ પાઈ દેવામાં આવે છે, તેમ આવા સમાધિનો દ્વારા લોકવ્યવહાર, પ્રશંસા, ઉપાલંભ, નીતિમત્તા વગેરેનો બોધ સરળ રીતે આપી દેવાય છે. સુભાષિતોનો આ રસ અલૌકિક આનંદની અનુભૂતિ કરાવી શકે છે.

પ્રાચીન કવિઓની મુક્ત રચનાઓને આજે પણ આપણી સમક્ષ રજૂ કરવાનું શ્રેયસ્કર કાર્ય સુભાષિત સંગ્રહોનું છે. તેનાથી મનુષ્યનું વ્યાવહારિક જ્ઞાન વધે છે, તથા આચરણ શુદ્ધ થાય તેવી સારી સામગ્રી પ્રાપ્ત થાય છે. આવા મૂલ્યવાન અને પાણીદાર રત્નો જેવાં વચનો મનુષ્ય જીવનમાં પથદર્શક બની રહે છે.
સુભાષિતનું મહત્ત્વ અને મૂલ્ય નીચેના શ્લોક પરથી સ્પષ્ટ થશે.
पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।
मूढैः पाषाण खण्डेषु रत्नसंज्ञा विधीयते ॥

**એકમ : 2.  પાઠ આયોજન**
**2.1 માઈક્રોટીચિંગ : સંકલ્પના, અગત્ય**
**2.2 માઈક્રોટીચિંગમાં ઉપયોગી કૌશલ્યનો પરિચય**
**2.2.1 સેતુપાઠ**
**2.2.2 માઈક્રોટીચિંગ અને સેતુપાઠ વચ્ચેનો તફાવત**
—---------------------------------------------------
**2.1 માઈક્રોટીચિંગ : સંકલ્પના, અગત્ય**
**માઈક્રોટીચિંગ પાર્શ્વભૂ**

અધ્યાપન પ્રવિધિ માટે અંગ્રેજીમાં Technique શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. 'ટેનિક' એટલે પ્રવિધિ કે પ્રયુક્તિ. અપેક્ષિત પરિણામ પ્રાપ્ત કરવા માટે કોઈ એક ક્રિયાના ઉપયોગની ક્ષમતાને પ્રયુક્તિ કે પ્રવિધિ કહેવામાં આવે છે. આવી પ્રયુક્તિઓ એક કરતાં વિશેષ હોઈ શકે. ટેક્નિકનો સાદો અર્થ સર્જનની રીત, કોઈ પ્રક્રિયા કે તંત્ર અથવા કલાકૌશલ્ય એવો થાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસની સાથે શિક્ષણમાં પણ અનેકાનેક. પરિવર્તનો આવ્યાં છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીની હરણફાળને લીધે શિક્ષણ ક્ષેત્રે શૈક્ષણિક ટેક્નોલૉજી (Educational Technology) નો જન્મ થયો. આ ટેક્નોલૉજીની વ્યાપક અસરો શિક્ષણક્ષેત્રે. પડવા માંડી છે. વર્ગખંડના શિક્ષણકાર્ય માટે. ટેક્નોલૉજીના પ્રદાનરૂપ વિવિધ ટેકનિકો કે પ્રયુક્તિઓનો આશ્રય લેવામાં આવે છે. વર્ગખંડના શિક્ષણને વધુ તેજસ્વી અને અસરકારક બનાવવા માટે વિવિધ પ્રયુક્તિઓનો આશ્રય લેવામાં આવે છે. આનાથી શિક્ષકની કાર્યક્ષમતામાં અને શિક્ષણની અસરકારકતામાં વૃધ્ધિ થાય છે. ટેક્નોલૉજીને લીધે વર્ગખંડમા શિક્ષણને અસરકારક બનાવવા માટે દિન-પ્રતિદિન નૂતન પ્રવિધિઓનું નિર્માણ થતું જાય છે. વિદ્વાનો અનેક સંશોધનો કરીને વિવિધપ્રયુક્તિઓ વિકસાવી શિક્ષણ જગતને ભેટ ધરે છે. શિક્ષણક્ષેત્રે જે વિવિધ સંશોધનો થયાં અને તેને પરિણામે જે પ્રવિધિઓ જન્મી તેમાંની એક પ્રવિધિને માઈક્રોટીચિંગ (Microteaching) કે સૂક્ષ્મ અધ્યાપન કહેવામાં આવે છે.

માઈક્રોટીચિંગ અંગેના ખ્યાલનો ઉદ્ભવ સને 1961માં કેલિફોર્નિયાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં થયો. આ યુનિવર્સિટીના પ્રાધ્યાપક વાઈટ એલર્ન સને 1963માં સૌપ્રથમ વખત માઈક્રોટીચિંગ શબ્દનો પ્રયોગ કર્યો. આ વિચારને વિકસાવવામાં આવ્યો. તેમણે પોતાના સહકાર્યકરોની મદદથી 1964–65માં માઈક્રોક્લીનીક ઊભું કર્યુ 1966 થી 1969 સુધીમાં - માઈક્રોટીચિંગના વિચારને વિકસાવવામાં તેમણે ભારે જહેમત ઉઠાવી, તેમણે સિધ્ધ કર્યું કે માઈક્રોટીચિંગ (સૂક્ષ્મ અધ્યયન) એ ભણાવવાની કોઈ પધ્ધતિ નથી, પણ કૌશલ્ય પ્રાપ્ત કરવાની એક પ્રક્રિયા છે.

સૂક્ષ્મ શિક્ષણ (માઈક્રોટીચિંગ) શિક્ષક પ્રશિક્ષણ માટેની અદ્યતન પ્રયુક્તિ છે. પ્રશિક્ષણ સંસ્થાઓમાં તાલીમ લેતા શિક્ષકો માટે પ્રાયોગિક પરિસ્થિતિમાં પ્રશિક્ષણ કૌશલ્ય પ્રાપ્ત કરવા માટેની એક પ્રવૃત્તિ છે. ટૂંકમાં, માઈક્રોટીચિંગ એટલે શીખવવાનું શીખવા માટેનું શિક્ષણ. આ કોઈ શિક્ષણ પધ્ધતિ (Teaching method) નથી પણ શીખવવા માટે શિક્ષકને કાર્યક્ષમ બનાવવા માટે સજ્જ કરવાની એક તાલીમ પ્રયુક્તિ છે.

ઈ.સ. 1963માં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં માઈક્રોટીચિંગનો ઉદ્ભવ થયો અને ત્યારબાદ આ ખ્યાલ વિકાસ પામતો ગયો. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક એલન ફ્લાઈટના આ ખ્યાલને વિકસાવવાના પ્રયાસોએ વિશ્વના અનેક નામી–અનામી શિક્ષણકારોનું ધ્યાન આકર્યું અને ત્યારથી માંડીને આજ સુધીમાં શિક્ષક–પ્રશિક્ષણની આ પ્રવિધિમાં અનેક કેળવણીકારો, સંશોધકો, અધ્યાપકો અને સંસ્થાઓએ આમાં રસ લીધો છે. શિક્ષણ પ્રશિક્ષણના કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગમાં લેવાયેલી આ પ્રવિધિ પ્રશિક્ષણાર્થીઓને વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરવામાં ઉપકારક નીવડી છે.

આ પ્રયુક્તિ એમ.એસ.યુનિર્વિસીટી, બરોડાના સેન્ટર ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝ ઈન એજ્યુકેશનમાં એક વર્ષ અને પ્રશિક્ષણ કોલેજ, અબોહર (પંજાબ) માં બે વર્ષ માટે પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવી આ સંસ્થાઓના માઈક્રોટીચિંગના સુખદ અનુભવને લીધે દેશભરની અન્ય યુનિવર્સિટીઓમાં1976થી પ્રશિક્ષણ મહાવિદ્યાલયોએ પ્રશિક્ષણ કાર્યક્રમના અંતર્ગત ભાગરૂપે પ્રાયોગિક કાર્યમાં માઈક્રોટીચિંગના પાઠોનો સમાવેશ કર્યો છે.

**●માઈક્રોટીચિંગનો અર્થ અને સંકલ્પના** :

સામાન્ય રીતે માઈક્રોનો અર્થ સૂક્ષ્મ અથવા નાનું એવો કરવામાં આવે છે. આથી માઈક્રોટીચિંગ પાઠનું પાઠ્યવસ્તુ ઓછું હોય, વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય, પાઠનો સમય ઓછો હોય તેને માઈક્રોટીચિંગ કહેવામાં આવે છે. માઈક્રોટીચિંગનો અર્થ અને સંકલ્પના સમજવા માટે આપણે માઈક્રોટીચિંગની વિવિધ વ્યાખ્યાઓ જોઈશું. માઈક્રોટીચિંગ એ નાના પાયા પરનો શિક્ષણનો પ્રયોગ છે.

(1) Microteaching is a scaled down teaching encounter in a class size and class time.'

**– Ellen Dwite**

વર્ગના કદ અને સમયની દૃષ્ટિએ માઈક્રોટીચિંગ એ માપી શકાય એવી અધ્યાપન પ્રક્રિયા છે.

**(2) કેલનબેક અને અન્ય (1967 – 69)**

'માઈક્રોટીચિંગ એ વર્ગશિક્ષણ માટેના શિક્ષકના વર્તનમાં ફેરફાર લાવવા માટેની અસરકારક પ્રયુક્તિ છે.

**(3) એલન અને ઈવ (1968)**

"માઈક્રોટીચિંગ નિયંત્રિત પરિસ્થિતિમાં વિશિષ્ટ શિક્ષણ વ્યવહાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને એક અધ્યાપન કૌશલ્યમાં પ્રાવીણ્ય મેળવી બીજા કૌશલ્યમાં આગળ વધવા શિક્ષણ વ્યવહાર કરાવે છે. માઈક્રોટીચિંગમાં શિક્ષણની પ્રક્રિયાઓ, સમય, પાઠની લંબાઈ અને વર્ગનું કદ નાના માપમાં હોય છે.

**(4) બ્રુસ (1968)**

"માઈક્રોટીચિંગ એ એક એવી શિક્ષણ આપવાની પ્રયુક્તિ છે કે જે શિક્ષકોને સુવ્યાખ્યાયિત કરાયેલા અધ્યાપન કૌશલ્યોને પાંચથી દસ મિનિટમાં કાળજીપૂર્વક આયોજન પામેલા પાઠોની શ્રેણીમાં નાના વિદ્યાર્થીઓના જૂથ સમક્ષ વિનિયોગ કરવાની અને બહુધા પાઠનાં પરિણામો વીડિયો ટેપ પર જોવાની તક પૂરી પાડે છે."

**(5) એલન અને રાયને (1969) માઈક્રોટીચિંગની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે.**

"Microteaching is a system of controlled practice which makes it concentrate on specific teaching behaviour and practice teaching under controlled conditions so that competence is acquired in one skill at a time before proceeding to another."

ઉપરોક્ત વ્યાખ્યા જેવી જ આ વ્યાખ્યા છે. માઈક્રોટીચિંગ એ એક એવી પ્રયુક્તિ છે કે જે નિયંત્રિત પરિસ્થિતિમાં વિશિષ્ટ પ્રકારના શિક્ષણ વર્તન પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે જેથી એક વખતે એક કૌશલ્યમાં ક્ષમતા પ્રાપ્ત કર્યા પછી બીજા કૌશલ્ય તરફ જઈ શકાય.

**(6) મેકોલમ અને લોક (1970)**

"માઈક્રોટીચિંગ એ રૂઢિગત શિયસ પ્રણાલીમાં પ્રવેશતાં પહેલાં શિક્ષક તેના વર્ગવ્યવારનાં કૌશલ્યોમાં પ્રાવીણ્ય મેળવવામાં સહાય કરનાર કાર્યક્રમ છે."

**(7) પેક અને ટુકર (1973)**

માઈક્રોટીચિંગ એ અધ્યાપન કૌશલ્યના વિકાસને સરળ બનાવવા વીડિયો રેકોર વાપરી પ્રતિપોષણ સાથે વિશિષ્ટ અધ્યાપન કૌશલ્યોને સંક્ષિપ્ત રીતે સમજવાની પ્રયુક્તિ છે.

**(8) પાણી અને શાહ**

'"કેટલાંક અધ્યાપન કૌશલ્યો જેવાં કે પ્રશ્નકૌશલ્ય, સુદૃઢીકરણ કૌશલ્ય, તેમજ અશાબ્દિક સંજ્ઞાઓ અને ઉદાહરણ કૌશલ્ય વિકસાવવા માઈક્રોટીચિંગ એક અસરકારક પ્રયુક્તિ છે."

**(9) ક્લીફ્ટ અને અન્ય (1976)**

"Microteaching is a teacher training procedure, which reduces the teaching situation to a simpler and more controlled encounter achieved by limiting the practice teaching to a specific skill and reducing teaching time and class size," **- clift.**

(10) માઈક્રોટીચિંગની વ્યાખ્યા આપતાં એક કેળવણી નિષ્ણાતે જણાવ્યું છે

"Microteaching is a teacher training technique in which the complexities of normal classroom teaching are simplified. It is considered as a miniaturised classroom teaching." માઈક્રોટીચિંગ એ શિક્ષકો માટેની પ્રશિક્ષણ પ્રયુક્તિ છે કે જે વર્ગખંડનાં અધ્યાપન કાર્યને સરળ બનાવે છે. તે વશક્ષણની લઘુ આવૃત્તિ છે. ઉપરની વ્યાખ્યાઓ

પરથી ફલિત થાય છે કે, માઈક્રોટીચિંગ એ વર્ગઅધ્યાપનની કોઈ પધ્ધતિ નથી, પરંતુ એ પ્રશિક્ષણ કાર્યક્રમને અસરકારક બનાવવા માટેનો પુખ્ત અભિગમ છે. માઈક્રોટીચિંગની સંલ્ક્યના નીચેના ત્રણ મહત્ત્વનાં લક્ષણોમાં જણાઈ આવશે.

- શિક્ષક કોઈ એક ચોક્કસ કૌશલ્યને કેન્દ્રમાં રાખે છે. શિક્ષક થોડા સમય માટે (છ મિનિટ) જ શીખવે છે.
- શિક્ષણકાર્યને અતિ સરળ અને નિયંત્રિત બનાવે.
- શિક્ષક અલ્પ સંખ્યા (પાંચ કે સાત) ના વિદ્યાર્થીઓને જ શીખવે
- શિક્ષક થોડુંક વિષયવસ્તુ (એકાદ મુદ્દો કે સંકલ્પના) શીખવે

આમ, માઈક્રોટીચિંગ યા સૂક્ષ્મ શિક્ષણ એ અધ્યાપન માટેની પ્રયુક્તિ છે કૌશલ્યકેન્દ્રી તાલીમ છે. આવા કૌશલ્યલક્ષી અભિગમનાં મહત્ત્વનાં લક્ષણો જોન એચ.મીરિ આ રીતે રજૂ કર્યાં છે.

**□જહોન એચ. મીરની ષ્ટિએ માઈક્રોટીચિંગનાં લક્ષણો** :

- નાના પાયા પરનો શિક્ષણનો નમૂનો
- તે દ્વારા અવલોકન ધારદાર બને.
- એકાદ નાની સંકલ્પના કે મુદ્દાનું શિક્ષણ
- એકાદ શિક્ષણ કૌશલ્યને વિકસાવે.
- પાંચ કે સાત વિદ્યાર્થીઓને જ શિક્ષક ભણાવે.
- પાંચથી સાત મિનિટ શિક્ષણકાર્ય થાય.
- શિક્ષણમાં વર્તનનું વસ્તુલક્ષી, સંખ્યાત્મક અને ગુણાત્મક વિશ્લેષણ શક્ય બને.

આ ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, સૂક્ષ્મ શિક્ષણ યા માઈક્રોટીચિંગ તાલીમાર્થી શિક્ષકો અને સેવારત શિક્ષકોમાં અધ્યાપન કૌશલ્યોને સચોટ રીતે વિકસાવવાની પ્રયુક્તિ છે.

પ્રશિક્ષણાર્થીએ મોટા જૂથવાળા વર્ગમાં અધ્યાપન કાર્યના સંદર્ભમાં અનેક પ્રકારનાં સંકીર્ણ વર્તનો કરવાનાં હોય છે. તેમના દ્વારા વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન ફેરફારો આવે છે. પરંતુ તેવાં વર્તનો કરતાં પહેલાં પ્રશિક્ષણાર્થીએ આચરવાનાં વિવિધ વર્તનો શુધ્ધ સ્વરૂપે અને અલગ અલગ રીતે તારવીને જાણી લેવાં જરૂરી છે. વધુમાં તેણે પ્રત્યેક વર્તન તરાહના સંદર્ભમાં ઉપયોગી કૌશલ્યો સમજીને હસ્તગત કરવાનાં હોય છે.

ટૂંકમાં, માઈક્રોટીચિંગ પ્રશિક્ષણાર્થી માટે વર્ગ–અધ્યાપનને લગતાં ઉપયોગી વર્તન ફેરફારોને સમજપૂર્વક, શુધ્ધ સ્વરૂપે અને અલગ-અલગ રીતે હસ્તગત કરવાનો મહાવરો મેળવવા માટેની અસરકારક પ્રયુક્તિ (Analytical Approach) છે.

◊માઈક્રોટીચિંગની સંકલ્પનાને વધુ સ્પષ્ટ કરતાં લક્ષણો નીચે મુજબ છે.

**(1) વિધાર્થીઓની સંખ્યા મર્યાદા:**

માઈક્રોટીચિંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા અતિ મર્યાદિત પ્રમાણમાં રાખવામાં આવે છે. લગભગ પાંચથી સાતની વિદ્યાર્થી સંખ્યા સમક્ષ પાઠ આપવામાં આવે છે.

**(2) સમયમર્યાદા :**

માઈક્રોટીચિંગના પાઠના સમયમર્યાદા પણ સૂક્ષ્મ (Micro) હોય છે. પ્રશિક્ષણાર્થી પાંચથી સાત મિનિટના સમયગાળામાં શિક્ષણ કાર્ય કરે છે.

**(3) પાઠ્ય વસ્તુ :**

માઈક્રોટીચિંગ દ્વારા શીખવવાનું પાઠ્યવસ્તુ કે વિષયાંગ કે એકમ પણ નાનો હોય છે. પાંચથી સાત મિનિટમાં શિક્ષણકાર્ય પૂરું થઈ શકે એવડો અતિ નાનો એકમ પસંદ કરવામાં આવે છે.

**(4) અધ્યાપન કૌશલ્યો :**

વિવિધ પ્રકારનાં અધ્યાપન કૌશલ્યોમાંથી મુખ્ય એક કે બે અથવા ત્રણ થી ચાર કૌશલ્યો પસંદ કરી, વારાફરતી એક એક કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી પાઠ આપવામાં આવે છે. આમ થવાથી એક કૌશલ્ય વધુ સારી રીતે હસ્તગત કરી શકાય છે.
આમ, માઈક્રોટીચિંગ એક કૌશલ્યલક્ષી અભિગમ છે.

**2.2 માઈક્રોટીચિંગમાં ઉપયોગી કૌશલ્યનો પરિચય**

**1. વિષયાભિમુખ**

**•પ્રસ્તાવના**:

વર્ગશિક્ષણ એક સંકુલ અને જટિલ પ્રક્રિયા છે. શિક્ષકે પોતાની અધ્યાપન પ્રક્રિયામાં વિવિધ પ્રકારનાં કૌશલ્યોનો ઉપયોગ કરવો પડે છે. સામાન્ય રીતે શિક્ષક વર્ગમાં જે કોઈ વિષયાંગ શીખવવા ઈચ્છતો હોય તેની શરૂઆત સારી રીતે થવી જોઈએ. શિક્ષક જે કંઈ શીખવવા માંગતો હોય તેની શરૂઆત તદ્દન સાહજિક અને રસમય રીતે થાય તો અધ્યાનકાર્ય સરળ અને સહજ બને છે. આ શરૂઆત માટે વિદ્યાર્થીઓનાં પૂર્વજ્ઞાન અને પૂર્વાનુભવો ધ્યાનમાં રાખીને નવા વિષયાંગની શરૂઆત કરવી જોઈએ. વિદ્યાર્થી નવું જ્ઞાન મેળવવા તત્પર થાય, તેમની જિજ્ઞાસાવૃતિ પ્રબળ બનીને જાગી ઊઠે તેવી મનોવૈજ્ઞાનિક ક્ષણો વર્ગખંડમાં ઊભી કરવી જોઈએ તો જ શિક્ષણ રસપ્રદ બને અને વિદ્યાર્થીઓ વિષય પ્રત્યે અભિમુખ થાય. વિદ્યાર્થીઓ નવું જ્ઞાન પ્રાપ્ત કરવા જિજ્ઞાસા દાખવે તેવી પરિસ્થિતિના નિર્માણને વિષયાભિમુખતા કહેવામાં આવે છે અને જે કૌશલ્ય દ્વારા આ પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે તેને વિષયાભિમુખ કૌશલ્ય (skill of set Induction ) કહેવામાં આવે છે.

**•વિષયાભિમુખ કૌશલ્યનો અર્થ** :

શિક્ષકે જે વિષય, વિષયાંગ કે મુદ્દો શીખવવાનો હોય તેના પ્રત્યે વિદ્યાર્થીઓને અભિમુખ કે અભિપ્રેરિત કરવાના કૌશલ્ય (યુક્તિ–પ્રયુક્તિ) ને વિષયાભિમુખ કૌશલ્ય કહેવામાં આવે છે.
વિષયાભિમુખ કૌશલ્ય હસ્તગત કરવામાં પ્રશ્નોત્તરી, સ્પષ્ટીકરણ, સુદ્રઢીકરણ, ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનો યોગ્ય રીતે ઉપયોગ કરતાં આવડવું જોઈએ.

**•વિષયાભિમુખ કૌશલ્યના હેતુઓ** :

વિષયાભિમુખ કૌશલ્યના હેતુઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.
•વિદ્યાર્થીઓને નવું જ્ઞાન મેળવવા તત્પર કરી શકાય.
•વિષયાભિમુખ પ્રક્રિયા દ્વારા શિક્ષક જે પાઠ કે મુદ્દો શીખવવાના છે તેના અનુસંધાનમાં વિદ્યાર્થીઓ સાથે જ્ઞાનાત્મક સ્તરે સંબંધ બાંધી શકાય.

•વિદ્યાર્થીઓનું અપેક્ષિત પૂર્વજ્ઞાન કે પૂર્વવર્તન ચકાસી તેનું નવા કે લક્ષ્યવર્તન વચ્ચે તાર્કિક અનુસંધાન કરી શકાય.
•વિદ્યાર્થીએ ક્યું નવું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે કે ક્યા લક્ષ્મવર્તન તરફ ગતિ કરવાની છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આપી શકાય.
•વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન અને નૂતન જ્ઞાન વચ્ચે અંતર ઘટાડી શકાય. વિદ્યાર્થીઓને વર્ગવ્યવહારમાં ભાગ લેવાની તક સાંપડે છે.
•વિદ્યાર્થી સરળતાથી નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે.
ટૂંકમાં, વિષયાભિમુખ કૌશલ્યના હેતુઓની બાબતમાં નીચેની બે મહત્ત્વની બાબતો સમાયેલી છે.
•જ્ઞાનાત્મક સ્તરે સંબંધ બાંધવો અને
•સંવેગાત્મક સ્તરે સંબંધ બાંધવો.
આમ, વિષયાભિમુખ કૌશલ્યના હેતુઓ આ કૌશલ્યનું મહત્ત્વ દર્શાવે છે.

**•વિષયાભિમુખ કૌશલ્યનાં ઘટકો** :

શિક્ષકે વિષયાભિમુખ કૌશલ્યના ઘટકને અસરકારક રીતે હસ્તગત કરવા માટે ઈચ્છનીય વર્તનો અંગે જાણી તેનો મહાવરો કરવો જોઈએ, એટલે કે આ વર્તનો વિષયાભિમુખ કૌશલ્યનાં ઘટકો ગણાય છે. જેમકે પૂર્વજ્ઞાનનો ઉપયોગ, યોગ્ય પ્રયુક્તિનો ઉપયોગ, હેતુઓ સાથેની સુસંગતતા આ વર્તનો ઈચ્છનીય ગણાશે. જ્યારે વિષયાભિમુખ કૌશલ્ય માટે અવરોધક વર્તનને અનિચ્છનીય વર્તન કહે છે. જેમાં સાતત્યભંગ અને કૃત્રિમ રીતે મથાળું (શીર્ષક) કઢાવવું વગેરે નો સમાવેશ થાય છે.

**2. શ્યામફલક કાર્ય**

**●પ્રસ્તાવના:**

કાળુ પાટિયું એ શિક્ષકનું મહત્ત્વનું ઉપકરણ છે. કા.પા.(Chalk board) એ શિક્ષકને સહેલાઈથી ઉપલબ્ધ થતું મહત્ત્વનું સાધન છે. શિક્ષકનો એ પરમ મિત્ર અને સહૃદયી સાથીદાર છે. વર્ગખંડનું એ આભૂષણ છે. વિદ્યાર્થીઓમાટે એ શાનદાતા છે . વર્ગખંડના અધ્યાપનમાં તેનો અનેક રીતે ઉપયોગ થઈ શકે છે. દશકના વર્ગકાર્યનો એ લિખિત દસ્તાવેજ (Written document) છે, તે શિક્ષકનો પરિશ્રમ અને પ્રતિભાનું પ્રતિબિંબ પાડે છે. વર્ગખંડના શિક્ષાને અસરકારક અને રસપ્રદ બનાવવામાં તે મહત્ત્વનો ફાળો આપે છે. તે વર્ગખંડમાં વિદ્યાર્થીઓની દ્વિતીય શિક્ષક છે. શિક્ષકના શિક્ષણને અને અધ્યેતાના અધ્યયનને અસરકારક બનાવવામાં તે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**●કા.પા. કૌશલ્ય : અર્થ**

અસરકારક કા.પા. નોંધ કરવાના શિક્ષકના કૌશલ્યને કા.પા. કાર્ય કૌશલ્ય કરવામાં આવે છે.

**●શ્યમફલકનોંધ કૌશલ્ય : મહત્ત્વ**

કાળા પાટિયાને કૃષ્ણકલક, ચોકબોર્ડ પણ કર્યો છે.
કૃષ્ણાક નોંધનું કૌશલ્ય કેળવવાથી....

●જે-તે વિષયવસ્તુની સરળતાથી લેખિત સ્પષ્ટતા કરી શકાય છે.

●તેના પર આકૃતિ, રેખાચિત્ર, આલેખ, નકશા વગેરેનું આલેખન કરી વિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજ આપી શકાય છે.

●શિક્ષક બોલે, પછી પ્રશ્ન પૂછે, વિદ્યાર્થી ઉત્તર આપે, શિક્ષક નોંધ કરે આર્થી વિદ્યાર્થીઓના જ્ઞાનનું ઝડપથી ઢીકરણ થાય છે.

●અધ્યાપન મુદ્દાસર અને ક્રમિક બને છે.

●અધ્યાપન પ્રક્રિયામાં સ્પષ્ટતા, ચોકસાઈ અને વૈવિધ્ય લાવી શકાય છે.

●કા.પા. પર ક્રમિક મુદ્દાઓની નોંધ વિવિધ સ્વરૂપે કરી શકાય છે.

●અગત્યના મુદ્દાઓ કે બાબતો તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.

●અપરિચિત શબ્દો, કેડિકાઓ, વ્યાખ્યાઓ અને સિદ્ધાંતોનું આલેખન કરી અઘરા મુદ્દાઓને સહેલાઈથી સમજાવી શકાય છે.

● શ્રાવ્ય અસરો કરતાં દૃશ્ય અસરો વધુ ચિરંજીવ હોય છે. વિદ્યાર્થીઓ બોલાયેલું જલ્દી ગ્રહણ કરી શકતા નથી. લખાયેલું ત્વરિત ગ્રહણ કરે છે.

● ચર્ચા દરમિયાન, રજૂ થતા નવા શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો, વ્યાખ્યાઓ, નિયમો વગેરેની નોંધ કરી તેમના વિશે સ્પષ્ટતા કરી શકાય છે.

● વર્ગઅધ્યાપન દરમિયાન રજૂ થતા દશ્ય-શ્રાવ્ય અનુભવોનું સમગ્રતયા સંયોજન થઈ શકે છે.

● ચર્ચા દરમિયાન રજૂ થતી માહિતીનું કોઠા કે સૂત્રાત્મક સ્વરૂપે વર્ગીકરણ કરી શકાય છે અને માહિતીની તુલના કરી શકાય છે.

● સમગ્ર પાઠના વિકાસ અંગે જાણી શકાય છે .

● વર્ગના વિદ્યાર્થીઓની સક્રિયતા વધારી શકાય છે.

● ગણતરીની વિવિધ રીતો ટૂંકમાં પધ્ધતિસર રજૂ કરી શકાય છે.

●કા.પા. કાર્ય કૌશલ્યનાં ઘટકો :

કા.પા. કાર્ય કૌશલ્યમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.
1 હસ્તાક્ષરોની સુવાચ્યતા (Legibility of hand writing)
2. કા.પા. કાર્યની સ્વચ્છતા (Neatness in B.B. work)
3. કા.પા. કાર્યની યોગ્યતા (Appropriateness in B.B.Work)

**3 ઉદાહરણ કૌશલ્ય :**

**●પ્રસ્તાવના:**

શિક્ષક પોતાના વર્ગખંડના શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને અમૂર્ત ખ્યાલો સિદ્ધાંતો કે વિચારોનું શિક્ષણ આપે છે. તેણે પોતાની અસરકારક રજૂઆત દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપવાની હોય છે. કેટલીકવાર શિક્ષક અમૂર્ત ખ્યાલો કે વિચારોની શાબ્દિક રજૂઆત કરે છે. ત્યારે વિદ્યાર્થીઓ તે બાબતને પૂર્ણ રીતે સમજી શક્તા નથી. આ સંજોગોમાં શિક્ષકે કોઈ વિચાર, કોઈ ખ્યાલ કે અમૂર્ત વિચારને સમજાવવા માટે ઉદાહરણો કે દૃષ્ટાંતોનો આશ્રય લેવો પડે છે. ઉદાહરણો કે દષ્ટાંતોના યથાયોગ્ય ઉપયોગથી શિક્ષકનું શિક્ષણકાર્ય જીવંત અને રસપ્રદ બને છે. વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત થાય છે, અને વિદ્યાર્થીઓની જે-તે બાબત અંગેની સમજ સારી રીતે વિકસી શકે છે. ઉધ્ધહરણો કે દૃષ્ટાંતોના ઉપયોગથી વિદ્યાર્થીઓને અધ્યયનમાં રસ પડે
છે. તે સતત ધ્યાન આપે છે, તેથી ઉદાહરણોનો ઉપયોગ વિદ્યાર્થીઓને સમજ આપવા જરૂરી બને છે. જે શિક્ષા કૌશલ્ય દ્વારા શિક્ષક સારી રીતે ઉદાહરણો 1 દષ્ટાંતોનો વર્ગખંડમાં યોગ્ય ઉપયોગ કરી શકે તેને ઉહરણ કૌશલ્ય કહેવામાં આવે છે.

● **ઉદાહરણનો અર્થ** :

પદાર્થ કે પરિસ્થિતિ જેમાં સિદ્ધાંત, વિચાર કે ખ્યાલ લાગુ પડતો હોય તો તે ઉદાહરણ કહેવાય છે.
"Extriples are situations or objects in which principles, ideasor concepts are being applied."

દા.ત. બાષ્પીભવનનો ખ્યાલ પાણી, સ્પિરીટ કે ઈથરને ખુલ્લું મૂક્વાથી વાયુરૂપે ઊડી જવાની ક્રિયામાં લાગુ પડે છે, તેથી તે ઉદારણ કહી શકાય.
ઉદાહરણ કીશલ્યનો અર્થ :
વર્ગના શિક્ષણકાર્યમાં અમૂર્ત વિચારી કે અમૂર્ત વિષયવસ્તુને દષ્ટાંતો કે ઉદાહરણો દ્વારા રજૂ કરવાના કૌશલ્યને ઉદાહરણ કૌશલ્ય તરીકે ઓળખવામાં આવે છે.
"The skill of illustrating with Examples involves describing an idea, concept or principle by using various types of examples."

**●ઉદાહરણ કૌશલ્યનું મહત્વ:**

શિક્ષણમાં ઉદાહરણ કૌશલ્યનો ઉપયોગ કરવાથી...

●વિદ્યાર્થીઓ જે તે વિષયમાં ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

●તેમને શિક્ષણકાર્યમાં રસ પડે છે.

●વિદ્યાર્થીઓને જ્ઞાત થી અજ્ઞાત તરફ લઈ જઈ શકાય છે.

●વિદ્યાર્થીઓની સમજશક્તિ અને અર્થગ્રહણ શક્તિનો વિકાસ થાય છે.

●કઠિન કે અઘરા મુદ્દાઓને સરળ બનાવી શકાય છે. ખ્યાલ કે અમૂર્ત વિચારની સ્પષ્ટતા થાય છે.

●વિદ્યાર્થીઓ સક્રિય રીતે શિક્ષણમાં ભાગ લેતા થાય છે.

●કથનને સરળ, સ્પષ્ટ અને રસપ્રદ બનાવી શકાય છે.

**□ઉદાહરણ કૌશલ્યના મુખ્ય ઘટકો:**

ઉદાહરણ કૌશધ્યનાં મુખ્ય ઘટકો નીચે પ્રમાણે દર્શાવી શકાય:

● યોગ્ય અને સરળ ઉદાહરણની રચના કરવી.

●સિદ્ધાંત, નિયમ હે ખ્યાલ સાથે સુસંગત ઉદાહરણની રચના કરવી.

●રસપ્રદ ઉદાહરણની રચના

●ઉદાહરણની રજૂઆત માટે યોગ્ય માધ્યમનો ઉપયોગ.

●આગમન –નિગમન સંયુકત પધ્ધતિ દ્વારા ઉદાહરણની રજૂઆત.

**4. પ્રશ્નપ્રવાહિતા**

**●પ્રસ્તાવના**

શિક્ષણમાં વિદ્યાર્થીઓને સક્રિય રીતે ભાગ લેતા કરવા માટે પ્રશ્નો પૂછવા જોઈએ, કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, સાન પ્રાપ્તિનો મહત્ત્વનો માર્ગ પરિમલ્નેન સેવયા છે. ધાર્મિક પઠનની શરૂઆત પણ મોટેભાગે પ્રશ્નોથી થાય છે સોક્રેટિસના જમાનાથી આજદિન સુધી પ્રશ્નોત્તરી પ્રયુક્તિનો મોટેભાગે ઉપયોગ થઈ રહ્યો છે. કોલ્વિન જણાવે છે કે પ્રશ્ન એ સૌથી ઉત્તમ ઉત્તેજક છે અને તે શિક્ષકને તાત્કાલિક ઉપલબ્ધ છે' અધ્યાપનક્રિયામાં વિદ્યાર્થીને વધુ સક્રિય બનાવવામાં પ્રશ્નનો આગવું મહત્ત્વ ધરાવે છે. પ્રશ્ન પ્રયુક્તિને અસરકારક બનાવવા માટે પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય, પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય, બાવિધ પ્રશ્ન કૌશલ્ય અને ઉચ્ચ કક્ષાના પ્રશ્નો પૂછવાના કૌશલ્ય અનિવાર્ય બને છે.

**●પ્રશ્ન કૌશલ્યનો અર્થ**

અધ્યાપન કાર્યમાં સમજૂતી, કથન, સુકો, આકૃતિ, હાવભાવ કે અન્યની મદદ વગર કોઈપણ એકમ કે વિષયાંગમાં સમાવિષ્ટ થયેલા મુદ્દાઓ, પેટા મુદ્દાઓ, લક્ષો, કાર્યકારણ સંબંધ, વ્યાખ્યાઓ કે સંકલ્પનાઓ, નિયમો, સિદ્ધાંતો, લાભ–ગેરલાભ, ખૂબીઓનું મહત્ત્વ રહ્યું છે અધ્યાપન કાર્યમાં પ્રશ્નોત્તરી કે ખામીઓ દર્શાવવા તેમજ અનુચિત ઉત્તરોને યોગ્ય ઉત્તરોમાં ફેરવવા માટે પૂછવામાં આવતા પ્રશ્નો અથવા પ્રશ્ન પૂછવાની પ્રક્રિયાને પ્રશ્નકૌશલ્ય (Skill of Questioning) કહેવામાં આવે છે.

**◇પ્રશ્નૌશલ્યનું મહત્ત્વ:** અધ્યાપનમાં પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય ખૂબજ મહત્ત્વનું છે. આ કૌશલ્ય પ્રાપ્ત કરવાથી શિક્ષકનું અધ્યાપન અસરકારક અને આકર્ષક બને છે. શિક્ષણકાર્યમાં તેનું આગવું મહત્ત્વ છે.

●પ્રશ્ન કૌશલ્ય કેળવવાથી વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન જાણી શકાય છે.

●કોઈ બાબત કે મુદ્દા પરત્વે વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.

●વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃતિ જાગૃત કરી શકાય છે, વિચાર કરવાપ્રેરી શકાય.

●બાળકો શીખવેલી વસ્તુ શીખ્યા છે કે નહિં, તેનો ખ્યાલ આવે.

●વર્ગવ્યવહાર સુધારી શકાય.

●વિદ્યાર્થીઓની તર્કશક્તિ અને વિશ્લેષણાત્મક શક્તિનો વિકાસ થાય.

●વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ કેળવી શકાય, અધ્યેતાની સહભાગિતા વધારી શકાય.

●કથનથી નીપજતો કંટાળો દૂર કરી શકાય.

●અધ્યાપન અસરકારક બને.

○**પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યનાં ઘટકો**:

આપણે પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યમાં નીચેની બાબતો પર ખાસ ભાર મૂકવો જોઈએ.

●સમય મર્યાદા નિર્ધારિત હોય છે.

●મર્યાદિત સમયમાં બને તેટલા વધુ ક્રમિક અને તાર્કિક પ્રશ્નો પૂછવાના છે.

●ભાષાકીય દૃષ્ટિએ શુદ્ધ, ટૂંકા, સ્પષ્ટ અને વિષયને અનુરૂપ પ્રશ્નો. હોવા જોઈએ.

● પ્રશ્નો અર્થપૂર્ણ હોવા જોઈએ.

પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યમાં ખાસ કરીને નીચેનાં ત્રણ ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે.

●પ્રશ્નનું બંધારણ (Structure) ભાષાકીય દૃષ્ટિએ શુદ્ધ, ટૂંકા, સ્પષ્ટ અને સુસંગત પ્રશ્નો.

●પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા (Process) પ્રશ્નની રજૂઆત

●પ્રશ્નનું ઉત્પાદન (Product) પ્રશ્નને પરિણામે આવતા ઉત્તરી.

ઉપરનાં ત્રણે ઘટકોનો આપણે ક્રમશઃ વિચાર કરીશું.

(અ) પ્રશ્નનું બંધારણ (Structure) : ખાસ કરીને નીચેનાં લક્ષણો ધરાવતા પ્રશ્નોને બંધારણની દૃષ્ટિએ યોગ્ય ગણવામાં આવે છે.

☆પ્રશ્નો વ્યાકરણ અને ભાષાની દૃષ્ટિએ શુદ્ધ હોવા જોઈએ.

☆ તે ટૂંકા અને સ્પષ્ટ હોવા જોઈએ, સંક્ષિપ્તતા ધરાવતા હોવા જોઈએ.

☆જે મુદ્દો શીખવવાનો હોય તેમની સાથે સુસંગત હોવા જોઈએ.

☆ઉત્તરની દૃષ્ટિએ સુનિશ્ચિતતા ધરાવતા હોવા જોઈએ એટલે કે દરેક પ્રશ્નનો એક જ ઉત્તર સુનિશ્ચિત હોવો જોઈએ.

☆તે ક્રમિક અને પરસ્પર સંબંધિત હોવા જોઈએ.

☆તે તર્કબદ્ધ અને સચોટ હોવા જોઈએ.

**દૃષ્ટાંત :**

☆ગાંધીજીનો જન્મ ક્યાં થયો હતો ?

☆ભારતના હાલના વડાપ્રધાન કોણ છે ?

☆આપણો સ્વાતંત્ર્યદિન આપણે ક્યા દિવસે ઊજવીએ છીએ ?

☆આપણા શરીરના મુખ્ય ભાગો ક્યા ક્યા છે ?

આમ પ્રશ્નબંધારણમાં વ્યાકરણની દૃષ્ટિએ તેમજ ભાષાની દૃષ્ટિએ જે પ્રશ્ન શુદ્ધ હોય તેનો જ સમાવેશ થઈ શકે.
પ્રશ્ન સંક્ષિપ્ત હોવો જોઈએ. બિનજરૂરી શબ્દો ટાળવા જોઈએ.
આ પ્રશ્ન વાંચો.
તમારામાંથી કોણ જાણે છે કે ભારતના વડાપ્રધાન કોણ છે? આમાં લીટી દોરેલાં શબ્દોનો બિનજરૂરી ઉપયોગ થયો છે. આથી આ પ્રશ્ન ટૂંકો યા સંક્ષિપ્ત કહી શકાય નહિ. આથી પ્રશ્નોમાં બિનજરૂરી શબ્દોનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. પ્રશ્ન ખૂબ જ સ્પષ્ટ હોવો જોઈએ. તે તદ્દન અસંદિગ્ધ હોય.
જેમકે……
1. ઈંદિરા ગાંધી કોણ હતાં ?
2. સૂર્યગ્રહણ વિશે તમે શું જાણો છો ?
આવા પ્રશ્નોના વિવિધ અને જુદા જુદા ઉત્તરો હોઈ શકે, તેમના ઉત્તરો અસ્પષ્ટ મળે છે. માટે પ્રશ્ન એવો હોવો જોઈએ કે તેનો માત્ર એક ઉત્તર હોય. પ્રશ્નો સ્પષ્ટ અને અસંદિગ્ધ હોવા જોઈએ.
પ્રશ્ન વિષયવસ્તુને સુસંગત હોવા જોઈએ.
શિક્ષક 'વૃક્ષપ્રેમ' વિશે શીખવતા હોય ત્યારે નીચેના પ્રશ્નો પૂછે છે.આ પ્રશ્નો વાંચો અને વિચારો કે તે વિષય સાથે કેટલા પ્રમાણમાં સુસંગત છે ?
1. આપણે વનમહોત્સવ માથી ઊજવીએ છીએ ?
2. વૃક્ષો આપણને કઈ રીતે મદદરૂપ થાય છે ? 3. વૃક્ષોનાં અંગો ક્યાં ક્યાં ?
4. કાળીની રચના દેવી હોય છે ?
5. પાનના પ્રકાર ક્યા ક્યા ?
ઉપરના પ્રશ્નો વાંચીને ખ્યાલ આવે છે કે પ્રથમ બે પ્રશ્નો સુસંગત છે, જયારે બાકીના વિષયને અસંગત છે.
(બ) પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા (process)

પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા એટલે વર્ગમાં અધ્યાપન કરતી વખતે શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રશ્નની રજૂઆત કરવાની અને તેના ઉત્તરો સ્વીકારવાની રીત.

પ્રશ્ન પૂછવાની બાબતમાં શિક્ષકે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

પ્રશ્નની રજૂઆત સમગ્ર વર્ગસમક્ષ કરવી. બધા જ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લઈ શકે અને તેઓ સક્રિય રહી શકે તે માટે શિક્ષકે પ્રશ્નની રજૂઆત સમગ્ર વર્ગ સમક્ષ જ કરવી જોઈએ. કોઈ ચોક્કસ વિદ્યાર્થીને ઊભો કરીને પ્રશ્ન પૂછવો જોઈએ નહીં.

- **પ્રશ્નનું પુનરાવર્તન ટાળવું જોઈએ.**

શિક્ષકે એકવાર પ્રશ્ન પૂછ્યા પછી થોડોક સમય વિચારવા માટે આપવો જોઈએ. ઉતાવળમાં એનો એ જ પ્રશ્ન ફરીથી પૂછીને પુનરાવર્તન ન કરવું જોઈએ. પ્રશ્નનું પુનઃ પુનઃ આવર્તન કરવાથી વિદ્યાર્થીઓ બેધ્યાન બની જાય છે.

- **પ્રશ્ન પૂછ્યા પછી થોડોક સમય શાંતિ જાળવવી.**

વર્ગના વિદ્યાર્થીઓ સમક્ષ એકવાર પ્રશ્ન મૂક્યા પછી શિક્ષકે થોડોક સમય શાંતિ રાખી પ્રશ્નના ઉત્તર,માટે રાહ જોવી જોઈએ. આમ થવાથી વિદ્યાર્થીઓ થોડોક સમય વિચારીને પ્રશ્નનો જવાબ આપી શકશે.

- **પ્રશ્નની રજૂઆત યોગ્ય ઝડપે કરવી.**

કેટલીકવાર કેટલાક શિક્ષકો પ્રશ્ન પૂછતી વખતે અતિશય ઝડપથી પ્રશ્ન પૂછે છે, યા તો અતિ મંદ ગતિથી પ્રશ્ન પૂછે છે. એક સાથે અતિ ઝડપથી પ્રશ્નોની ફૂલઝડી વરસાવી ન શકાય અને પ્રશ્ન પૂછતી વખતે બહુ ધીમે ધીમે બાળકો પ્રશ્નની પ્રતીક્ષા કરે તે રીતે પણ પ્રશ્નો પૂછી ન શકાય. પ્રશ્ન યોગ્ય ઝડપે પૂછાવો જોઈએ. તે અતિ ઝડપે કે અતિ મંદ ઝડપે પણ પૂછવા ન જોઈએ.

- **સુશ્રાવ્ય અવાજે પ્રશ્નની રજૂઆત કરવી.**

પ્રશ્ન પૂછતી વખતે શિક્ષકનો અવાજ માફકસરનો હોવો જોઈએ. તેનો અવાજ વર્ગમાં અંતિમ પાટલી પર બેઠેલો વિદ્યાર્થી સાંભળી શકે તેવો હોવો જોઈએ. વર્ગનાં બધાં બાળકો સાંભળી શકે તેવો હોવો જોઈએ. વર્ગના બધાજ વિદ્યાર્થી સાંભળી શકે તેવા સુશ્રાવ્ય અવાજે સારી રીતે સાંભળી શકાય તેવી રીતેપ્રશ્નની રજૂઆત થવી જોઈએ. તેમાં યોગ્ય આરોહ-અવરોહ, ધ્વનિમાધુર્ય પણ જાળવાવું જોઈએ.

- **મહત્ત્વના શબ્દો પર યોગ્ય ભાર મૂક્યો.**

દરેક પ્રશ્નમાં કેટલાંક પ્રશ્નસૂચક શબ્દો અતિ મહત્ત્વના હોય છે. તેથી તેવા શબ્દો પર ઉચિત ભાર મૂકીને પ્રશ્ન પૂછવામાં આવે તો વિદ્યાર્થીઓ સહેલાઈથી તે પ્રશ્નને સમજી શકે છે. અને પ્રશ્નના હાર્દ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. આથી પ્રશ્નમાં મહત્ત્વના શબ્દો પર યોગ્ય ભાર મૂકવો જોઈએ. જેમકે..

1. કોદરે શાંતિલાલનું ઘર શા માટે છોડયું ?

2.પર્યાવરણની જાળવણી કોણ કરે ?

ઉપરોક્ત પ્રશ્નોમાં જે શબ્દો નીચે લીટી દોરી છે, તે શબ્દો પર યોગ્ય ભાર મૂકાવો જોઈએ. આથી શિક્ષકની રજૂઆત અસરકારક બને છે. જો આમ ન થાય તો શિક્ષક કોઈ વિધાનની રજૂઆત કરતા હોય તેમ લાગશે અને પ્રશ્નની રજૂઆત બિનઅસરકારક નીવડશે.

- **પ્રશ્નની રજૂઆત યોગ્ય હાવભાવ સાથે થવી જોઈએ.**

શિક્ષકના પ્રશ્ન પૂછતી વખતના યોગ્ય હાવભાવથી વિદ્યાર્થીઓ સહેલાઈથી પ્રશ્ન સમજી જાય છે. હાવભાવ દ્વારા વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે શિક્ષક પ્રશ્નની યોગ્ય હાવભાવ સાથે રજૂઆત કરે તો તે અસરકારક નીવડે છે.

**(ક) પ્રશ્નની નિષ્પત્તિ (outcome) :**

વિદ્યાર્થી દ્વારા પ્રશ્નના ઉત્તર દ્વારા મળતા પ્રતિચારને પ્રશ્નની નિષ્પત્તિ કહે છે. શિક્ષકે વિદ્યાર્થીઓને પૂછેલા પ્રશ્નો બંધારણ અને પ્રક્રિયાની દૃષ્ટિએ સુયોગ્ય હોવા છતાં કોઈવાર અપેક્ષિત ઉત્તરો મળતા નથી. એ માટે નીચે દર્શાવ્યા જેવાં કારણો જવાબદાર ગણાવી શકાય.

1. પ્રશ્નનું કઠિનતામૂલ્ય ઊંચું હોય.
2. પ્રશ્નમાં વિદ્યાર્થીઓને રસ ન પડ્યો હોય અને તેથી તેઓ બેધ્યાન રહેતા હોય.
3. પૂછેલો પ્રશ્ન જરૂરી પૂર્વજ્ઞાન સાથે સુસંગત ન હોય,
4. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે આત્મિયતા સ્થપાયેલી ન હોય,
5. પ્રશ્ન ખામીયુક્ત હોય.

વિદ્યાર્થીઓના અનુત્તરિત વર્તનમાં ઉપરોક્ત કારણો જેવાં કારણો શોધી શિક્ષકે તેમને દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. એ માટે શિક્ષક પર્યાવરણનું અવલોકન કરવું જોઈએ અને નિરીક્ષકો–માર્ગદર્શકો સાથે પ્રત્યક્ષ વાતચીત કરવી જોઈએ. વધુમાં શિક્ષકે ખામીવાળા પ્રશ્નો ન પૂછવા જોઈએ.

---

**5.સુદઢીકરણ :**

**●પ્રસ્તાવના:**

વર્ગમાં અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સતત શાબ્દિક અને અશાબ્દિક વ્યવહાર થતો રહે છે. તેને પરિણામે વિદ્યાર્થી સ્વયં શીખવા પ્રવૃત્ત બને છે. શિક્ષક જ્યારે વિદ્યાર્થીના વર્તનનું સમર્થન કરે છે ત્યારે અધ્યયન અભિમુખતા વધે છે. આમ થવાથી વિદ્યાર્થી વધુ સક્રિય બને છે. શિક્ષકે ખાસ કરીને વિદ્યાર્થીને પોતાની શિક્ષણપ્રક્રિયા દ્વારા વધુ સક્રિય બનાવીને વધુ ભાગ લેતો કરવો જોઈએ. આ માટે શિક્ષકે પણ પોતાનાં વર્તનોમાં આવશ્યક પરિવર્તનો કરવાં જોઈએ. તેનાં વર્તનો દ્વારા વિદ્યાર્થી વધુમાં વધુ પ્રોત્સાહિત થાય, શિક્ષણની પ્રક્રિયામાં ભાગ લે તે વધુ ઈચ્છનીય છે. તેને ક્યારેય હતોત્સાહ કે હતાશ કરવો જોઈએ નહીં. શિક્ષક વિદ્યાર્થીના વર્તનનું સમર્થન કરે છે ત્યારે વર્તનનું સુદ્દઢીકરણ થાય છે. કેટલીકવાર વિદ્યાર્થી પ્રશ્નોનો સાચો ઉત્તર ન આપે ત્યારે શિક્ષક તેને ઉતારી પાડે છે કે હડધૂત કરે છે અથવા ઠપકો આપે છે. શિક્ષકનું આવું વર્તન વિદ્યાર્થીને હતોત્સાહિત કરે છે.
પ્રસ્તુત પ્રકરણમાં સુદ્દઢીકરણ કૌશલ્યની ચર્ચા કરવામાં આવી છે. આ કૌશલ્યના સંદર્ભમાં તેનો અર્થ, સુદ્દઢીકરણના કૌશલ્યનાં ઘટકો અને તેના ઉપયોગ વિશે ચર્ચા કરીશુ.

**●સુદ્દઢીકરણ કૌશલ્યનો અર્થ:-**

વિદ્યાર્થીઓ વર્ગની પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ પ્રમાણમાં ભાગ લે, તે માટે શિક્ષકે વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થાય તેવી પ્રક્રિયા વધારેને વધારે પ્રમાણમાં કરવાની તેમજ વિદ્યાર્થીઓ હતોત્સાહ થાય તેવી પ્રક્રિયા ઓછામાં ઓછા પ્રમાણમાં કરવાનું કૌશલ્ય સુદ્દઢીકરણ કૌશલ્ય કહેવાય છે.
"It is the skill on the part of the teacher to use positive reinforcers and to avoid the negative rerinforcers so that the pupils participate to the maximum in the classroom activities. "

**●સુર્દઢીકરણ કૌશલ્યનું મહત્ત્વ** : આ કૌશલ્યના વિકાસથી.........

○વિદ્યાર્થીઓને શિક્ષણની પ્રક્રિયામાં વધુ ભાગીદાર બનાવી શકાય છે.

○ વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં સક્રિય થાય છે.

○વિષયવસ્તુ પરત્વે વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.

○યોગ્ય સુદ્દઢકોના ઉપયોગથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડી શકાય છે.

○ વિદ્યાર્થીઓની વર્તણૂક પર નિયમન લાવી શકાય છે. તેમને યોગ્ય વર્તન માટે પ્રોત્સાહિત કરી શકાય છે.

શિક્ષક વર્ગઅધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કે હતોત્સાહિત કરવા માટે જે યુક્તિ-પ્રયુક્તિઓનો ઉપયોગ કરે છે, તેને સુદ્દઢકો (reinforcers) કહે છે.
શિક્ષક વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા જે સુદ્દઢકોનો ઉપયોગ કરે છે તેમને હકારાત્મક સુદ્દઢકો કહે છે અને વિદ્યાર્થીઓને નિરુત્સાહી કે હતોત્સાહી કરવા માટે જે સુદ્દઢકોનો ઉપયોગ કરે છે તેમને નકારાત્મક સુદ્દઢકો કહે છે.

**□ હકારાત્મક સુદંઢકો (Positive reinforcers) :**

હકારાત્મક સુદ્દઢકો બે પ્રકારના છે.

**(1) શાબ્દિક**

**(2) અશાબ્દિક**

**(1)હકારાત્મક શાબ્દિક સુદ્દઢકો :**

વિદ્યાર્થીના વર્તન, વ્યવહાર અને પ્રતિચારને સુદ્દઢ બનાવવા પ્રશંસા કે પ્રોત્સાહન આપતા શબ્દોનો ઉપયોગ હકારાત્મક શાબ્દિક સુદ્દઢકો કહેવાય છે. જેમકે, વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા શિક્ષક પ્રોત્સાહન આપતા શબ્દો કે વિધાનોનો ઉપયોગ કરે છે. જેમકે સારું, શાબાશ, ધન્યવાદ, હું...હં..., સુંદર, આગળ વધો, તમે તદ્દન સાચું કહ્યું, સરસ પ્રયાસ....વગેરે.

**(2) હકારાત્મક આશાબ્દિક સુદ્દઢકો:**

પ્રશ્નોત્તરી વેળાએ જ્યારે વિદ્યાર્થી ઉત્તરી આપે છે ત્યારે શિક્ષક વિદ્યાર્થી સામે જુએ છે અને કારમાં સ્મિત કરે છે. તે પોતાના ચહેરાના હાવભાવ, શારીરિક હલનચલન, હાથના હલનચલન વડે હકારાત્મક અશાબ્દિક કે હાવભાવાત્મક સુદ્દઢીકરણ પૂરું પાડે છે. શિક્ષક ક્યારેક સ્મિત કરે છે. વિદ્યાર્થીની સામે જુએ છે, આશ્ચર્યચકિત થાય છે. આંખનો પલકારો કરે છે, તે કેટલીકવાર માથું હલાવે છે. વિદ્યાર્થીની પીઠ થાબડે છે, પાટિયા પર વિદ્યાર્થીનો ઉત્તર નોંધે છે.

□**નકારાત્મક સુદ્દઢકો** (Negative Reinforcers): નકારાત્મક સુઢકોના બે પ્રકાર પાડી શકાય.

(1) નકારાત્મક શાબ્દિક સુદ્દઢકો

(2) નકારાત્મક અશાબ્દિક સુદ્દઢકો

(1) નકારાત્મક શાબ્દિક સુદ્દઢકો :

વિદ્યાર્થીને નિરુત્સાહી બનાવવા કે તેનું : અવમૂલ્યન કરવા શિક્ષક કેટલીકવાર નિંદામુક્ત શબ્દો, અર્થહીન વિધાનો કે અસ્પષ્ટ વિધાનો કરે છે. આ પ્રકારનાં સુદ્દઢકો નકારાત્મક શાબ્દિક સુદ્દઢકો કહેવાય છે.

*(અ) નિંદાયુક્ત શબ્દો :

મૂર્ખ, ગધેડો, ઉલ્લુ, બેવકૂફ, બહેરો, અક્કલ વગરનો, નંગ જેવો, નાલાયક...વગેરે શબ્દોનો ઉપયોગ

* (બ) અર્થહીન વિધાનો : બેસી જા, ઊભો રહે, આમ ન કર, ટક ટક બંધ કર, બુદ્દિધ વગરનો,

*(ક) અસ્પષ્ટ વિધાનો : શિક્ષક વિદ્યાર્થીની ટીકા કરે ચા કટાક્ષ કર્યુ. વર્ગમાં તેને ઉતારી પાડે થા તેની માનહાનિ કરે તેવાં વિધાનો કરે છે.

બસ, બાપાના બગીચામાં ફર્યા કરી, સાવ ગપ્પુ માર્યું, આવડતું નથી ને રોક મારે છે, બસ યાં કરી, આ કોણ તારો બાપ કરશે... વગેરે...

**(2) નકારાત્મક અશાબ્દિક સુદ્દઢકો :**

અહીં શિક્ષક વિદ્યાર્થીએ આપેલા ખોટા પ્રતિચારનો અસ્વીકાર દર્શાવવા અશાબ્દિક હાવભાવ અને શારીરિક હલનચલનનો ઉપયોગ કરે છે. આને નકારાત્મક સુદ્દઢકો કહેવામાં આવે છે.

જેમકે

(i) અશાબ્દિક ખાવભાવ સાથે આંખો કાઢવી

(ii) બાથ પછાડી વિદ્યાર્થીને બેસાડી દેવો.

(iii) ટેબલ પર ડસ્ટર પછાડી બેસવા ઈશારો કરવો.

(iv) ધુરકિયા કરવાં.

(v) ગુસ્સે થઈ વિદ્યાર્થી સામે જોવું.

(vi) વિદ્યાર્થીને ઊભો કરવો.

(vi) માથું ધુણાવવું...વગેરે

**6.સ્પષ્ટીકરણ**

●પ્રસ્તાવના:

સામાન્ય વ્યવહારમાં કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે તેઓ કેટલાક વિચાર, ઘટના, હકીકત વગેરેને ઊંડામાં જઈને યોગ્ય દાખલા-લીલો સાથે સમજાવી શકે છે. વર્ણઅધ્યાપનને અસરકારક બનાવવા શિક્ષક અવારનવાર વિવિધ પ્રયુક્તિઓ પૈકી પ્રશ્નોત્તરીની સાથે કથન પ્રયુક્તિનો પણ ઉપયોગ કરે છે. કથનને તાર્કિક અને રસપ્રદ બનાવવા માટે સ્પષ્ટીકરણ કૌશલ્યનો ઉપયોગ જરૂરી છે. પ્રસ્તુત પ્રકરણમાં સ્પષ્ટીકરણ કૌશલ્યના સંદર્ભમાં તેનો અર્થ, તેનાં ઇચ્છનીય વર્તનો અને અનિચ્છનીય વર્તનો વિશે ચર્ચા કરીશું.

**●સ્પષ્ટીકરણ કૌશલ્યનો અર્થ**

સ્પીકરણ એ વિદ્યાર્થીના મનમાં કોઈ સંકલ્પના, સિદ્ધાંત, ઘટના વગેરે અંગે સમજ પેદા કરનારી પ્રક્રિયા છે. સ્પીકરણ એટલે નવી ઘટનાને પૂર્વાનુભવ સાથે સાંકળી, નવી ઘટના અંગે ખૂટતી કડીઓ જોડવી જોઈએ. આમ સ્પષ્ટીકરણ એટલે પૂર્વાનુભવ અને નવી ઘટનાનું અનુસંધાન. વસ્તુ, ઘટના કે કાર્ય વચ્ચે નિયમો કે તર્ક દ્વારા સંબંધ જોડવાની પ્રક્રિયા ને સ્પષ્ટીકરણ કહેવાય. કાર્યને આમ કોઈ ખ્યાલ, ઘટના કે કાર્યને અનુલક્ષીને શિક્ષકે રજૂ કરેલાં સંકલિત આંતરસંબંધિત વિધાનો કે જેના દ્વારા વિદ્યાર્થીઓમાં ખ્યાલ, કાર્ય અંગે સ્પષ્ટ સમજ વિકસાવી શકાય તેને શિક્ષકનું સ્પષ્ટીકરણ કૌશલ્ય કહેવામાં આવે છે. સ્પષ્ટીકરણ માટે થતાં વિધાનો તર્કયુક્ત અને અપૂરી સમજ અંગેનું અંતર ઘટાડે તેવાં હોવાં જોઈએ. આ કૌશલ્યમાં વિદ્યાર્થીઓની સમજને કાસવા કેટલાંક પ્રશ્નરૂપ વિધાનો પણ કરવામાં આવે છે.

**●સ્પષ્ટીકરણ કૌશલ્યનું મહત્ત્વ:**

નીચેની બાબતો પરથી સ્પષ્ટીકરણ કૌશલ્યનું મહત્ત્વ સ્પષ્ટ થશે.

○ સ્પષ્ટીકરણ કૌશલ્યનો ઉપયોગ કરવાથી

○ઘટના, વિચાર કે ખ્યાલને અનુલક્ષીને આંતરસંબંધિત વિધાનો રજૂકરી શકાય.

○પૂર્વાનુભવ અને નવી ઘટના વચ્ચે અનુસંધાન કરી શકાય.

○ઘટના, વિચાર કે ખ્યાલને સરળ બનાવવા સ્પષ્ટતા કરી શકાય.

○વિદ્યાર્થીઓ સમક્ષ તાર્કિક ક્રમમાં રજૂઆત કરી શકાય. તેમની તર્કશક્તિનો વિકાસ કરી શકાય. જેમકે, તેથી, માટે, આમ, કારણ કે, પરિણામ સ્વરૂપે વગેરે...

○સ્પષ્ટતા કરતા કેટલાક શબ્દોનો ઉપયોગ કરી તેમની સમજને વિકસાવી શકાય.

**●સ્પષ્ટીકરણ કૌશલ્યના ઘટકો:**

સ્પષ્ટીકરણ કૌશલ વિકસાવવા માટે શિક્ષકમાં ઇચ્છનીય વર્તનો વિકસાવવાં એઈએ અને અનિચ્છનીય વર્તનોને ાળવાનો પ્રયાસ કરવો જેઈએ. આ બંને ઘટકો મહત્ત્વના છે.

**(1) ઈચ્છનીય વર્તનો -**

વર્ગખંડમાં અસરકારક સ્પષ્ટીકરણ માટે વર્ગઅધ્યાપન પ્રક્રિયામાં શિશકે નીચે દર્શાવ્યા અનુસાર ઇચ્છનીય વર્તનો કરવાં જોઈએ.

**બ્લોક 1 : પ્રસ્તાવનારૂપ વિધાનોની રજૂઆત**

સામાન્ય રીતે સ્પષ્ટીકરણ કરતાં અગાઉ આ પ્રકારનાં વિશ્વનો સાંભળનારના મનને સ્થિર કરવા માટે કે કેન્દ્રિત કરવા માટે વાપરવામાં આવે છે.

દા.ત. આજે આપણે લોહચુંબક વિશે શીખીશું.

આમાં વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો મહદ્ અંશે ઉપયોગ કરવામાં આવે છે, નવી બાબત શીખવવા માટે શિક્ષક વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરી નૂતન જ્ઞાન અને પૂર્વજ્ઞાન વચ્ચે અભિસંધાન કરે છે. આ માટે શિક્ષકે

વિદ્યાર્થીઓની ઉંમર, ધોરણ, કલા વગેરે ધ્યાનમાં રાખવી જોઈએ, તેમાં ઉપર જણાવ્યા મુજબનો અથવા એવા અન્ય પ્રકારનાં વિધાનોનો ઉપયોગ કરવામાં આવે છે.

જેમકે... આ અગાઉ આપણે જોઈ ગયા કે … શિક્ષક નિદર્શન કરીને પણ પૂછે છે....

તમને આ ચિત્રમાં શું દેખાય છે ? આ શું છે ? અહીં શિક્ષક વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરી પ્રસ્તાવનારૂપ વિધાન કરે છે.

**બ્લોક 2 : સમજ વિકસાવતા કડીરૂપ શબ્દસમૂહનો ઉપયોગ**

શરુઆતમાં રજૂ કરેલા વિધાનને સ્પષ્ટ કરતા અને વિસ્તૃતીકરણ કે સમજનાં વિધાનોમાં જોડાણ કરતા કેટલાક કડીરૂપ શબ્દોનો શિક્ષક ઉપયોગ કરે છે.

સામાન્ય રીતે નીચે દર્શાવેલા સમજ વિકસાવતા કડીરૂપ શબ્દ કે શબ્દસમૂહનો ઉપયોગ કરી બંને વિધાનો વચ્ચે યોગ્ય કડી પૂરી પાડે છે. આથી વિદ્યાર્થીની સમજ વિકસે છે અને જે-તે બાબતનું સ્પષ્ટીકરણ થાય છે. આ શબ્દો છે : તેથી, કારણ કે, પરિણામે, આમ, જેવી, આ રીતે, શા માટે, પરંતુ, પછી, ત્યારબાદ વગેરે. જેમકે..

- વાતાવરણ ભેજથી સંતૃપ્ત થવાને પરિણામે શિયાળામાં ઝાકળ પડે છે.
- લાલ લિટમસ પત્ર ભૂરું થાય છે, માટે આપેલું પ્રવાહી બેઈઝ છે.

**બ્લોક–3 : ઉપસંહારયુક્ત વિધાનોનો ઉપયોગ** : વિદ્યાર્થીઓ સમજ અંગે મહત્ત્વની બાબતો તારવે તે માટે શિક્ષક ઉપસંહારયુકત વિધાન રજૂ કરે છે. આમ થવાથી મુદ્દાની સ્પષ્ટતાનો અંત આવે છે. સ્પષ્ટીકરણની પ્રક્રિયા દરમિયાન જે બાબતો સ્પષ્ટ કરવામાં આવી હોય તેમને મગજમાં એકત્ર કરવા, સુદૃઢ કરવા માટે આ પ્રકારના ઉપસંહારયુક્ત વિધાનોનો ઉપયોગ કરવામાં આવે છે.

દા.ત. તમે જોયું કે ગોળો ઠંડો હતો ત્યારે ગરમી આપવાથી મોટો થયો છે, તેથી તે કડીમાંથી પસાર થતો નથી. આના ઉપરથી કહી શકાય કે ગરમી આપવાથી પદાર્થનું કદ વધે છે અને ઠંડીથી પદાર્થ સંકોચાય છે. આને કારણે રેલવેના પાટા વચ્ચે જગ્યા રાખવામાં આવે છે.

**બ્લોક 4 : વિધાર્થીઓની સમજની ચકાસણી કરવી**

શિક્ષકે કોઈ ખ્યાલ, બનાવ કે વિચાર અંગે સમજ વિકસાવવા કરેલ પ્રયાસ દ્વારા અપેક્ષિત પરિણામ આવ્યું કે નહિ તેની ચકાસણી કરવી જોઈએ. આમ કરવામાં આવે તો જ વિદ્યાર્થીની સમજશક્તિનો ખ્યાલ આવે છે. આ માટે શિક્ષકે બે કે ત્રણ પ્રશ્નો પૂછવા જોઈએ. આ પ્રશ્નો વિદ્યાર્થીઓની સમજને તાર્કિક રીતે ચકાસતા પ્રશ્નો હોય છે. તેથી કેમ આમ થયું ? શા માટે, શાથી, એવા પ્રશ્નો પૂછવા જોઈએ. આવા પ્રશ્નો સામાન્યતઃ માહિતીપ્રધાન હોવા ોઈએ.

**(2) સ્પષ્ટીકરણ કૌશલ્યનાં અનિચ્છનીય વર્તનો:**

સ્પષ્ટીકરણ કરવામાં બાધક કે અવરોધક નીવડે અને ગૂંચવાડો કે ગેરસમજ પેદા કરે તેવાં વર્તનો શિક્ષકે ટાળવાં જોઈએ, તેવાં વર્તનોનો ઉપયોગ શિક્ષકે કરવો જોઈએ નહિ. આ માટે શિક્ષકે ખાસ કાળજી રાખવી જોઈએ. ખાસ કરીને સ્પષ્ટીકરણ કરવામાં ગૂંચવાડો, રૂકાવટ અને ગેરસમજ કે અસમજ પેદા કરે તેવાં વર્તનોને અનિચ્છનીય વર્તનો કહે છે. નીચે જણાવેલાં વર્તનોને અનિચ્છનીય વર્તનો ગણાવી શકાય.

**(i)અસંબંધિત વિધાનો કરવાં :**
જે વિધાનો ખ્યાલ કે ઘટના સંબંધી ગૂંચવાડો પેદા કરે અથવા તેમની સમજમાં કે સ્પષ્ટતામાં કોઈ ફાળો આપતાં નથી તેવાં વિધાનો અસંબંધિત વિધાનો કહેવાય છે. આવાં વિધાનો વિદ્યાર્થીઓનું ધ્યાન વિચલિત કરીને તેમને આડે પાટે ચઢાવી દે છે. તેથી શિક્ષકે આવાં વિધાનો કરવાં જોઈએ નહિં.

**(ii) વિચારો કે માહિતીની રજૂઆત કરવામાં સાતત્ય ન જાળવવું :**
વિચારોની ક્રમબદ્ધતામાં ક્યારેક ભંગાણ પડે છે. યોગ્ય ક્રમમાં કે ક્રમિક રીતે વિચારોની રજૂઆત થતી નથી. આને સાતત્યભંગ કહી શકાય. કેટલીક પરિસ્થિતિઓ દરમિયાન વિચારોની તાર્કિક અને ક્રમબદ્ધ રજૂઆતમાં ભંગાણ પડે છે, તેથી સાતત્ય જળવાતું નથી.

●જ્યારે નવાં વિધાનો તાર્કિક રીતે ન જોડાયેલાં હોય ત્યારે...

●જ્યારે શીખવેલા એકમની નવી શીખવવાની બાબત સાથે અનુસંધાન કર્યા સિવાય રજૂઆત થતી હોય ત્યારે....

●જ્યારે સ્થળ કે સમયનું સાતત્ય ન જળવાય ત્યારે..

●વિધાનો અસંબંધિત રીતે રજૂ થતાં હોય ત્યારે..

(iii) અયોગ્ય (અજાણ) શબ્દોનો ઉપયોગ કરવો :
વિદ્યાર્થીઓ સમક્ષ તેમની વય–જ્ઞાન કે કક્ષા જાણ્યા સિવાય અજાણ શબ્દોનો ઉપયોગ વિધાનો રજૂ કરતી વખતે શિક્ષકે ન કરવો જોઈએ. આ નિર્ણય કરતી વખતે અનાત્મલક્ષિતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(iv) ભાષાની પ્રવાહિતાનો અભાવ :**
જ્યારે શિક્ષક અધૂરાં વાક્યોનો ઉપયોગ કરે અથવા અડધેથી વાક્યરચનામાં ફેરફાર કરે ત્યારે ભાષામાં પ્રવાહિતાનો ભંગ થાય છે. આને ભાષાની પ્રવાહિતાનો અભાવ કહેવામાં આવે છે. આને લીધે વિદ્યાર્થીનું ધ્યાન બીજે દોરાય છે, અને સમજવામાં અવરોધક નીવડે છે.

**(v) ફાલતુ કે બિનજરૂરી શબ્દો કે વિધાનોનો ઉપયોગ :**
શિક્ષક કેટલીકવાર બિનજરૂરી શબ્દોનો ઉપયોગ કરે છે. આનાથી સ્પષ્ટીકરણમાં સંદિગ્ધતા ઊભી થાય છે જેમકે...
કેટલાંક, ઘણાં, થોડું, કદાચ, ખરી રીતે, લાગે છે કે, મોટે ભાગે, બાકીની, કંઈક અંશે... આવા શબ્દો
સ્પષ્ટીકરણમાં અવરોધક નીવડે છે.

**(vi) સ્પષ્ટીકરણ કૌશલ્ય માટે ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતો :**

●સ્પષ્ટીકરણ માટેનું વિધાન જે તે ઘટના, ખ્યાલ કે સિધ્ધાંત યા ક્રિયાને અનુરૂપ હોવું જોઈએ.

●વિધાનોની રજૂઆત તાર્કિક ક્રમમાં ક્રમશઃ થવી જોઈએ.

● પુરોગામી વિધાન સાથે અનુગામી વિધાનનો સંબંધ જળવાઈ રહેવો જોઈએ.

●વિધાનના શબ્દો વિદ્યાર્થીઓથી સુપરિચિત હોવા જોઈએ.

●વિધાનની રજૂઆતમાં પ્રવાહિતા જળવાવી જોઈએ.

●અધૂરાં વિધાનો કે વિધાનોનું પુનરાવર્તન ટાળવું જોઈએ.

●શિક્ષક શાનું સ્પષ્ટીકરણ કરે છે, તેનો સ્પષ્ટ નિર્દેશ કરવો જોઈએ.

●સ્પષ્ટીકરણમાં બિનજરૂરી શબ્દો યા વિધાનોને ટાળવાં જોઈએ.

●સ્પષ્ટીકરણ પૂર્ણ થયાનું સમાપન વિધાન દર્શાવવું જોઈએ.

●સ્પષ્ટીકરણમાં ચોકસાઈ અને સ્પષ્ટતા લાવવા કડીરૂપ શબ્દોનો યથાસમયે ઉચિત ઉપયોગ કરવો જોઈએ.

---

**(vi) સ્પષ્ટીકરણ કૌશલ્ય : માઈક્રોપાઠ**

**વિષય** : संस्कृत **ધોરણ** : 9

**વિષયાંગ** : लोकसेवकः रविशंकर महाराजः

શિક્ષક : રવિશંકર મહારાજનો જન્મ મહાશિવરાત્રિના દિવસે થયો હતો. ખેડા જિલ્લાનું 'રઢુ' નામે ગામ તેમની જન્મભૂમિ છે. શિવરામ વ્યાસ તેમના પિતા. તેમની માતાનું નામ 'નાથીબા' હતું. રવિશંકર બચપણથી જ ઉદ્યમી, કર્મપરાયણ અને પરિશ્રમ કરનારા હતા. તેમનાં પત્ની સૂરજબા પણ સેવાધર્મ પરાયણ હતાં.

B : યુવાવસ્થામાં રવિશંકરે મહાત્મા ગાંધીનાં દર્શન કોચરબ આશ્રમ, અમદાવાદમાં કર્યા, તેના પ્રભાવથી પ્રેરાયેલા તેમણે સ્વરાજપ્રાપ્તિ માટે સત્યાગ્રહ કર્યો, જેલ પણ મેળવી. અનેક લોકહિતનાં કાર્યોમાં તેમની પ્રવૃત્તિઓ હતી. મહારાજે સમાજથી વિમુખ થયેલા, વિદ્રોહ કરનાર લૂંટારુઓનાં હૃદયપરિવર્તન કરીને તેમને સજ્જન કર્યા. તેમના આશીર્વાદથી ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. સમાજની અનેક પ્રકારની આપત્તિઓમાં તેમની હાજરી હંમેશા રહેતી. તેથી ભાગ્યવશાત્ આવતી ગુજરાતની ભૂમિની અનેક વિપત્તિઓ દૂર થઈ. ભૂદાન પ્રવૃત્તિમાં રવિશંકરના ભિક્ષાપાત્રમાં તેમનાં ધર્મપત્ની સૂરજબાએ બધી ભૂમિ સમર્પી દીધી.

B : મહારાજે બિહાર, ઓરિસ્સા રાજ્યમાં પણ શાંતિ કાર્યો કર્યા. તેમણે વર્તમાન બાંગ્લાદેશના નિરાશ્રિતો માટે પચાસ લાખ રૂપિયાના ધનનું ભંડોળ એકત્ર કર્યું. દુકાળના સમયે મહારાજ જ મનુષ્યરૂપે નારાયણ થઈને સર્વત્ર ફર્યા.

C : આ રીતે કર્મયોગી, પરિશ્રમો, પરોપકાર પરાયણ, દયાળુ, સમાજસેવક, 'મહારાજ' એ નામે રવિશંકર 'પરિશ્રમથી દુબળા થઈને પરોપકારથી ઉજ્જવળ થાય છે.' એ સૂત્ર ચરિતાર્થ કર્યું. મહાત્મા ગાંધીના પત્રવિતરક
થઈને સ્વર્ગે સિધાવ્યા, જે કર્મયોગી, મહાત્માના સેવક રવિશંકર આ સેવા ધર્મમાં પ્રવૃત્ત રહ્યા તે જનનાયકનો જય થાય છે.

□(હવે હું તમને કેટલાક પ્રશ્નો પૂછીશ.)

**શિક્ષક**: આ પાઠમાં કોના વિશે વાત કરવામાં આવી છે?

**વિધાર્થી** : આ પાઠમાં લોકસેવક રવિશંકર મહારાજ વિશે વાત કરવામાં । આવી છે ?

**શિક્ષક** * रविशङ्करः महाराजस्य जन्म कदा अभवत् ?

**વિદ્યાર્થી** : रविशङ्करः महाराजस्य जन्म महाशिवरात्रि दिने अभवत् ।

**શિક્ષક**:રવિશંકર બાળપણથી જ કેવા સ્વભાવના હતા ?

**વિદ્યાર્થી** : રવિશંકર બાળપણથી જ ઉદ્યમી, કર્મપરાયણ અને પરિશ્રમ કરનારા હતી.

**શિક્ષક** :ગાંધીના પ્રભાવથી એમના જીવન પર શી અસર થઈ ?

**વિધાર્થી** :ગાંધીના પ્રભાવથી પ્રેરાઈને તેમણે સ્વરાજ્યપ્રાપ્તિ માટે સત્યાગ્રહ કર્યો.

**શિક્ષક** :વિદ્રોહીઓને તેમણે સજ્જન કેવી રીતે
બનાવ્યા ?

**વિધાર્થી** : વિદ્રોહ કરનાર લૂંટારુઓનાં હૃદય પરિવર્તન કરીને તેમને સજ્જન કર્યા.

**શિક્ષક :**મહાત્મા ગાંધીના સંદેશને તેમણે કેવી રીતે સાર્થક કર્યો ?

**વિધાર્થી :** કર્મયોગી, પરિશ્રમપ્રેરક, પરોપકાર પરાયણ, દયાળુ, સમાજસેવક અને "પરિશ્રમથી દુબળા થઈને પરોપકારથી ઉજ્જવળ થાય છે" એ સૂત્રને ચરિતાર્થ કર્યું તેમજ મહાત્મા ગાંધીના પત્રવિતરક થઈને તેમણે મહાત્માનો સંદેશ કર્મમાં સાર્થક કર્યો.

**શિક્ષક:**આ પાઠમાંથી શો બોધ મળે છે ?

**વિધાર્થી :** જે કર્મયોગી, મહાત્મા સેવક રવિશંકર આ સેવાકાર્યમાં પ્રવૃત્ત રહ્યા તે જનનાયકનો જય થાય છે.

સ્પીકરણ કૌશલ્યમાં વપરાયેલો ઇચ્છનીપ વર્તનો દર્શાવવા માટે નીચેની સંજ્ઞાઓનો ઉપયોગ કર્યો છે.

| **ઇચ્છનીય વર્તનો** | **સંજ્ઞાઓ** |
|---|---|
| સમજ આપતી કડીઓ | ……………… |
| પ્રસ્તાવનારૂપ વિધાનો | B ( ) B |
| ઉપસંહારરૂપ વિધાનો | C ( ) C |
| વિદ્યાર્થીઓની સમજની ચકાસણી | T. ( ) T |

**સ્પષ્ટીકરણ કૌશલ્ય : નિરીક્ષણ પત્રક**

સૂચના : સ્પષ્ટીકરણ કૌશલ્યમાં જે જે પ્રકારનાં ઇચ્છનીય અને અનિચ્છનીય
વર્તનનો ઉપયોગ થયો હોય તે દરેક પ્રકારના વર્તન સામે જેટલી વાર ઉપયોગ થો હોય તેટલીવાર ૮ ની નિશાનીઓ.

| **અ.** | **ઈચ્છનીય વર્તનો** | **વર્તનોનો ઉપયોગ** |
|---|---|---|
| 1. | સમજ આપતી કડીઓ | |
| 2. | પ્રસ્તાવનારૂપ વિધાનો | |
| 3. | ઉપસંહારરૂપ વિધાનો | |
| 4. | વિદ્યાર્થીઓની સમજ ચકાસતા પ્રશ્નો | |

| | **અનિચ્છનીય વર્તનો** | |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1. | અસંબંધિત વિધાનો | |
| 2. | વિધાનો કરવામાં સાતત્ય ન જાળવવું | |
| 3. | અયોગ્ય શબ્દનો ઉપયોગ | |
| 4. | ભાષાની પ્રવાહિતાનો અભાવ | |
| 5. | ફાલતુ શબ્દો કે વિધાનોનો વપરાશ. | |

**●ઉત્તેજના પરિવર્તન:-**

**પ્રસ્તાવના :**

વર્ગ અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષક મહદ્ અંશે ધન પદ્ધતિનો ઉપયોગ કરે છે. કશન પદ્ધતિથી વર્ગમાં જડતા અને નીરસતા ન ઉપજે તે જોવાનું કામ શિક્ષકનું છે. શિક્ષક તેના અધ્યાપનકાર્યને અસરકારક બનાવવા વિદ્યાર્થીના પાનને કેન્દ્રિત કરવા અને ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. અધ્યાપન કાર્યનો આપાર વિદ્યાર્થીઓના અસરકારક અધ્યયન પર રહેલો છે. વિદ્યાર્થીઓ અધ્યયન કરવા માટે કેટલું ધ્યાન કેન્દ્રિત કરે છે અને તે કેવી રીતે મહણ કરે છે તેના પર હેલો છે. શિક્ષક એ વર્ગખંડમાં જીવંત ન બને અને ચોક્કસ પદ્ધતિના પિંજરમાં પૂરાઈને વધાવતુ બની જાય તો અધ્યાપનકાર્ય અસરકારક નીપજતું નથી. શિક્ષક પોતાના અધ્યયનને રસપ્રદ અને જીવંત બનાવવા માટે પોતાની પ્રવૃત્તિઓમાં અવારનવાર પરિવર્તનો કરતાં રહેવું જોઈએ. ધ્યાન એ રસની જનની છે. રસ પડવાથી વિદ્યાર્થીઓ જ્ઞાન ગ્રહણ કરી શકે છે. આથી અ ાપનકાર્ય વખતે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં બેધ્યાન ન બને અને રસપૂર્વક જ્ઞાન મહા કરતા થ તે માટે શિક્ષકે તેના વર્ગવ્યવહારમાં આવશ્યક પરિવર્તનો કરવાં પડે છે. આ માટે શિક્ષકે પોતાની વર્તન તરાહોમાં ફેરફાર કરવા પડે છે. આ ફેરફારો ક્યારે અને કેવી રીતે કરવા તે માટે શિક્ષક નિર્ણય કરવો પડે છે. શિક્ષકની વર્તન નરાઇના નિર્ણયમાં તેમાં પરિવર્તનોને લીધે વિદ્યાર્થીઓમાં ઉત્તેજના પેદા થાય છે. શિક્ષકની વર્તનતરાહના આ ફેરફારોને આપણે ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય તરીકે ઓળખીએ છીએ.

**○ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનો અર્થ:-**

- અર્થ : વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી ટકાવી રાખવા માટે શિક્ષકની વર્તન તરાહમાં સમજપૂર્વક ફેરફાર કરવાનું કૌશલ્ય એટલે ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય

બી. કે. પાસીએ ઉત્તેજના પરિવર્તનની વ્યાખ્યા આપતા નોંધ્યું છે.

- "The skill of stimulus variation can be defined as deliberate change in the attention drawing behaviour of the teacher in order to secure and sustain pupil's attention towards the lesson at high level."

**● ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનું મહત્ત્વ**

○ઉત્તેજના પરિવર્તન કૌશલ્યથી......

- અધ્યાપન અધ્યયન પ્રક્રિયા દરમિયાન જે-તે વિષયવસ્તુ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે અને ટકાવી પણ શકાય છે.
- વર્ગખંડનું વાતાવરણ વધુ જીવંત અને ઉષ્માપૂર્ણ બને છે.

- શિક્ષક વિવિધ વર્તનતરાહો બદલી વધુ કાર્યશીલ અને જીવંત બને છે.
- તે વર્ગખંડમાં પોતાના અધ્યાપનને અસરકારક બનાવી શકાય તેવી પધ્ધતિ કે પદ્ધતિઓ પ્રયોજે છે. શિક્ષકના પ્રત્યાયનમાં અસરકારકતા આવે છે.
- વિદ્યાર્થીઓની અધ્યયનશીલતાને વેગ મળે તે માટે વિદ્યાર્થીઓને વિવિધ હેતુથી સમૃદ્ધ અનુભવો પૂરા પાડવા માટે વિદ્યાર્થીઓને વિવિધપ્રવૃત્તિઓ પૂરી પાડે છે.
- વિદ્યાર્થીઓની વ્યક્તિગત રસ-રુચિ જાણીને તેમને અધ્યયનપ્રવૃત્ત કરી શકાય છે.
- અધ્યાપનને પ્રાણવાન બનાવી શકાય છે.
- વિદ્યાર્થીઓને ધ્યાનસ્થ બનાવી તેમની સક્રિયતા વધારી શકાય છે.

ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનાં ઉત્તેજકો:-

શિક્ષક અધ્યાપનપ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી, તેને કાવી રાખવા માટે જે વર્તનો કરે છે તે ઉત્તેજકો કહેવાય છે. જે નીચે પ્રમાણે છે.

1. હલનચલન (Movement)
2.હાવભાવ (Gestures)
3. વાણીમાં આરોહ-અવરોહ (change in -voice)
4. કેન્દ્રીકરણ (Focussing)
5. વિરામ (pause)
6. વર્તન–વ્યવહારની શૈલી(change in interaction pattern)
7. શાબ્દિક અશાબ્દિક પરિવર્તન (oral visual Switching)

**2.2.1 સેતુપાઠ**

**પ્રસ્તાવના:**

માઈક્રોટીચિંગ પ્રયુક્તિ દ્વારા કૌશલ્ય પ્રાપ્તિ માટે તાલીમાર્થીએ એક ચોક્કસ કૌશલ્ય પ્રાપ્ત કરતાં કરતાં વિવિધ કૌશલ્યો એક પછી એક એમ એ રીતે હસ્તગત કરવાનાં હોય છે. અને આમ જે-તે કૌશલ્યમાં પ્રશિક્ષિત થન તે શાળાના વર્ગમાં જઈને અસરકારક શિક્ષણકાર્ય કરે છે. વિવિધ કૌશલ્યોના અસરકારક વિનિયોગથી તે વર્ગખંડમાં અધ્યાપન કરવામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરે છે, અને 35 કે 40 મિનિટના તાસમાં તે પોતાનું અસરકારક અધ્યાપનકાર્ય કરી શકે છે. આમ, માઈક્રીટીચિંગનો આશય એક પછી એક કૌશલ્યને સ્તગત કરી, વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી પ્રશિક્ષણાર્થીને અધ્યાપનકળામાં પારંગત બનાવવાનો હોય છે.

માઈક્રોટીચિંગના સિમ્યુલેશનના પાઠ દ્વારા પ્રશિક્ષણાર્થી એક પછી એક એમ જુદાં જુદાં કૌશલ્યોના પાઠ આપે છે. પરંતુ વર્ગખંડમાં 35 કે 40 મિનિટના કોઈ એક વિષયના એકમનું અસરકારક શિક્ષણકાર્ય કરવા માટે વિવિધ કૌશલ્યોનું ઔચિત્યપૂર્ણ સમાયોજન કરી સમગ્ર રીતે શિક્ષણકાર્ય કરવાનું હોય છે. આ પરિસ્થિતિમાં તેને વિવિધ કૌશલ્યોના સમાયોજનની ળા પણ હસ્તગત કરવી જોઈએ. આમ થાય તો જ તે વર્ગખંડમાં અસરકારક શિક્ષણકાર્ય કરી શકે આ પ્રકારના સમાોજન માટે તેને કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**○ વિવિધ કૌશલ્યોનું સમાયોજન સંકલન:**

- તાલીમાર્થીને વિષયવસ્તુ કે એકમના હેતુઓની પૂરતી સમજ હોવી જોઈએ.
- તાલીમાર્થીને હસ્તગત કરેલાં કૌશલ્ય અને તેનાં ઘટકોની પૂર્ણ જાણકારી હોવી જોઈએ.
- જે તે શ્વેતુઓની સિદ્ધિ માટે તેણે જ તે આવશ્યક કૌશલ્યોની પસંદગી યોગ્ય રીતે કરવી જેઈએ
- આ પ્રકારનાં કૌશલ્યોની પસંદગી કરીને તેણે વિષયવસ્તુનું વ્યવસ્થિત અને સાતત્યપૂર્ણ આયોજન કરવું જોઈએ.

આમ, કૌશલ્યનું અસરકારક સમાયોજન એટલે....

તાલીમાર્થીએ પોતે પસંદ કરેલ વિષયવસ્તુના હેતુઓની સિદ્ધિ માટે હું પ્રશિક્ષણ કૌશલ્યનો ઉપયોગ કરવાનું વિચારતો હોય તેના ઘટકોની પૂર્ણ સમજ મેળવી વિષયવસ્તુના સંદર્ભમાં પોતાના વર્તન-વ્યવહારો (કૌશલ્યો) નક્કી કરીને વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરે તે.

■**સેતુપાઠનું મહત્ત્વ (અગત્યતા)** :

- સેતુપાઠ એ માઈક્રોટીચિંગ અને મેક્રોટીચિંગ (નિયમિત વર્ગઅધ્યાપન)
- વચ્ચેનો સેતુ બને છે. માઈક્રોટીચિંગની કેટલીક મર્યાદાઓ જેવીકે મર્યાદિત સમયમર્યાદા, મર્યાદિત વિદ્યાર્થી સંખ્યા વગેરેને દૂર કરી શકાય છે.
- એક સાથે વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરીને તાલીમાર્થી સેતુપાઠનું આયોજન કરે છે આથી તે વર્ગખંડમાં વિવિધ કૌશલ્યોનો વિનિયોગ તે સારી રીતે કરી શકે છે.
- વિદ્યાર્થીની સંખ્યા નોંધપાત્ર રીતે વધારીને સિમ્યુલેશનને બદલે વાસ્તવિક વર્ગ અધ્યાપન માટે કાર્ય કરવાની તાલીમ આપવા પર ભાર મૂકવામાં આવે છે.
- વર્ગખંડના વાસ્તવિક અધ્યાપનકાર્યનો તાલીમાર્થી અનુભવ મેળવી શકે છે.
- તાલીમાર્થી – પ્રશિક્ષણાર્થીનો આત્મવિશ્વાસ વધે છે.
- આનો ઉપયોગ સુધારણાત્મક અધ્યાપનકાર્ય માટે થઈ શકે છે. આમ, સંક્ષિપ્ત અધ્યાપન યા સેતુપાઠનું આયોજન એ માઈક્રોટીચિંગ અને વર્ગઅધ્યાપનને જોડતી કડી સ્વરૂપે કરવામાં આવે છે.

**2.2.2 માઈક્રોટીચિંગ અને સેતુપાઠ વચ્ચેનો તફાવત**

| **માઈક્રોટીચિંગ** | **સેતુપાઠ** |
|---|---|
| ●"માઈક્રોટીચિંગ એ એક એવી શિક્ષણ આપવાની પ્રયુક્તિ છે કે જે શિક્ષકોને સુવ્યાખ્યાયિત કરાયેલા અધ્યાપન કૌશલ્યોને પાંચથી દસ મિનિટમાં કાળજીપૂર્વક આયોજન પામેલા પાઠોની શ્રેણીમાં નાના વિદ્યાર્થીઓના જૂથ સમક્ષ વિનિયોગ કરવાની તક પૂરી પાડે છે." | ●સેતુપાઠ એ પ્રશિક્ષણાર્થીઓએ પસંદ કરેલ વિષયવસ્તુના હેતુઓની સિદ્ધિ માટે જે પ્રશિક્ષણ કૌશલ્યનો ઉપયોગ કરવાનું વિચારતો હોય તેના ઘટકોની પૂર્ણ સમજ મેળવી 35 થી 40 મિનિટમાં કોઈ એક વિષયના એકમનું અસરકારક શિક્ષણ એટલે....'સેતુપાઠ. |
| ● માઈક્રોટીચિંગમાં શિક્ષણ પછી માઈક્રોટીચિંગમાં શિક્ષણ પછી આવે છે. | ●જ્યારે સેતુપાઠમાં પુનઃ શિક્ષણ (Reteach)નો ત્યાગ કરવામાં આવે છે. |

| | |
|---|---|
| ●માઈક્રોટીચિંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોય છે.<br>●સમયમર્યાદા તદ્દન ઓછી અને વિષયવસ્તુ નાનુ હોય છે.<br>●માઈક્રોટીચિંગમાં વાસ્તવિક રીતે વર્ગખંડોમાં અધ્યાપન કૌશલ્યોનું સંક્રમણ કઠિન બને છે. | ●જ્યારે સેતુપાઠમાં વિદ્યાર્થીઓની સંખ્યા નિશ્ચિત હોતી નથી સમય-મર્યાદા વધુ અને વિષયવસ્તુ વ્યાપક હોય છે.<br>●જ્યારે સેતુપાઠ દ્વારા વિવિધ અધ્યાપન કૌશલ્યોનો વિનિયોગ વર્ગખંડમાં સહેલાઈથી કરી શકાય છે. |
| ●માઈક્રોટીચિંગમાં સુધારણાત્મક કાર્યક્રમ તુરંત હાથ ધરવામાં આવે છે. | ●જ્યારે સેતુપાઠમાં સુધારણાત્મક કાર્યક્રમ ક્રમશઃ હાથ ધરવામાં આવે છે. |
| ●માઈક્રોટીચિંગ દ્વારા પ્રત્યેક કૌશલ્યનો ક્રમશઃ વિનિયોગ થાય છે. | ●જ્યારે સેતુપાઠમાં પ્રત્યેક કૌશલ્યનો . મહદ્અંશે વિનિયોગ થાય છે. |

**એકમ 3 : સંસ્કૃત શિક્ષણતા હેતુઓ**
**3.1 પ્રાચીન હેતુઓ**
**3.2 અર્વાચીન (વર્તમાન) હેતુઓ**
**3.2.1 સામાન્ય હેતુઓ**
**3.2.2 વિશિષ્ટ હેતુઓ**
—-------------------------------------------------------

**3.1 પ્રાચીન હેતુઓ**

પ્રાચીન સમયમાં આપણા દેશમાં સંસ્કૃત ભાષા એ વ્યવહારની ભાષા હતી તેથી તેનું તલસ્પર્શી જ્ઞાન મેળવવું આવશ્યક હતું. ભાષા અભિવ્યક્તિમાં હાંસીને પાત્ર ન થવાય તે માટે ઉચ્ચાર શુદ્ધિ અને વ્યાકરણના જ્ઞાનનો આગ્રહ રખાતો. શુદ્ધ ભાષામાં પ્રવાહિતા મુક્ત અભિવ્યક્તિનો હેતુ પ્રાચીન કાળમાં સંસ્કૃત શિક્ષણમાં હતો. કારણ અભિવ્યક્તિની ઉપાસનાનો એ સમય હતો. શાસ્ત્રાર્થ અને વાદવિવાદમાં વિદ્વાનોની કસોટી થતી. અસ્ખલિતપણે, તર્કબદ્ધ, શાસ્ત્રસંમત મૌખિક રજૂઆતના એ જમાનામાં સંસ્કૃતમાં મૌખિક અભિવ્યક્તિ, કથન કૌશલ્યની પ્રાપ્તિ શિક્ષણ મેળવનાર માટે અનિવાર્ય રહેતી. વાણી દ્વારા માત્ર વાચાળતા અભિપ્રેત નથી. વાણીની ઉપાસના કરનાર વચનસિદ્ધ બનતા. આથી કંઠસ્થીકરણ પણ સંસ્કૃત શિક્ષણનો મહત્ત્વનો હેતુ હતો તેના પરિણામે સૂત્રાત્મક લેખન સંસ્કૃતમાં વિકસેલું છે. આમ તીવ્ર સ્મરણશક્તિને આવશ્યક બાબત ગણવામાં આવતી તેથી જ ધ્યાન ધારણા સમાધિ જેવી બાબતોને અતિ મહત્ત્વનું સ્થાન હતું. ભાષાશિક્ષણની સાથે યોગના અભ્યાસને અતિ મહત્ત્વ અપાતું. પરિણામે માનસિક શક્તિઓનો ખૂબ જ વિકાસ થતો. માત્ર જ્ઞાનની ઉપાસના જ નહિ. પ્રતિભાશાળી વ્યક્તિત્વનું નિર્માણ સંસ્કૃત ભાષાના શિક્ષણ દ્વારા થતું. વ્યક્તિની સર્જનશક્તિના વિકાસનો હેતુ રહેલો હતો. આ રીતે પ્રાચીન કાળમાં વિદ્યાર્થીએ ભાષામાં પૂર્ણ પ્રભુત્વ મેળવવું પડતું. સંસ્કૃતનું ઊંડું જ્ઞાન અનિવાર્ય હતું. તે સમયના **સંસ્કૃત અધ્યાપનના સામાન્ય હેતુઓ આ પ્રમાણે હતા.**

•સંસ્કૃતમાં પ્રાવીણ્ય મેળવવું
•સચોટ મૌખિક અને લેખિત અભિવ્યક્તિ વિકસાવવી.
•સંસ્કૃત પથ સાહિત્ય કંઠસ્થ કરવું.
•વ્યાકરણનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરવું.
•સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ કરવું.
•છટાદાર અને સુસ્પષ્ટ મુખવાચન કરવું.
•શુદ્ધ ઉચ્ચારો સાથે છંદોબદ્ધ અને લયબદ્ધ મંત્રગાન કરવું.
•સંસ્કૃત સાહિત્ય પ્રત્યે પ્રીતિ અને રુચિ ધરાવવી.

**3.2 અર્વાચીન (વર્તમાન) હેતુઓ:**

હવે સમય બદલાઈ ગયો છે. ભાષાનું મહત્ત્વ અને સ્થાન સમયાંતરે બદલાતું રહે છે, અને તેને લીધે એ શીખવા માટેના હેતુઓ પણ પરિવર્તન પામે છે. હાલના સમયમાં સંસ્કૃત ભાષા બધા વિષયો શીખવવાનું માધ્યમ મહદ્ અંશે રહી નથી. વિદ્યાર્થીઓએ એક માત્ર સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવાનો નથી. તેના પર માતૃભાષા અને રાષ્ટ્રભાષા તથા અંગ્રેજી જેવી વિદેશી ભાષા શીખવાનો બોજો છે. વળી સંસ્કૃત ભાષા શીખવાનો સમય પણ ઓછો થયો છે. સપ્તાહમાં આશરે ત્રણેક તાસ જેટલો સમય સંસ્કૃત શિક્ષણને માટે માંડ ફાળવવામાં આવે છે. ઉપરાંત હવે મોટાભાગના વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાના ગૌરવને ધ્યાનમાં લઈને આ ભાષાનું અધ્યયન કરનાર વ્યક્તિઓનું પ્રમાણ ઓછું થતું જાય છે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઊંડાણ–પૂર્વક અભ્યાસ કરવાને બદલે પરીક્ષાલક્ષી તૈયારીથી જ સંતોષ માને છે.
આ રીતે સંસ્કૃતની વ્યવહારિક ઉપયોગિતા ઓછી થવાથી અને એની સાથે જોડાયેલું આર્થિક ઉપાર્જનનું પ્રયોજન અત્યંત આકર્ષક ન રહ્યું હોવાથી સંસ્કૃતનો ઊંડાણભર્યો અભ્યાસ કરનાર જનસમૂહ ઘટતો જાય છે. પરિણામે સંસ્કૃત ભાષા પર પૂર્ણ પ્રભુત્વ મેળવવાની આવશ્યકતા લોકો ન અનુભવતા હોવાથી શાલેય શિક્ષણમાં આ ભાષાનું સ્થાન દિવસે દિવસે મહત્ત્વહીન થતું જાય છે. સંસ્કૃત મોટા ભાગના લોકોની માતૃભાષા ન હોવાથી એનો અભ્યાસ મોડો શરૂ થાય છે. હાલમાં ગુજરાતમાં સંસ્કૃત ધોરણ -- 6 થી શીખવવામાં આવે છે. તેમાં પણ શરૂઆતના તબક્કે તો માત્ર પરિચયાત્મક તુ જ હેલો છે. વળી માતૃભાષાના શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓને પાંચમા ધોરાથી જ અંગ્રેજી અને ધોરણ-4 શ્રી હિન્દી ભાષા પણ શીખવવાની શરૂ થઈ હોવાથી તેનું ભાર વધે છે. આ બધાં કારણોથી સંસ્કૃત ભાષાનું સ્થાન પહેલાં જેવું ન રહે તે સ્વાભાવિક છે. સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવાનાં કારણો પણ બદલાયાં છે, તેથી વર્તમાન સમયમાં તેના હેતુઓ પણ બદલાયા છે.

પૌત્ય અને પાશ્ચાત્ય વિચારકોએ શિકાર પ્રક્રિયા અંગે ઊંડાણથી વિચાર્યું છે. સંસ્કૃત શિક્ષણ દ્વારા કર્યા પરિણામોની અપેક્ષા છે ? સંસ્કૃત શિક્ષણ શા માટે આપવાનું છે ? આ દિશામાં વિચારવાનો અર્થ એ છે કે આપણે સંસ્કૃત શિક્ષણના હેતુઓ અંગે વિચારીએ છીએ. વર્તમાન હેતુલક્ષી અને મૂલ્યાંકનલથી પ્રક્રિયામાં તુને અર્પશ્ચિત વર્તન—પરિવર્તનના સંદર્ભમાં વિચારવામાં આવે છે. આ વિચારસરણીના મૂળમાં ડૉ. બેન્જામીન બ્લૂમનું ચિંતન રહેલું છે. બ્લૂમની દૃષ્ટિએ શિક્ષણનું કાર્ય વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું છે. આ અપેક્ષિત પરિવર્તનને નિશ્ચિત કરવાનું કાર્ય હતુ કરે છે. કોઈપણ પ્રકારના શિક્ષણનો તંતુ અતાના વર્તનમાં પરિવર્તન લાવવાનો હોય છે. ઉદાહરણ તરીકે સંસ્કૃતના અધ્યયન પછી વિદ્યાર્થી શુદ્ધોચ્ચારપૂર્વક સંસ્કૃત શ્લોકનું ગાન કરી શકશે. એવું નિર્ધારિત કરવામાં આવ્યું હોય તો આપણે એવું કહી શકીએ કે, એક વખત વિદ્યાર્થી સંસ્કૃત વાંચી શકતો ન હતો, હવે તે યોગ્ય રીતે શ્લોકગાન કરી શકે છે. તે તેના વર્તનમાં આવેલું પરિવર્તન છે. હેતુ એટલે પૂર્વનિર્ધારિત શૈક્ષણિક અનુભવો મેળવ્યા પછી તેના પરિણામ સ્વરૂપે અધ્યેતામાં આવતું પરિવર્તન. આ પ્રકારના પરિવર્તનને સૂચવતું વિધાન એટલે તેન

**3.2.1 સામાન્ય હેતુઓ :**

શિક્ષણના સમગ્ર સ્તરને અંતે કોઈ એક ચોક્કસ વિષયના અધ્યાપન દ્વારા આપણે જે પરિણામોની અપેક્ષા રાખીએ છીએ તેમને તે વિષયના અધ્યાપનના સામાન્ય હેતુઓ કહેવાય. જેમ કે, "વિદ્યાર્થી ગદ્યખંડનું આદર્શ વાચન કરે" આ સંસ્કૃત શિક્ષણનો સામાન્ય કેતુ છે. સામાન્ય શ્વેત શિક્ષણના ધ્યેયને અનુરૂપ હોય છે. સામાન્ય હેતુ વિશાળ હોય છે અને સમગ્ર શિક્ષણના સ્તરને અને સામાન્ય તુ સિદ્ધ થઈ શકે. સંસ્કૃતના આદર્શ વાચનનો સામાન્ય ઋતુ માધ્યમિક શાળાના ત્રણ વર્ષોના સંસ્કૃતના અધ્યાપનને અતે સિદ્ધ થઈ શકે, એટલે કે લાંબાગાળાના અંતે સિદ્ધ થઈ શકે છે.

રોજ-રોજના અધ્યાપન દરમ્યાન શિક્ષક એક વિષયનો માત્ર એક વિષયાંગ જ શીખવી શકે છે. જેમ કે, તાસ દરમ્યાન સંસ્કૃતના શિક્ષક એક નાનો ગદ્યખંઠ શીખવે છે. તેથી એક સામાન્ય હેતુનો નાનો અંશ જ સિદ્ધ થઈ શકે. શિક્ષક એક કે વધુ તાસમાં સંસ્કૃતના કોઈ એક વિષયાંગના અધ્યાપનને અંતે વિદ્યાર્થી શું શું કરી શકશે, તે અંગેની અપેક્ષાઓ દર્શાવવી એટલે સંસ્કૃત શિક્ષણના વિશિષ્ટ હેતુઓની રજૂઆત કરવી.

આમ, સામાન્ય હેતુ તરીકે એવા હેતુઓને લઈશું જે કોઈ ચોક્કસ વિષય સાથે સંબદ્ધ હોય. ઉપરાંત શિક્ષણના એક સમગ્ર સ્તરને અંતે આપણે જે પરિણામની અપેક્ષા રાખીએ છીએ તે સામાન્ય હેતુ, સામાન્ય હેતુ લાંબાગાળાના અને વધુ સમયને અંતે ફળીભૂત થતા હેતુઓ છે. ધ્યેય અને સામાન્ય હેતુ વચ્ચે પણ તફાવત છે. ધ્યેય એ કોઈ એક સંપૂર્ણ શિક્ષણને અંતે રાખવામાં આવતી અપેક્ષા છે, જ્યારે સામાન્ય હેતુ એટલે શિક્ષણના કોઈ એક સ્તરને અને ચોક્કસ વિષયમાં રાખવામાં આવતી અપેક્ષા છે. વિશિષ્ટ હેતુ ટૂંકાગાળાના અને ઓછા સમયના જે એકાદ તાસમાં સિદ્ધ થાય. સામાન્ય કેતુ પૈયની તુલનામાં નાના વ્યાપના હોય છે. જ્યારે ત્રીજા ક્રમે વિશિષ્ટ તુઓ આવે છે, જે વિષયના એકાદ તાસને અંતે સિદ્ધ થાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે. વિશિષ્ટ હેતુઓ સામાન્ય હેતુઓની પૂર્તિ માટે વિષયોગ અધ્યાપનને અંતે વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવે છે. શિક્ષકને વિશિષ્ટ હેતુઓ સાથે રોજિંદો વ્યવહાર થાય છે. વિશિષ્ટ હેતુઓ સિદ્ધ થયા કે નહિ તે શિક્ષક ટૂંકાગાળામાં જાણી શકે છે, જ્યારે સામાન્ય કેતુઓ માટે વર્ષોની રાહ જોવી પડે છે.

**આમ આપણે હેતુઓને ત્રણ ભાગમાં વહેંચ્યા.**

**1. ધ્યેય/ઉદ્દેશ્ય/લય 2. સામાન્ય હેતુ 3. વિશિષ્ટ હેતુ.** અર્વાચીન સમયમાં પ્રાદેશિક ભાષાઓનો વિકાસ થયો છે. ગુજરાતી આપણી માતૃભાષા છે, હિન્દી રાષ્ટ્રભાષા અને અંગ્રેજીને આંતરરાષ્ટ્રીય વ્યવહારની કે ગ્રંથાલય ભાષા તરીકે પ્રભુત્વ મળ્યું છે. વિદ્યાર્થીને ત્રણ ભાષાઓશીખવાની છે. સાથે આપણી સંસ્કૃતિની ભાષા તરીકે સંસ્કૃત ભાષાને પણ શીખવી જરૂરી છે. સંસ્કૃત ભાષા શીખવા માટે જે સમય, શકિત પ્રાચીન સમયમાં સુલભ હતા, તે આજે નથી. આપી પ્રાચીન સમયમાં સંસ્કૃત શિક્ષણનો સામાન્ય હેતુઓ હોય તે આજે ન હોય. સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓ સાંપ્રત સમયમાં નીચે મુજબ છે.

•સરળ સંસ્કૃત ભાષા વાંચતાં શીખે.
•જરૂરી સંસ્કૃત વ્યાકર વિષયક જ્ઞાન મેળવે. સંસ્કૃત સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવે.
•સંસ્કૃત સાહિત્યમાં વ્યક્ત થયેલાં જીવનમૂલ્યોનો પરિચય પ્રાપ્ત કરી ગ્રહણ કરે.
•સરળ સંસ્કૃતમાં શ્રવણ, કન, વાંચન અને લેખનમાં કૌશલ્ય પ્રાપ્ત કરે.

પ્રાચીન સમયમાં સંસ્કૃત અધ્યાપનના સામાન્ય હેતુમાં અભિવ્યક્તિ ઉપર ભાર મૂકવામાં આવતો હતો. અવિચીન સમયમાં અર્થગ્રહણને પાધાન્ય અપાયું છે,
જે પરિવર્તન પામેલા સમયને અનુરૂપ છે.

**Δ સંસ્કૃત અધ્યાપનના હેતુઓનું વર્ગીકરણ :**

શિક્ષણશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકો શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ પોતે પોતાની રીતે કરે છે. તેમાં બેન્ઝામીન બ્લૂમ અને તેના સાથીદારોએ હેતુઓનું જે વર્ગીકરણ કર્યું છે, તે ખૂબ જ પ્રચલિત છે. જેમ કે....

**(1) જ્ઞાનાત્મક હેતુઓ :** જ્ઞાન કે માહિતી મેળવવાને લગતા તથા જ્ઞાનનો ઉપયોગ કરવાને લગતા હેતુઓ જ્ઞાનાત્મક હેતુઓ છે. ઉદા. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં વર્તમાનકાળના કાળવાચક પ્રત્યયો શીખવવાનો હેતુ જ્ઞાનાત્મક છે.

**(2) ભાવાત્મક હેતુઓ :** લાગણીઓ, ગમાઅણગમા, રસ–રુચિ, મનોવલણ અને મૂલ્યોને લગતા હેતુઓ ભાવાત્મક હેતુઓ છે. ઉદા. કોઈ પદ્ય ગમે મનને આનંદ આપે તે માટે શીખવવું એ ભાવાત્મક હેતુ છે.

**(3) મનોશારીરિક હેતુઓ :** શારીરિક અંગોપાંગના હલનચલનને લગતા હેતુઓ, જેમ કે વિદ્યાર્થીઓને દેવનાગરી લિપિમાં સુરેખ અને સુવાચ્ય હસ્તાક્ષરો કાઢતાં શીખવવાનો હેતુ મનોશારીરિક છે કારણ કે, લખવામાં હાથની આંગળીઓ, આંખ કે મસ્તકના હલનચલનનો સમાવેશ થાય છે.

**(4) જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓને નીચે મુજબ ક્રમિક સ્તરોમાં વહેંચી શકાય છે.**

1. જ્ઞાનપ્રાપ્તિ 2. સમજ અથવા અર્થગ્રહણ 3. ઉપયોજન 4. વિશ્લેષણ 5. સંશ્લેષણ 6. મૂલ્યાંકન.

વિદ્યાર્થીઓ સંસ્કૃત શિક્ષણ દરમ્યાન હકીકતો, વિગતો કે માહિતી જીરૂં અને પાદ રાખે તે જ્ઞાનપ્રાપ્તિની હતુ છે. જ્યારે જુદી જુદી માહિનીઓ વચ્ચે સંબંધ જોડવો એટલે સમજવું કે અર્થહણ કરવું. મેળા દાનને નવી કે અપરિચિત પરિસ્થિતિમાં સફળતાપૂર્વક ઉપયોગ કરવી એ યોજન છે. મેળવેલ માહિતીને નાના નાના અંશોમાં છૂટી પાડવી અને તેમના આંતરસંબંધો શોધવા તે વિશ્લેષણ છે. જ્યારે બૂરી છી અને જુદી જુદી માહિતીનું સંજન કરીને ના વિચારો કે નવી માહિતીનું સર્જન કરવું સંશ્લેષણનો હેતુ છે. વિદ્યાર્થી ભાષા બોલે કે લખે એટલે તેને અભિવ્યક્તિનો હેતુ પણ કહી શકાય. મેળવેલ માહિતીની યોગ્ય યોગ્યતા સત્યાસત્ય કે ઉપયોગિતા વિશે ચોક્કસ માપદંડને આધારે નિર્ણય લેવી તે મૂલ્યાંકનનો ઉદેશ્ય છે.

**સંસ્કૃત અધ્યાપનના સામાન્ય હેતુઓનું વર્ગીકરણઃ**

માધ્યમિક કક્ષાએ સંસ્કૃત શિક્ષણના સામાન્ય તેનુઓનું વર્ગીકરા નીચે મુજબ કરી શકાય.

| ક્રમ | સામાન્ય હેતુ | હેતુનું ક્ષેત્ર | હેતુનું સ્તર |
|---|---|---|---|
| 1. | ભાષાના મૂળતત્ત્વોનું જ્ઞાન મળવે. ગદ્યપદ્ય-વ્યાકરણશબ્દોનું જ્ઞાન મેળવે. | જ્ઞાનાત્મક | જ્ઞાનપ્રાપ્તિ |
| 2. | ગદ્ય-પદ્યનું શ્રવણ અને મૂકવાચન દ્વારા અર્થગ્રહણ કરતાં શીખે. | જ્ઞાનાત્મક | અર્થગ્રહણ |
| 3. | વ્યાકરણ વિષયક જ્ઞાનનો ઉપયોગ નવીન પરિસ્થિતિમાં કરે. | જ્ઞાનાત્મક | ઉપયોગ |
| 4. | ગદ્ય-પદ્યનો આસ્વાદ માણે,સાહિત્યમાં રસ કેળવે. | ભાવાત્મક | રસાસ્વાદ |
| 5. | ગદ્ય-પદ્ય ખંડનું મુખવાચન કરે. | મનોશારીરિક | અભિવ્યક્તિ કૌશલ્ય |
| 6. | શ્લોકોનું છંદોબદ્ધ ગાન કરે. | મનોશારીરિક | અભિવ્યક્તિ કૌશલ્ય |
| 7. | ગદ્યપદ્ય ખંડોનું અનુલેખન કરતાં શીખે. | મનોશારીરિક | અભિવ્યક્તિ કૌશલ્ય |

*વિશિષ્ટ હેતુઓની સંરચના માટે ધ્યાનમાં રાખવાની બાબતો :

> હેતુઓની સંરચના વિધાનોના સ્વરૂપમાં કરવી જોઈએ. હેતુઓના વિધાનોની શરૂઆતમાં વિદ્યાર્થી શબ્દ લખવો જોઈએ. દરેક વખતે વિદ્યાર્થી શબ્દ ન લખવો હોય તો ઉપર વિદ્યાર્થી' શબ્દ લખીને નીચે વિધાનો લખવાં જોઈએ.

>હેતુના વિધાનમાં વિદ્યાર્થીના જોઈ શકાય તેવા એટલે કે અવલોકનક્ષમ (Observable) વર્તનનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. જેમ કે, વિદ્યાર્થી 'પર્યાયો લખશે, ભાષાંતર લખશે, સંધિવિચ્છેદ કરશે વગેરેનો ઉલ્લેખ હોવો જોઈએ. અધ્યાપન એ વિદ્યાર્થીના

વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાની પ્રક્રિયા છે. પરિણામે અપેક્ષિત પરિવર્તન થયું છે કે નહિ તે વિદ્યાર્થીના અવલોકનક્ષમ વર્તનને આધારે
જ નક્કી કરી શકાય. વિદ્યાર્થીઓ જાશે, અવલોકન કરે, અર્થગ્રહણ કરે, ખાલી જગા પૂરે, રૂપો લખે, રૂપો બનાવે, વગેરે અવલોકનક્ષમ વર્તનો છે. આથી વિધાનમાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ થવો જોઈએ.

> વિશિષ્ટ હેતુઓની રચના માટે કેતુના વિધાનમાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ કરવો જરૂરી છે. પરંતુ, એટલું માત્ર પૂરતું નથી. અવલોકનક્ષમ વર્તન કઈ પરિસ્થિતિઓમાં, કઈ શરતોએ પ્રગટ થયું તે પણ કેતુના વિધાનમાં સ્પષ્ટ કરવું જોઈએ. જેમ કે, યાદ કરીને લખે, સુભાષિતોને શીખ્યા પછી બોલે, આપેલો ગદ્યખંડ વાંચીને શબ્દોના અર્થ શીખે.....વગેરે.

> સંરચિત વિશિષ્ટ હેતુના વિધાનમાં અવલોકનક્ષમ વર્તન અને પરિસ્થિતિના ઉલ્લેખ ઉપરાંત એ વર્તનનું કયું લઘુત્તમ અંતર આપણને સ્વીકાર્ય છે, તે પણ જણાવવું જોઈએ. આથી જેમ કે ચાર શબ્દોના ગુજરાતીમાં પર્યાય આવે એવી સ્પષ્ટ ઉલ્લેખ જરૂરી છે.

> સંરચિત વિશિષ્ટ હેતુના વિધાનમાં શીખવવાના વિષયવસ્તુનો પણ સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. આપણે વિષયવસ્તુ દ્વારા અને તેના સંદર્ભમાં વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવા ઈચ્છીએ છીએ. આપણે નવા સંસ્કૃત શબ્દો, શ્લોકો, સંસ્કૃત વાક્ય વગેરેમાં જુદા જુદા વિષયાંગો સમાયેલ હોય છે. આથી વિષયાંગના સંદર્ભમાં વિશિષ્ટ હેતુઓની સંરચના થવી જોઈએ.

> આ ઉપરાંત વિશિષ્ટ હેતુઓ વિદ્યાર્થીઓની વયજ્ઞાન કક્ષાનુસાર હોવા જોઈએ.

> વિશિષ્ટ હેતુઓ સિદ્ધ થઈ શકે તેવા, સિદ્ધ કરવા માટે યોગ્ય હોવા જોઈએ. યોગ્ય સમયમર્યાદામાં, યોગ્ય સાધનો વડે, યોગ્ય વિષયાંગને અનુલક્ષીને તે સિદ્ધ થઈ શકે તેવા હોવા જોઈએ.

> આ રીતે વિશિષ્ટ હેતુઓની સંરચનામાં ઉપરની બાબતો ખાસ ધ્યાનમાં લેવી જોઈએ.

*સંસ્કૃત શિક્ષણના અચીન સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ :

સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓ સાથે જોડાયેલા વિશિષ્ટ હેતુઓ નીચે મુજબ છે.

1. જ્ઞાન :

સામાન્ય હેતુ : વિધાર્થી સંસ્કૃત ભાષાનું પ્રાથમિક–જ્ઞાન મેળવે.

વિશિષ્ટ હેતુઓ : વિધાર્થી...

>વ્યાકરણ વિષયક–જ્ઞાન મેળવે.

>સંધિ, સમાસ, કૃદન્ત, ઉપસર્ગ, અવ્યય વગેરેનું જ્ઞાન મેળવે.

>સંસ્કૃત અને માતૃભાષાના વ્યાકરણ વચ્ચે સામ્ય–ભેદ સમજે.

>સરળતાથી અન્વય કરતાં શીખે.

>પ્રહેલિકા, અન્યોક્તિ વગેરે વ્યાકરણની સહાયથી સમજે. સંસ્કૃત ભાષાના વૈશિષ્ટ્યને સમજે.

>વ્યાકરણ દ્વારા સરળતાથી ભાષાન્તર કરી શકે.

સંસ્કૃત ભાષા વ્યાકરણ પર આધારિત છે. સંસ્કૃત ભાષાના જ્ઞાન માટે વ્યાકરણનું જ્ઞાન મેળવવું આવશ્યક છે. સંસ્કૃતના વ્યાકરણને શાસ્ત્રીય અને પ્રમાણભૂત ગણવામાં આવ્યું છે. સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ મેળવવા વ્યાકરણનું જ્ઞાન આવશ્યક છે. આથી વ્યાકરણનાં જુદાં જુદાં પાસાં વિશિષ્ટ હેતુ તરીકે લઈ સંસ્કૃત ભાષાનું પ્રાથમિક જ્ઞાન વિદ્યાર્થી મેળવે તે આવશ્યક છે. તેના વિના ભાષાની સમજ સ્પષ્ટ ન બને એ સ્વાભાવિક છે. આથી સંસ્કૃતનું પ્રાથમિક જ્ઞાન વિદ્યાર્થીને અત્યંત આવશ્યક છે.

2. અર્થગ્રહણ \સમજ :

(અ) સામાન્ય હેતુ : વિધાર્થી સરળ સંસ્કૃત વાંચતાં શીખે.

વિશિષ્ટ હેતુ : વિધાર્થી....

>શુદ્ધ ઉચ્ચાર કરતાં શીખે.

>શબ્દોના સ્થાનનો ખ્યાલ રાખી વાંચતાં શીખે.
>સામાન્ય ઝડપથી વાંચતાં શીખે.
>ભાવવાની વાંચતાં શીખે.
>અભિનયપૂર્વક વાંચતાં શીખે,
>અસરકારક વિચાં શીખે.
>વિરામચિહ્નોને ધ્યાનમાં રાખી વાંચતાં શીખે.
>નાટકો અને સંવાદો ભાવપૂર્વક આરોહ અવરોહ સાથે વાંચતાં શીખે.
>ભાવવાહી પદ્યવાચન કરતાં શીખે. છીબદ્ધ વાચન કરતાં શીખે.
>આરોહ અવરોહ યુક્ત વાચન કરતાં શીખે. સંધિમુક્ત અને મુક્ત વાચન કરતાં શીખે.

કોઈપણ એકમના શિક્ષણ માટે વિદ્યાર્થી સરળ સંસ્કૃત વાંચતાં શીખે' એ સામાન્ય હેતુ પસંદ કર્યો હોય તો તેના બધા જ વિશિષ્ટ હેતુઓ જુદા-જુદા તાસમાં સિદ્ધ થાય તે રીતે આયોજન કરવું અને પ્રવૃત્તિ યોજવી જરૂરી બને છે. આ જ રીતે પશ્ચ શિક્ષણમાં પણ વિશિષ્ટ હેતુઓ ધ્યાનમાં રાખી શિક્ષકે પોતાની પ્રવૃત્તિ નક્કી કરવી જોઈએ અને તેનું સતત–મૂલ્યાંકન કરતાં રહેવું ને ઈને..
(બ) સામાન્ય હેતુ : વિદ્યાર્થી સરળ સંસ્કૃત સમજતાં શીખે.
વિશિષ્ટ હેતુઓ : વિદ્યાર્થી...
>વિચારો ગ્રહણ કરતા શીખે.
>સંસ્કૃતમાં દૃષ્ટાંત આપી વિચાર રજૂ કરવાની કલા સમજે.
>વસ્તુનો ભાવ સમજતાં શીખે.
>કવિનો ભાવાર્થ સમજે.
>નવા શબ્દોના અર્થ જાણે – શબ્દભંડોળ વધારતાં શીખે.
>સત્યાસત્ય સમજતાં શીખે.
>બોલેલ, લખેલ સંસ્કૃતમાંથી સાર મણ કરતાં શીખે.
>ગદ્ય અને પદ્મની તુલના કરતાં શીખે.
સંસ્કૃત ભાષા અર્થમાની ભાષા ગણાય છે. ભાવગ્રહણ વિદ્યાર્થી માટે ખૂબ જ જરૂરી છે. સાહિત્યમાં રજૂ થયેલ વિચાર વિદ્યાર્થી પામે તે અગત્યનું છે. શ્લોક કે વાક્યના ભાવને વિદ્યાર્થીએ પામવો જોઈએ. શ્લોકોમાં જે ભાવ રજૂ થયેલ હોય તે ભાવ વિદ્યાર્થી ગ્રહણ કરે તે મહત્ત્વનું છે.
3.અભિવ્યક્તિ :
સામાન્ય હેતુ : વિદ્યાર્થી વાંચેલી કે સાંભળેલી સંસ્કૃત ભાષાને માતૃભાષામાં અભિવ્યક્ત કરતાં શીખે.
વિશિષ્ટ હેતુઓ : વિદ્યાર્થી...
>માતૃભાષામાં સરળ અનુવાદ કરતાં શીખે.
>સુભાષિતોનો ભાવવાહી સરળ અનુવાદ કરતાં શીખે.
>નાટકો અને સંવાદોને હાવભાવ સાથે અભિવ્યક્ત કરતાં શીખે. સુભાષિતો અને સુક્તિઓનો માતૃભાષામાં વિચાર વિસ્તાર કરતાં શીખે.
>જોડણી શુદ્ધિ જાળવી ભાષાન્તર કરતાં શીખે.
>સંસ્કૃત તત્સમ્ શબ્દો પર્યાય તરીકે આપતાં શીખે.
>વિચારને સમૃદ્ધ બનાવવા સંસ્કૃતમાંથી કોઈ સુભાષિતનું ચરણ કે દૃષ્ટાંત ટાંકી વિચારોને યોગ્ય ક્રમમાં રજૂ કરતાં શીખે.

જ્યારે વિદ્યાર્થી સંસ્કૃત ભાષાનું ભાષાન્તર કરે છે ત્યારે આપણે એ જાણવા માગીએ છીએ કે તે સંસ્કૃત ભાષા બરાબર સમજ્યો કે નહિ અથવા સમજ્યો તો કેટલા પ્રમાણમાં અને કેવું સમજ્યો તેની ચકાસણી થાય છે. શબ્દશઃ ભાષાંતર કરવાનું ભલે હોય પણ ઘણીવાર વિચારમાં રહેલો ભાવ જળવાઈ રહે તે બાબત પણ ઇચ્છનીય છે. બની શકે તો સંસ્કૃત તત્સમ્ શબ્દોને ભાષાન્તર કરતી વેળાએ પ્રાધાન્ય આપવું તે હિતમાં છે. સંવાદોના અનુવાદમાં લેખકનો ભાવ કે વિચાર જળવાઈ રહે તેવા શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ. માત્ર શાબ્દિક ભાષાન્તર હોઈ શકે નહિ.

4.રસાસ્વાદ (અભિરુચિ)

સામાન્ય હેતુ વિધાર્થી સંસ્કૃતના અભ્યાસ પ્રત્યે અભિરુચિ કેળવતાં શીખે,

વિશિષ્ટ હેતુઓ : વિધાર્થી...

>સુભાષિતી કંઠસ્થ કરે.

>શ્લોક પાનનો આનંદ છે.

>ઈતર વાચનમાં રસ લે.

>સંસ્કૃતના ઉત્તમ ગ્રંથીનો પરિચય મેળવે.

>સંસ્કૃતની ઈતર પરીક્ષામાં ઉપસ્થિત થાય,

>સંસ્કૃત કાર્યક્રમોમાં ભાગ લે.

>સંસ્કૃત શ્લોકો, વિવિધ સ્તોત્રોનું પઠન કરવાની ટેવ પાડે.

સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થી રસ લેતો થાય, તેના અભ્યાસમાં અભિરુચિ જન્મે તો સંસ્કૃતનું અધ્યાપન સક્ષમ બને તે માટે કુશળ શિક્ષક અધ્યયન- અધ્યાપનમાં એવી પ્રવૃત્તિઓ હાથ ધરે જેથી વિદ્યાર્થીઓની સંસ્કૃત ભાષા પ્રત્યે રસવૃત્તિ વધતી જાય. શિક્ષકનો સંસ્કૃત શિક્ષણ પ્રત્યેનો રસ, ઉત્સાહ, આનંદ, વિદ્વત્તા વિદ્યાર્થીઓમાં પણ રસ, વલણ, સંવેદનશીલતા, અભિરુચિ જાગ્રત કરશે. એકવાર ભાષા શીખવા પ્રત્યે અભિરુચિ જીગૃત થાય એટલે શિક્ષકનું અડધું કામ પૂરું થયેલું ગણાય.

5. ઉપયોગ (ચારિત્ર્ય- ઘડતર)

સામાન્ય હેતુ વિધાર્થીઓનું સંસ્કૃત શિક્ષણ દ્વારા ચાચિ ઘડતર થાય, વિશિષ્ટ હેતુઓ : વિધાર્થી....

>પંચતંત્ર, સિતોપદેશની વાર્તાઓનો ઉપદેશ જીવનમાં ગ્રહણ કરે.

>સુભાષિતો દ્વારા સારાસારનો વિવેક કેળવે.

>ફરજ પ્રત્યે સભાનતા કેળવે.

>ગુણોનું મૂલ્ય સમજી જીવનમાં અપનાવે.

>સંસ્કૃત ગ્રંથોમાંથી પૂર્વજો અને તેમની સંસ્કૃતિનું જ્ઞાન મેળવે.

વિદ્યાર્થી સંસ્કૃત શિક્ષણ દ્વારા ધર્મ, નીતિ, વિદ્યા, આચાર-વિચાર, ગુણો વગેરેની ઘણી માહિતી મેળવી શકે છે. તેને વિદ્યાર્થી જીવનમાં અપનાવે અને એક સુસંસ્કારી નાગરિક બને તે સંસ્કૃત શિક્ષણનું ધ્યેય છે.

હેતુઓનું મહત્ત્વ :

>હેતુઓ કાર્ય-સિદ્ધિનું પરિણામ છે.

>કાર્યની સફળતા નિર્ધારિત હેતુઓ પર અવલંબે છે.

>હેતુઓ કાર્યના સારા પરિણામોને ચિંધે છે, કાર્યને દિશા આપે છે,વેગ આપે છે, અને સફળતા તરફ દોરી જાય છે.

>શૈક્ષણિક હેતુઓ શિક્ષણની પ્રક્રિયાનું આરંભબિન્દુ છે. વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવી શકાય છે.

>હેતુઓની સિદ્દિધ દ્વારા કેળવણીનાં ધ્યેયો સિદ્ધ કરી શકાય છે.

3.2.2 વિશિષ્ટ હેતુઓ

(ઉપર દર્શાવલ બંને હેતુઓની સાથે સમજ આપેલી છે.)

**એકમ: 4 સંસ્કૃત શિક્ષણની પદ્ધતિ અને શૈક્ષણિક સાધનો**

**4.1 સંસ્કૃત શિક્ષકની વિવિધ પદ્ધતિઓ**

**4.2 સંસ્કૃત શિક્ષણનાં વિવિધ સાધનો**

**4.3 સાધનોનો પરિચય**

---

**4.1 સંસ્કૃત શિક્ષણની વિવિધ પદ્ધતિઓ**

**1. પ્રસ્તાવના**

અન્ય ભાષાનો ઉપયોગ કર્યા વિના જે ભાષા શીખવવી હોય તે જ ભાષામાં શિક્ષણકાર્ય કરવું તે પદ્ધતિને પ્રત્યક્ષ પદ્ધતિ કહે છે. બાળક પોતાની માતૃભાષા અન્ય ભાષાના ઉપયોગ વિના માતૃભાષામાં જ મળતા પ્રત્યક્ષ અનુભવોને આધારે શીખે છે. એ વિચારમાંથી આ પદ્ધતિ વિકસી છે, માતૃભાષાની જેમ પ્રાકૃતિક અનુભવો મેળવીને જે ભાષા શીખવી છે તે જ ભાષાના પ્રાકૃતિક અનુભવોને આધારે આ ભાષાનું શિક્ષણકાર્ય થતું હોવાથી આ પદ્ધતિને પ્રાકૃતિક પદ્ધતિ પણ કહે છે. વળી, અનુવાદ પતિની મર્યાદાઓને દૂર કરવા માટે અંગ્રેજીના શિક્ષણમાં આ પદ્ધતિ સુધારો લાવવા માટે પ્રયોજાઈ, તેથી આ પદ્ધતિને સુધારાત્મક પદ્ધતિ પણ કહે છે.

**∆ આ પદ્ધતિનાં મહત્ત્વનાં લક્ષણો આ પ્રમાણે છે.**

- આ પદ્ધતિ પ્રારંભમાં કથન કૌશલ્ય પર ભાર મૂકે છે. બાળકને પહેલાં બોલતાં શીખવવામાં આવે છે. તે માટે તેને ભાષા શ્રવણની પૂરતી તકો આપવામાં આવે છે. આમ ભાષા શિક્ષણના પાયામાં આ પરિત મૌખિક અભિવ્યક્તિને કેન્દ્રસ્થાને મૂકે છે.
- મૌખિક અભિવ્યક્તિની સાથે બાળકના શબ્દભંડોળને વધારવામાં આવે છે. શબ્દભંડોળ વધવાથી બાળકની વાચન ક્ષમતા વધે છે.
- બાળકના શબ્દભંડોળને ધ્યાનમાં રાખીને પરિચિત, પસંદિત શબ્દોવાળી વાંચન-સામગ્રી તૈયાર કરવામાં આવે છે, તેથી બાળક ક્રમશઃ કથન, વાંચન અને લેખન કૌશલ્યને પ્રાપ્ત કરી શકે છે.
- જરૂરિયાત પૂરતું જ વ્યાકરણ શીખવવામાં આવે છે. બાળક ઘરમાં શરૂઆતને તબક્કે માતૃભાષા શીખે છે તેમ તેને ભાષાનું શિક્ષણ અને મહાવરી આપવામાં આવે છે. વ્યાકરણનું સૈદ્ધાંતિક શિક્ષણ ટાળવામાં આવે છે.
- માતૃભાષાનો ઉપયોગ કરવામાં આવતી નથી. વાતચીત, વાર્તાલાપ, સંવાદો સંસ્કૃતમાં રજૂ કરવામાં આવે. अहं गच्छामि। अहं वदामि। अहं लिखामि। જેવાં વાક્યો દ્વારા સીધું ભાષા શિક્ષણ થાય છે. સંસ્કૃત ભાષાના ઉપયોગ દ્વારા સંસ્કૃતમય વાતાવરણનું નિર્માણ થાય છે.

બાળકને સંસ્કૃત ભાષાના શ્રાવ્ય અનુભવી મળવાથી તે
સહજતાથી સંસ્કૃત ભાષાને મણ કરે છે.

- એનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે. મૂળ વસ્તુ, પ્રતિકૃતિ, નમૂનો, ચિત્ર ઈત્યાદિ દર્શાવીને શબ્દનો સંબંધ મૂળ પદાર્થ કે અર્થ સાથે સ્થાપિત કરવામાં આવે છે. દા.ત., વાનરનું ચિત્ર બતાવીને। अयं शाखामृगः જેવાં વાકો દ્વારા શબ્દનો અર્થ બૌધ કરવામાં આવે છે.

- શ્રાવ્ય સાધનો, દશ્ય સાધનો કે દશ્ય-શ્રાવ્ય સાધનો ઉપરાંત ચેષ્ટા, હાવભાવ કે પરિસ્થિતિના નિર્માણ દ્વારા શબ્દો અને સૂક્ષ્મ સંકલ્પનાઓને સ્પષ્ટ કરવામાં આવે છે.
- ભાષાના એકમ તરીકે વાક્યને સ્વીકારીને પૂર્ણ વાક્યોના ઉપયોગ દ્વારા સંપૂર્ણ વર્ગવ્યવહાર અને ભાષા શિક્ષણની પ્રક્રિયા ચાલે છે.
- આ પદ્ધતિમાં અન્ય ભાષાના ઉપયોગનો નિષેધ હોવાથી સંસ્કૃત ભાષા શિક્ષણ માટે જરૂરી શ્રાવ્ય અનુભવી વિદ્યાર્થીને મળી રહે છે. સ્પષ્ટ પ્રવાહી કથન કૌશલ્યની પ્રાપ્તિ થાય છે. ભાષા શિક્ષણ જીવંત બને છે.

**● પ્રત્યક્ષ પદ્ધતિનું મહત્ત્વ:**

સંસ્કૃત ભાષામાં શિક્ષણકાર્ય થતું હોવાથી વિદ્યાર્થીને સંસ્કૃત શ્રવણ, કથન, વાચન અને લેખનનો મહાવરો ક્રમશઃ મળી રહે છે. શિક્ષણનો આ મનોવૈદાનિક ક્રમ જળવાતી હોવાથી ભાષા શિક્ષણની દષ્ટિએ બાળકનો એકાંગી વિકાસ ન થતાં સર્વાંગી વિકાસ થાય છે.

સંસ્કૃત ભાષામાં અધ્યયન-અધ્યાપન કાર્ય થતું હોવાથી વર્ગમાં સંસ્કૃતમય વાતાવરણ સર્જાય છે. પરિણામે સંસ્કૃત શિક્ષણ વિદ્યાર્થીઓને સહજ લાગે છે. શૈક્ષણિક સાધનોના ઉપયોગથી શિક્ષણકાર્ય અસરકારક બને છે.

- વ્યાકરણના નિયમો ગોખવામાં આવતા નથી, પરિણામે વિદ્યાર્થીઓ કંટાળ્યા વિના રસપૂર્વક સંસ્કૃત શીખે છે. સંસ્કૃતમાં અભિવ્યક્તિની ક્ષમતા વધે છે.

**■ મર્યાદાઓ:**

- સંસ્કૃતનું શિક્ષણ સંસ્કૃતના માધ્યમમાં થાય તે વર્તમાન સંજોગોમાં શક્ય નથી.
- વિદ્યાર્થીઓને સંસ્કૃત સાંભળવાની તક મળતી નથી. સમગ્ર શિક્ષણકાર્ય દરમ્યાન સંસ્કૃતમાં સંભાષણ કે કથન કરી મુકે અને તે પણ વિદ્યાર્થીઓની કક્ષાએ. એવા શિકી મળવા મુશ્કેલ છે.
- સંસ્કૃત ભાષામાં વ્યાકરણ અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેની ઉપેક્ષા ન કરી શકાય. આ પદ્ધતિ વ્યાકરણના ઊંડાણભર્યા શિક્ષણની શિમાયતી નથી. તેથી સંસ્કૃત વ્યાકરાનું શિલ ખોરંભાઈ જાય તેમ છે, અને સંસ્કૃત વ્યાકરણ પ્રધાન ભાષા હોવાથી વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષા કરી ન શકાય.
- સંસ્કૃત સાહિત્ય કૃતિઓ, સુભાષિતોના મર્મને વ્યક્ત કરવામાં આ પઢતે પાર્યું પરિણામ લાવી શકે તેમ નથી. સ્પષ્ટીકરણ અને રસાસ્વાદ માટે માતૃભાષાનો ઉપયોગ અનિવાર્ય હોવાથી આ પદ્ધતિ વર્તમાન સમયમાં કારગત નીવડે તેમ નથી.

**2. અનુવાદ :**

અન્ય ભાષા શીખવવા માટે માતૃભાષાને શિક્ષણનું માધ્યમ બનાવી શિક્ષાકાર્ય કરવાની પદ્ધતિ એટલે અનુવાદ પતિ. આ પતિને પરોક્ષ પતિ નામે પા ઓળખવામાં આવે છે કારણ કે, અનુવાદ પદ્ધતિમાં સંસ્કૃત ભાષા શીખવવા માતૃભાષાની સારો લેવો પડે છે. આમ ભાષાને શીખવવા એક પરોક્ષ માધ્યમનો સહારો લેવામાં આવે છે. અનુવાદ પતિતમાં સમગ્ર વર્ગવ્યવહાર માતૃભાષાના માધ્યમથી જ ચાલે છે. અનુવાદને પ્રાધાન્ય અપાય છે. તેથી સાહિત્યનાં બીજા અંગો અળગાં રહી જાય એવી શક્યતા નકારી શકાય નહિ. વિદ્યાર્થી ભાષાના માધ્યમને આધારે જ સંસ્કૃત લખતાં-વાંચતાં શીખે છે. મૌખિક અભિવ્યક્તિને આ પદ્ધતિમાં પ્રાધાન્ય મળતું નથી. કંઠસ્થીકરણનો આમહ રાખવામાં આવે છે.

સંસ્કૃત શિક્ષણમાં આ પદ્ધતિ રૂઢ થઈ ગઈ છે. માતૃભાષાના માધ્યમથી આ ભાષા સરળતાથી શીખવી શકાય છે. બાળકો માતૃભાષામાં પોતાના વિચારી અધિક સરળતાથી તથા સ્પષ્ટતાથી રજૂ કરી શકે છે. માતૃભાષાના માધ્યમ દ્વારા વિષયને સમજવામાં સરળતા પડે છે. સંસ્કૃત ભાષા સરળતાથી શીખવી શકાય છે.

■ **લક્ષણો:**

આ પદ્ધતિનાં લક્ષણો નીચે મુજબ છે.

- આ પદ્ધતિમાં વર્ગવ્યવહાર સંસ્કૃતના માધ્યમથી ચાલે છે.
- મૌખિક અભિવ્યક્તિને ખાસ મહત્ત્વ અપાતું નથી.
- વાચન અને લેખન – આ બે કૌશલ્યો પર વિશેષ ભાર મૂકાય છે.
- માતૃભાષાના સહારે વિદ્યાર્થી શરૂઆતથી જ સંસ્કૃત વાંચતાં લખતાં તથા માતૃભાષામાં અનુવાદ કરતાં શીખે છે.
- માતૃભાષાના માધ્યમથી વ્યાકરણનું જ્ઞાન આપી કંઠસ્થ કરાવવામાં આવે છે.
- સંસ્કૃત ભાષાનું જ્ઞાન માતૃભાષાના સ્વરૂપની તુલના કરી આપવામાં આવે છે.
- સંસ્કૃતનો માતૃભાષામાં અનુવાદ કરી શીખવવામાં આવે છે.

■ **મહત્ત્વ:**

- માતૃભાષાનો ઉપયોગ મુખ્ય માધ્યમ તરીકે વાને કારણે વિદ્યાર્થીઓ સરળતાથી સંસ્કૃત ભાષા શીખી શકે છે. વિષય ને મેળવવામાં સરળતા રહે છે.
- સારા વક્તા બનવા માટે આ પદ્ધતિ ઉપયોગી બની શકે છે.
- વાંચન અને લેખન કૌશલ્પ ક્લિવવામાં ઉપયો બને છે.
- તુલનાત્મક પદ્ધતિથી શિક્ષણ આપી શકાય છે.
- નબળા વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા શીખવા ખૂબ જ ઉપકારક છે.
- વિદ્યાર્થીનું શબ્દભંડોળ વર્ષ છે.
- 'જ્ઞાતથી અજ્ઞાત તરફ' સિદ્ધાંતને આધારે શીખવવાથી આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક છે.
- વિદ્યાર્થીમાં અનુવાદ કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે.
- અનુવાદ દ્વારા વાક્યરચના સરળતાથી સમજાય છે.
- આ પદ્ધતિ અનુમાન, સરખામણી અને નિરીક્ષા ટૈવ વિકસાવે
- કંઠસ્થીકરણનું ભારણ ઓછું થાય છે.
- શિક્ષણકાર્યમાં સમય, શક્તિનો બચાવ થાય છે, શિક્ષણની પ્રક્રિયા ઝડપી બને છે.
- વાચન અને અર્થગ્રહણ શક્તિ વિક્સે છે.
- વિદ્યાર્થીઓમાં વિચારવાની, સમજવાની, તર્ક કરવાની શક્તિનો વિકાસ થાય છે.
- વ્યાકરણના નિયમો સરળતાથી સમજી શકે છે.
- આ પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવાથી સંસ્કૃતમાં રજૂ થયેલ વિચારોને વિદ્યાર્થી માતૃભાષામાં અભિવ્યક્ત કરી શકે છે. સંસ્કૃતનો ભાવાનુવાદ કરવાનું કૌશલ્ય કેળવાય, ભાષા શુદ્ધિ આવે છે, તથા સંસ્કૃત ભાષા ઝડપથી શીખી શકાય છે.

■ **મર્યાદા:**

- વિદ્યાર્થી સમજયા વિના વ્યાકરણના નિયમો ગોખવા લાગે છે, પરિણામે ગોખણપટ્ટીના રવાડે ચડી જાય છે.
- વિદ્યાર્થી માત્ર અનુવાદ પર જ ધ્યાન આપે છે, વ્યાકરણની અવગણના કરે છે.
- ભાષા શિક્ષણની સ્વાભાવિકતા જળવાતી નથી.
- ભાષા અભ્યાસજન્ય છે. અનુવાદને કારણે ભાષા લખવાની, વાંચવાની શક્તિનો વિકાસ થતો નથી.
- ભાષા સૌંદર્ય નષ્ટ થાય છે, મૂળ ભાવ જળવાતો નથી.

- આ પદ્ધતિ કૃત્રિમ અને અમનોવૈજ્ઞાનિક છે.
- પ્રારંભિક તબક્કે શિક્ષણમાં પ્રગતિ દેખાય, પરંતુ પાછળથી જ્ઞાનપ્રાપ્તિનો વિકાસ અટકી જાય છે.
- માતૃભાષાનો જ્ઞાનની ઊણપ સંસ્કૃતમાં પણ નડે છે.
- અનુવાદના આધારે શીખેલ વસ્તુ થોડા સમયમાં ભૂલી જવાય છે.
- શિક્સમાં નવીનતા લાવી શકાતી નથી, પરિજાયે શિક્ષણ ચીલાચાલુ અને શુષ્ક બને છે.
- ઉચ્ચારશુદ્ધિ પર ધ્યાન અપાતું નથી, પરિણામે અભિવ્યક્તિ કૌશલ્યનો યોગ્ય વિકાસ થતો નથી.
- શાબ્દિક ભાષાન્તર કરતાં ભાષાને અન્યાય થાય છે.
- આ પદ્ધતિમાં ભાષાનાં પાયાનાં કૌશલ્યો શ્રવણ અને કથન બન્ને પ્રત્યે દુર્લક સેવાય છે.
- માતૃભાષાના સારા જ્ઞાનને કારી સંસ્કૃત પણ સારું શીખી શકાશે તે માન્યતા ભૂલભરેલી છે કારણ બન્ને ભાષાની સંરચના ભિન્ન છે.

આમ કોઈપણ ભાષા શીખવવા માટે તે પ્રકારનું વાતાવરણ જરૂરી છે છતાં તે જ્યાં આવશ્યક હોય ત્યાં માતૃભાષાના ઉપયોગ દ્વારા સમજ વિકસાવવા પ્રયત્ન કરવામાં આવે તો સંસ્કૃત ભાષા સરળતાથી શીખી શકાય.

**3.પ્રત્યક્ષ, અનુવાદ પદ્ધતિની તુલના – ચર્ચા:**

| **પ્રત્યક્ષ પદ્ધતિ** | **અનુવાદ પદ્ધતિ** |
|---|---|
| અન્ય ભાષા નો સહારો લીધા વિના જે-તે ભાષા દ્વારા શિક્ષણ પ્રત્યક્ષ પદ્ધતિ દ્વારા આપવામાં આવે છે | અન્ય ભાષા ના સહારા દ્વારા જે-તે શિક્ષણ આપવામાં આવે છે |
| ભાષા શિક્ષણની કુદરતી પદ્ધતિ | આ પતિને પરોક્ષ નામે ઓળખવામાં આવે છે. |
| સંપૂર્ણ ભાષા વિકાસની તક રહે છે. | ભાષાનો વિકાસ સંપૂર્ણ સ્વરૂપે થતો નથી. |
| સ્વાભાવિક શિક્ષણ પ્રક્રિયા | ક્રમશ: શિક્ષણ પ્રક્રિયા છે અનુવાદની પ્રાધાન્ય આપવામાં આવે છે |
| ભાષા શિક્ષણની મનોવિજ્ઞાન ની પદ્ધતિ | આપત્તિ રૂઢ થઈ ગઈ છે તુલનાત્મક પદ્ધતિથી શિક્ષણ આપી શકાય છે. |
| આ પદ્ધતિમાં મૌખિક અભિવ્યક્તિ પર ભાર મૂકવામાં આવે છે | મૌખિક અભિવ્યક્તિને ખાસ મહત્વ અપાતું નથી. |
| ભાષા અભિવ્યક્તિની ક્ષમતા કેળવાય છે | વાંચન અને અર્થગ્રહણ શક્તિ વિકે છે. |

4. સ્વાધ્યાય:

સંસ્કૃતમાં સ્વાધ્યાય શબ્દ વિશાળ અર્થમાં પ્રયોજાયો છે. स्वाध्यायात्‌ मा प्रमद । જેવા સ્વાધ્યાય નું મહત્વ પ્રસ્થાપિત કરે છે.પણ આ પદ્ધતિમાં સ્વાધ્યાયપણ આ પદ્ધતિમાં સ્વાધ્યાયને આપણે શાલેય શિક્ષણના સંદર્ભમાં વિચારીશું.સ્વાધ્યાય એટલે વિદ્યાર્થીને વર્ગમાં કે વર્ગની બહાર કરવા માટે સોંપવામાં આવેલું કાર્ય.સ્વાધ્યાય નો અર્થ અહીં માત્ર ગૃહકાર્ય એવો કરવાનો

નથી.સ્વાધ્યાય નીપ્રવૃત્તિ વર્ગખંડમાં કરવા માટે પણ હોઈ શકે.સ્વાધ્યાય પતિને સમજવા માટે સ્વાધ્યાય શબ્દને સમજવો જરૂરી છે,સ્વાધ્યાય દ્વારા કરવાની પ્રવૃત્તિ છે.સ્વાધ્યાયમાં વિદ્યાર્થીએ કરવાના કાર્યનો સ્પષ્ટ નિર્દેશ હોય છે.

આ સ્વાધ્યાય પ્રવૃત્તિરૂપે પણ હોઈ શકે. સ્વાધ્યાય એ માત્ર નું કાર્ય નથી. ગૃહકાર્ય તો સ્વાધ્યાયનો એકક ભાગ છે.

સ્વાધ્યાય ની આટલી સાદી સમજ પછી આપત્તિને સમજવી સરળ બને છે આપત્તિમાં શિક્ષક વિદ્યાર્થીને અધ્યયનથી અભ્યાસ કરી શકે તેવા મુદ્દાઓ કે પ્રશ્નો સ્વાધ્યાય તરીકે આપે છે.

વિદ્યાર્થીએ પોતાની સમજ પ્રમાણે સ્વાધ્યાયાનથી આ પ્રશ્નોના ઉત્તર તૈયાર કરવાના હોય છે અથવા સોંપવામાં આવેલ પ્રવૃત્તિપૂર્ણ કરવાની હોય છે, આ પદ્ધતિની સફળતાનો આધાર સ્વાધ્યાયની રચના પર છે, જો સ્વાધ્યાય યોગ્ય ન હોય તો આ પદ્ધતિ સફળ થતી નથી તેથી સ્વાધ્યાય સારો બને તો શિક્ષકે વિચારવું પડે.

**■સારા સ્વાધ્યાયનાં કેટલાંક લક્ષણો આ પ્રમાણે છે.**

- સારો સ્વાધ્યાય વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરે તેવો હોય.
- શિક્ષકનું ઓછામાં ઓછું માર્ગદર્શન મળે તો પણ વિદ્યાર્થી દ્વારા થઈ શકે તેવો હોય.
- સારા સ્વાખામાં જ્ઞાન, જ્ઞાનની સમજ, કૌશલ્યો કે જ્ઞાનના ઉપયોગની તક રહેલી હોય.
- સારો સ્વાધ્યાય વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓને વિક્સાવે તેવો હોય.
- સારો સ્વાધ્યાય વિદ્યાર્થીઓની કક્ષા, વય, રસ, રુચિ ઇત્યાદિના સંદર્ભમાં યોગ્ય હોય.
- સારો સ્વાધ્યાય વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસને પોષક હોય.

આ રીતે આવાં તમામ પાસાંને ધ્યાનમાં રાખીને સ્વાધ્યાય રચાય તો સંસ્કૃત શિક્ષણમાં ઉપયોગી થઈ શકે. સંસ્કૃતમાં આ પદ્ધતિનો ઉપયોગ કરી વખતે શિક્ષકે નીચેની બાબતોને માનમાં લેવી જોઈએ.
સંસ્કૃત માતૃભાષા ન હોવાથી સ્વાધ્યાય પદ્ધતિથી થતું શિક્ષણકાર્ય થશે કે કેમ તે વિચાર્યા બાદ વિદ્યાર્થીઓ સરળતાથી સમજપૂર્વક કરી શકે તેવા સ્વાધ્યાયની પસંદગી કરવી જોઈએ. ઉદાહરણ તરીકે, ક્રિયાપદોનું શિક્ષણકાર્ય થઈ ગયા પછી, વિદ્યાર્થીઓને ધાતુ, લિંગ ગાના વિકરણ અને કાળવાચક પ્રત્યયો અંગે સમજ પ્રાપ્ત થઈ જાય. તેમને વર્તમાનકાળના ક્રિયાપદોની રચના કરતાં આવડી જાય પછી શિક્ષક મહાવરા માટે એ જ ગણના અન્ય પાતુઓના રૂપાખ્યાન તૈયાર કરવાનું સ્વાધ્યાય કાર્ય આપી શકે. અથવા પાઠ્યપુસ્તકનો કોઈ સરળ પાઠ નક્કી કરીને તેનો અનુવાદ કરવાનું 3 પ્રશ્નોના ઉત્તર તૈયાર કરવાનું કાર્ય વર્ગખંડમાં જ સોંપી શકે, તે માટે જરૂરી સામગ્રી, શબ્દકોશ વગેરેનો ઉપયોગ કરવાની સુચના આપીને તેમને સ્વાધામપૂર્ણ કરવાનું કહી શકાય. આ રીતે વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન કરતાં શીખી શકે.

**■ સ્વાધ્યાય પદ્ધતિના લાભઃ**

- વિદ્યાર્થી ગતિએ સ્વઅધ્યયનની ટેવ વિકસાવે છે.
- વિવિધ સાધનો, સંદર્ભનો ઉપયોગ કરવાની ક્ષમતા વિકસે છે,
- અભ્યાસક્રમના વિસ્તૃત મુદ્દાને આવરી શકાય છે.
- વાચન, નોંધ, અર્થગ્રહણ, સંકલન અને સર્જનાત્મકતાનો વિકાસ થાય છે.

**■ સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદાઓ** :

- સંસ્કૃત શિયાળને સંબંધ છે ત્યાં સુધી સંસ્કૃત શિક્ષણની પ્રારંભિક કક્ષાએ નીચલાં ધોરણોમાં આ પદ્ધતિ સફળ થવાની શક્યતા નહિવત્ છે.
- સંસ્કૃતમાં વિદ્યાર્થીની કક્ષાને અનુરૂપ સ્વાધ્યાયો તૈયાર કરવાનું કાર્ય શિક્ષક માટે અતિ કપરું છે.

- સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શિક્ષકના માર્ગદર્શનથી જ સારી રીતે સમજાય તેમ હોવાથી સ્વાધ્યાય પદ્ધતિ કામયાબ નીવડવાની શક્યતા અત્યંત ઓછી છે.

**5. આગમન - નિગમન :**

આગમન નિગમ આગમન અને નિયમન એ બે પદ્ધતિઓ હોવા છતાં બંનેને એકબીજાની પૂરક પદ્ધતિઓ તરીકે સંયુક્ત રીતે પ્રયોજી શકાય છે. સંસ્કૃત વ્યાકરણ શિક્ષણ માટે આ પદ્ધતિઓ અત્યંત ઉપયોગી છે. આ બંને પદ્ધતિઓ અને તેના સંયુક્ત ઉપયોગને આપો ક્રમશઃ સમજીએ.

**(અ) આગમન પદ્ધતિ (Inductive method) :**

સર્વસ્વીકૃત નિયમો કે સિદ્ધાંતોને સ્પષ્ટ કરવા માટે આ પદ્ધતિ અત્યંત ઉપયોગી છે. આ પદ્ધતિ મૂર્તથી અમૂર્ત તરફ અને વિશિષ્ટથી સામાન્ય તરફ દોરી જનારી પતિત છે. આ પદ્ધતિમાં શિક્ષક પહેલા જે નિયમ કે સિદ્ધાંત સ્પષ્ટ કરવો હોય તેના સંદર્ભમાં એક સરખા ઉચિત ઉદાહરણો પ્રસ્તુત કરે છે. વિદ્યાર્થીઓ રજૂ થયેલા ઉદાહરણોનો અભ્યાસ કરે છે અને યોગ્ય દિશામાં વિચારણા કરીને નિયમ કે સિદ્ધાંત તારવે છે. આ પદ્ધતિ ચાર સોપાન ધરાવે છે.

**1. ઉદાહરણ :** એક જ પ્રકારનાં ઉદાહરણો વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવામાં આવે છે.
**2. નિરીક્ષણ :** રજૂ થયેલાં ઉદાહરણોનું નિરીક્ષણ કરીને તુલના દ્વારા તેમના સંબંધને તપાસીને તેમની વચ્ચેની સમાનતા શોધવી.
**3.નિયમની તારવણી :** ઉદાહરણો દ્વારા તેમની વચ્ચેના સંબંધ અને સમાનતાનું સામાન્યીકરણ કરીને નિયમ, સિદ્ધાંત કે સત્યની તારવણી કરવી.
**4.ચકાસણી :** પ્રાપ્ત નિયમ કે સિદ્ધાંતની ચકાસણી અન્ય ઉદાહરણોની મદદથી કરી શકાય.

■ **સંસ્કૃત શિક્ષણમાં આગમન પદ્ધતિનો વિનિયોગ**:

1.શિક્ષક વર્ગમાં નીચેના જેવાં ઉદાહરણો રજૂ કરશે.

1. अलम् विवादेन ।
2.अलम् संतापेन |
3.क्रोधेन अलम् |
4.अलम् भयेन |

**2. નિરીક્ષણ :** વિદ્યાર્થીઓ ઉદ્યઋણોને સમજીને યોગ્ય દિશામાં વિચારી શકે. તે માટે શિક્ષક નીચેના જેવા પ્રશ્નો રજૂ કરશે.

- આ વાક્યોમાં ફેરફાર ન થયો હોય તેવો શબ્દ ક્યો છે?
- अलम् સાથે વપરાયેલ અન્ય પદ કઈ વિભક્તિમાં છે ?
- આ વાક્યોનો અર્થ શો થાય ?

જરૂર જણાય તો અપરિચિત શબ્દો અંગે શિક્ષક સ્પષ્ટીકરણ કરશે.

**3. નિયમની તારવણી :** વિદ્યાર્થીઓ એવું તારવશે કે अलम् અવ્યય છે, અને તે આ બાબતથી અટકો જેવા સંદર્ભમાં વપરાય છે, અને તેની સાથે પ્રયોજાયેલ પદ ત્રીજી વિભક્તિમાં છે

4. નિયમની ચકાસણી : વિદ્યાર્થીઓ અન્ય ઉદાહરણોની મદદથી આ નિયમ યોગ્ય છે એની ખાતરી કરશે.

■ **આગમન પદ્ધતિના લાભ :**

- વિદ્યાર્થી નિયમ કે સિદ્ધાંતને તારવવામાં સક્રિય ભાગીદાર બને છે, પરિણામે તેની સમજ સ્પષ્ટ બને છે.

- તાર્કિક અને નિયમબદ્ધ પદ્ધતિ હોવાથી વિદ્યાર્થી તર્કબદ્ધ વિચારતાં શીખે છે.
- વિદ્યાર્થી પોતે નિયમ કે સિદ્ધાંત તારવીને શીખતા હોવાથી આત્મસંતોષ મેળવે છે, તેમની શિક્ષણકાર્યમાં સક્રિય ભાગીદારી રહે છે.

■ **આગમન પદ્ધતિની મર્યાદાઓ**:

- દરેક મુદ્દા માટે અલગ અને વધારે સમય ફાળવવો પડતો હોવાથી સમય-પત્રક પ્રમાણે કાર્ય થઈ શકતું નથી.
- બધા નિયમ આ પદ્ધતિથી સમજાવી શકાતા નથી.
- દરેક નિયમ કે સિદ્ધાંતને સ્પષ્ટ કરવા માટે એક સરખાં ઉદાહરણો પ્રયોજવાં એ શિક્ષકને માટે અતિ મુશ્કેલ બાબત છે. બધા શિક્ષક એ કરી શકતા નથી.
- તર્કબદ્ધ વિચારણા ન થાય તો નિયમની તારવણી મુશ્કેલ બને છે.
- નિરીક્ષણ અને નિયમની તારવણીની બાબતમાં એકવિધતા આવે ત્યારે આ ક્રિયા નીરસ બની રહે છે.
- શિક્ષકમાં ધીરજનો અભાવ અને વિદ્યાર્થીઓની નિયમ તારવવાની અસમર્થતા આ પદ્ધતિની નિષ્ફળતાનાં મુખ્ય કારણો છે. અલબત્ત, યોગ્ય ઉદાહરણોની પસંદગી, ઉદાહરણોની રોચક રજૂઆત, વિદ્યાર્થીઓને નિયમ તારવવા માટે યોગ્ય સમયની ફાળવણી, જેવી બાબતો પર ધ્યાન આપીને શિક્ષક આ પદ્ધતિ સંસ્કૃત વ્યાકરણના નિયમો અને સંસ્કૃત રનકણિકાઓ અને શ્લોકમાં આવતા સામાન્ય સિદ્ધાંતો કે સનાતન સત્યોને શીખવવા આ પદ્ધતિને સફળતાથી પ્રયોજી શકે છે.

**(બ) નિગમન પદ્ધતિ (Deductive method) :**
આ પદ્ધતિની પ્રક્રિયા આગમન પદ્ધતિથી જુદી છે. એવું પણ કહી શકાય કે આગમન પદ્ધતિ જ્યાં પૂર્ણ થાય છે ત્યાંથી નિગમન પદ્ધતિ શરૂ થાય છે. આ પદ્ધતિમાં શિક્ષક શરૂઆતમાં જ નિયમ કે સિદ્ધાંત આપી દે છે ત્યારબાદ તેને સમર્થન આપતાં ઉદાહરણો રજૂ થાય છે અને ઉદાહરણોને આધારે નિયમ કે સિદ્ધાંતની સમજ મેળવવામાં આવે છે.

■ **સંસ્કૃત શિક્ષણમાં નિગમન પદ્ધતિનો વિનિયોગ**: શરૂઆતમાં શિક્ષક એક નિયમ રજૂ કરશે. ઉદાહરણ તરીકે સજાતીય સ્વ કે દીર્ઘ સ્વર પછી અન્ય સજાતીય હ્રસ્વ કે દીર્ઘ સ્વર આવે તો એ બંનેને સ્થાને સજાતીય દીર્ઘ સ્વર મૂકાય છે. આ નિયમ રજૂ કર્યા પછી શિક્ષક નીચેના જેવાં ઉદાહરણો રજૂ કરશે. हिमालय,स्वर्गानन्दम् ,भवतीत ,विद्यालयम् |

આ ઉદાહરણોની મદદથી વિદ્યાર્થીઓ નિયમને સમજવા પ્રયત્ન કરશે. हिम શબ્દને અંતે अ હ્રસ્વ સ્વર છે.आलय ના પ્રારંભે आ દીર્ઘ સ્વર છે. બંને સજાતીય સ્વર છે. સંધિ થવાથી બંને સ્વરને બદલે દીર્ઘ સ્વર મૂકાયો છે. આ રીતે બધા ઉદાહરણોને ચકાસીને વિદ્યાર્થીઓ નિયમની સાર્થકતાને સમજીને સ્વીકારશે.

■ **નિગમન પદ્ધતિના લાભ** :

- સમયનો બચાવ થાય છે.
- જ્ઞાનપ્રાપ્તિની ગતિ વધે છે.
- શિક્ષણ કાર્ય સરળ બને છે.
- પુનરાવર્તન અને દ્રઢીકરણ થઈ શકે છે.
- નિયમ અને ઉદાહરણો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થાય છે, તેથી સમજ કેળવાય છે.

■**નિગમન પદ્ધતીની મર્યાદાઓ:**

- વિદ્યાર્થીઓની વિકાસને પૂર્ણ ઉત્તેજન મળતું નથી.
- પ્રારંભની નિયમ આપી દેવાથી બાળકની ઉત્સુકતાનો અંત આવી જાય છે.
- નિયમ મળી જવાથી કેટલાક બાળકો ઉહોને સમજવાનો પ્રયત્ન કરમાં નથી, તેથી તેમની વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને નવૃત્તિનો વિકાસ થતો નથી.

આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક નથી.

**6. પ્રોજેક્ટ:**

ચીલાચાલુ વર્ગ શિક્ષણની મર્યાદાઓમાંથી પ્રોજેક્ટ પદ્ધતિનો મૂળ વિચાર આપનાર અમેરિકન વ્યવહારવાદી શિક્ષણશાસ્ત્રી જહોન ડ્યૂઈ છે, તેમણે ક્રિયા દ્વારા શિક્ષણ, અનુભવ દ્વારા શિક્ષણનો વિચાર રજૂ કર્યો. ડ્યૂઈના વિચારોને પદ્ધતિના સ્વરૂપમાં ઢાળવાનું કામ, મૂર્ત સ્વરૂપ આપવાનું કાર્ય તથા એ વિચારોને વૈજ્ઞાનિક સ્વરૂપ આપી વિકસાવવાનું કાર્ય વિલિયમ ક્લિપેટ્રિકે કર્યું. તેણે પ્રોજેક્ટ પદ્ધતિનું નામકરણ કર્યું. ત્યાર પછી અન્ય શિક્ષણ શાસ્ત્રીઓએ તેને વિકસાવવાનું કામ કર્યું અને સમગ્ર વિશ્વમાં ડ્યૂઈની આ પદ્ધતિ છવાઈ ગઈ. ક્રિયા દ્વારા શિક્ષણનો સિદ્ધાંત ગાજતો થઈ ગયો.

**અર્થ :**

પ્રોજેક્ટની વ્યાખ્યા જુદા જુદા શિક્ષણકારોએ અલગ અલગ આપી છે.

**રાયબર્ન :** પ્રોજેક્ટ એક ઉદ્દેશ્યપૂર્ણ કાર્ય છે જેને સહકાર, સદ્ભાવનાઓથી બાળક સ્વેચ્છાથી પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.

**સ્ટીવન્સ :** પ્રોજેક્ટ એ કુદરતી વાતાવરણમાં થતુ સમસ્યાનો ઉકેલ શોધવાનું કાર્ય છે.

**બેલાર્ડ :** શાળામાં આયાત થયેલો વાસ્તવિક જીવનપ્રવૃત્તિનો એક અંશ એટલે પ્રોજેક્ટ.

**ક્લિપેટ્રિક :** સામાજિક પરિસ્થિતિમાં હેતુપૂર્વકની સહૃદયતાપૂર્વક ચાલતી હેતુપૂર્ણ પદ્ધતિ એટલે પ્રોજેક્ટ.

આમ, પ્રોજેક્ટ પદ્ધતિમાં કેતુ, ક્રિયાશીલતા, વાસ્તવિકતા, સ્વતંત્રતા, અનુભવ અને ઉપયોગિતાનો સિદ્ધાંત સમાયેલ છે.

■ **લક્ષણો** :

પ્રોજેક્ટના હાર્દ સમાન લક્ષણો નીચે મુજબ છે.

- પ્રોજેક્ટ એ પ્રવૃત્તિ છે. પ્રવૃત્તિ એ પ્રોજેક્ટનું હૃદય છે. જ્ઞાનનું મુખ્ય લક્ષણ પ્રવૃત્તિ બનવાથી જ્ઞાન વધુ અર્થઘન બને છે. આમ પ્રોજેક્ટમાં પ્રવૃત્તિવૈવિધ્ય હોય છે, જેના દ્વારા વિદ્યાર્થી જ્ઞાન પ્રાપ્ત કરે છે.
- પ્રોજેક્ટ એ સમસ્યાજન્ય પ્રવૃત્તિ છે. શિક્ષણનો પ્રારંભ સમસ્યાથી થાય છે. સમસ્યા વિદ્યાર્થીએ જાતે ઘડેલી હોવી જોઈએ, તેમાંથી વિદ્યાર્થીનિ પ્રેરણા અને જિજ્ઞાસા જાગવી જોઈએ, બાળકને નવું કરવાની, નવું શોધવાની, નવું શીખવાની, નવું વિચારવાની હવા પેદા થાય છે, જેથી ઉત્સાહપૂર્વક કાર્ય કરવા પ્રેરાય છે.
- પ્રોજેક્ટ એ સહજ પ્રવૃત્તિ છે. પ્રોજેક્ટની પ્રક્રિયા સહજ રીતે થવી જોઈએ. પ્રવૃત્તિ કુદરતી વાતાવરણમાં થાય તો સાહજિક બની જાય. પ્રોજેક્ટની પ્રવૃત્તિ સાહજિક્તા પ્રધાન છે.
- પ્રોજેક્ટ દ્વારા સત્યો તારવવાનાં હોય છે, કહેવાનાં નહીં. પ્રોજેક્ટમાં બાળકો જાતે સત્યો નિર્ણયો તારવે છે. તે પ્રક્રિયા પણ અનૌપચારિક હોય છે. બાળક જાતે જૂથમાં ચર્ચા-પ્રવૃત્તિ દ્વારા શીખે છે. જરૂર પડે ત્યાં માર્ગદર્શન મેળવે છે. પુસ્તકાલયનો ઉપયોગ કરી જાતે જ તારણો કાઢી રજૂઆત કરે છે.

■ **પ્રોજેક્ટના પ્રકાર :**

**1. સર્જનાત્મક પ્રોજેક્ટ કે રચનાત્મક પ્રોજેક્ટ :** આવા પ્રોજેક્ટમાં બાળકો કંઈક નવું સર્જે છે કે કોઈ રચનાત્મક પ્રવૃત્તિથી શિક્ષણ મેળવે છે.

**2. આનંદ પ્રોજેક્ટ :** આ પ્રકારના પ્રોજેક્ટમાં બાળક અનુભવ મેળવે છે. દા.ત. કાવ્યપઠન–શ્રવણ, ચિત્રો જોવાં, વાર્તા સાંભળવી વગેરે જેમાં બાળક સૌંદર્ય માણે છે, આનંદોનો અનુભવ કરે છે, રસાસ્વાદ માણે છે.

**3.સમસ્યાત્મક પ્રોજેક્ટ :** આ પ્રોજેક્ટમાં સમસ્યાનો ઉકેલ શોધવાનો હોય છે. સમસ્યા હલ કરવા માટે પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું હોય છે.

**4 દ્રઢીકરણ પ્રોજેક્ટ :** કોઈ પ્રવૃત્તિમાં કાર્યક્ષમતા નિપુણતા પ્રાપ્ત હોય ત્યારે તે જ પ્રવૃત્તિનું પુનરાવર્તનથી વિશેષ કૌશલ્ય પ્રાપ્ત થાય છે. દા.ત. ગાવું જેમાં દીકરા–પુનરાવર્તન કરવાથી કુશળતા પ્રાપ્ત થાય છે,

**5. વિશિષ્ટ શૈક્ષણિક પ્રોજેક્ટ :** કોઈ વિશિષ્ટ વિષય પસંદ કરી તે અંગેની કાર્યવાહી કે પ્રતિકૃતિ યોજવામાં આવે, કોઈ રચના કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ સર્જનાત્મક પ્રોજેક્ટને મળતાં આવે છે. આ ઉપરાંત ખેલ પ્રોજેક્ટ, હસ્ત પ્રોજેક્ટ, પર્યાપ્ત પ્રોજેક્ટ, વાર્તા પ્રોજેક્ટ જેવા પ્રકારો પણ ગણાવી શકાય.

ટૂંકમાં, પ્રોજેક્ટમાં માનસિક તેમજ શારીરિક પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ જાય છે.

**3 પ્રોજેક્ટનાં સોપાન:**

**1.યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ :** વિદ્યાર્થીની જરૂરિયાત, રુચિ, શક્તિ અનુસાર પરિસ્થિતિનું નિર્માણ કરાય. પરિસ્થિતિ તીવ્ર, વધુ જરૂરી, સામાજિક, જીવનની સમસ્યાઓ જરૂરિયાતોમાંથી ઊભી થયેલ હોય. અહીં વિદ્યાર્થીઓની જરૂરિયાતનું પર્યાવરણ ઊભું કરવું જોઈએ, જેથી બાળક જાતે તે માટે તૈયાર થાય, સમસ્યા પોતે જ રજૂ કરે.

**2. પ્રોજેક્ટની પસંદગી :** પ્રોજેક્ટની દરખાસ્ત વિદ્યાર્થીઓ તરફથી થવી જોઈએ. તેનું નિશ્ચિત શૈક્ષણિક મૂલ્ય હોવું જોઈએ. તંદુરસ્ત પડકાર ઊભો કરે તેવો હોવો જોઈએ. વાસ્તવિક જરૂરિયાતમાંથી ઉદ્ભવતો હોવો જોઈએ.

**3.આયોજન :** આયોજન પણ વિદ્યાર્થીઓની સક્રિયતાથી થવું જોઈએ.

**અ. હેતુઓ :** શિક્ષણના હેતુઓ વિદ્યાર્થી શિક્ષકોના સહકારથી નક્કી કરે,

**બ.વિષયવસ્તુ :** વિષયવસ્તુને વિવિધ પાસામાં વહેંચવું.

**ક.જૂથરચના :** વિષયવસ્તુની વહેંચણી અનુસાર સમકક્ષ જૂથ પાડવાં. તેના નેતા નક્કી કરવા.

**ડ. જૂથ કાર્ય :** દરેક જૂથને ફાળે આવેલ મુદ્દા અનુસાર નીચેના જેવી પ્રવૃત્તિઓ કરી અધ્યયન અનુભવો મેળવશે. વાચન, લેખન, માહિતીસંગ્રહ, ચિત્રકામ કરવું, નમૂના તૈયાર કરવા, નમૂના સંગ્રહ, મુલાકાત, અવલોકન નિરીક્ષણ, ચર્ચા કરવી, મોજણી કરવી વગેરે.

**ઈ. શૈક્ષણિક સંદર્ભસામગ્રી :** જે સમસ્યાનો અભ્યાસ કરવાનો છે તેને અનુરૂપ સામગ્રી નક્કી કરવી. જેમાં પુસ્તકો, વર્તમાનપત્રો, સામયિકો, ચિત્રો, ચાર્ટ્સ, પોસ્ટર, ફિલ્મ, નમૂના, વિશિષ્ટ અંકો, સંગ્રહસ્થાન, સ્થાનિક સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય.

**4. અમલ :** વિગતે આયોજન કર્યા પછી વિદ્યાર્થીઓ જાતે જ જૂથમાં વહેંચાઈ સમાયોજન પ્રમાણે કાર્ય કરશે. જરૂર જણાશે ત્યાં શિક્ષકનું માર્ગદર્શન મેળવશે. વિદ્યાર્થીઓ જાતે સક્રિય ભાગીદાર બની પ્રવૃત્તિમાં જોડાશે.

**5. જૂથ અહેવાલ :** દરેક જૂથમાં રાઈટર પ્રવૃત્તિ દરમ્યાન અહેવાલ લખશે. દરેક જૂથ સમક્ષ અહેવાલ વંચાશે. સુધારાવધારા થયા પછી સમગ્ર–પ્રવૃત્તિનો અહેવાલ તૈયાર થશે. વર્ગમાં તેનું વાચન થશે, તેના પર ચર્ચા થશે.

**6. મૂલ્યાંકન :** પ્રોજેક્ટ શરૂ થાય ત્યાંથી અંત સુધી સતત મૂલ્યાંકન થતું રહે તે જરૂરી છે. વિદ્યાર્થીઓના કાર્ય, પ્રવૃત્તિઓ, સહકાર વગેરે પરથી મૂલ્યાંકન થશે. ઉપરાંત એકમ કસોટી તૈયાર કરી મૂલ્યાંકન કરી શકાશે.

**■ લાભ :**

- બાળકનું અધ્યયન સમૃદ્ધ બને છે.
- ક્રિયા દ્વારા, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણના ફાયદા થાય છે.

- કરકસરયુક્ત પદ્ધતિ છે. થોડા સમયમાં વધુ શિક્ષણ મળે છે.
- અધ્યયન અનુબંધવાળું બને છે.
- શ્રમનું ગૌરવ સચવાય છે.
- લોકશાહીયુક્ત જીવન જીવવાની તાલીમ મળે છે.
- વિચાર અને આચારનો સમન્વય થાય છે.
- ગોખણપટ્ટીમાંથી મુક્તિ મળે છે.
- વ્યક્તિગત તફાવતો સંતોષાય છે.
- ચારિત્ર્યનિર્માણ થાય છે.
- સ્વરસની પ્રવૃત્તિને કારણે સ્વયંશિસ્ત ઊભી થાય
- માનસિક શક્તિઓનો યોગ્ય વિકાસ થાય છે.
- જીવનના વાસ્તવિક અનુભવો મળે છે.
- સ્વઅધ્યયન કરતાં શીખવે છે.
- જ્ઞાનનો—માહિતીનો ઉપયોગ કરતાં શીખે છે, વ્યાવહારિક જ્ઞાન મેળવે છે.
- જ્ઞાનપ્રાપ્તિનાં વિવિધ માધ્યમોનો પરિચય થાય છે.
- અભિવ્યક્તિની તાલીમ મળે છે.

- જૂથપ્રવૃત્તિનો લાભ મળે છે.
- વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે.

■**મર્યાદા**:

- અતિ ખર્ચાળ છે.
- જ્ઞાનનું સાતત્ય જળવાતું નથી.
- શિક્ષકનો બોજ વધે છે.
- જ્ઞાન ખ્યાલાત્મક સ્તરે પહોંચતું નથી.
- સમયપત્રક-અભ્યાસક્રમને અવ્યવસ્થિત કરી નાખે છે.
- સૈદ્ધાંતિક શિક્ષણની ઉપેક્ષા થાય છે.
- સંકુચિત સંઘભાવના વિકસે તેવું બને છે.

અંતે આવી મર્યાદા છતાં તે નિવારી શકાય છે. આ પતિ કેવળ હસ્તકૌશલ્યની તાલીમ છે. તે ભ્રામક છે, તેને વર્ગખંડની પૂરક પતિ તરીકે અસરકારક ઉપયોગ કરી શકાય. ઓછા ખર્ચવાળા, સ્થાનિક પરિસ્થિતિમાંથી ઉદ્ભવતા પ્રોજેક્ટ હાથ ધરી શિક્ષાને અસરકારક બનાવી શકાય.

■**શિક્ષકની ભૂમિકા**:

આ પદ્ધતિમાં શિક્ષક મિત્ર, માર્ગદર્શક, વિલ બનીને કાર્ય કરે છે. તે સાચો દિગ્દર્શક બને છે. વિદ્યાર્થી-શિક્ષકના સંબંધો નીડરતામાં પરિણમે છે. શિક્ષકની પ્રતિભાનું સંક્રમણ સુંદર રીતે થાય છે. તે એક અચ્છા વ્યવસ્થાપકની ભૂમિકા ભજવે છે, શિક્ષક વિદ્યાર્થીઓને પ્રોજેક્ટના વિષયની પસંદગીમાં પ્રેરણા પૂરી પાડે છે, જેથી વિદ્યાર્થીઓ દ્વારા સમસ્યા કે વિષય નક્કી થાય છે. ત્યારબાદ પ્રોજેક્ટ કાર્યના તંતુઓ, તે અનુસાર વિષય-વસ્તુનાં વિવિધ પાસાં નક્કી કરે છે, સમકક્ષ જૂથની રચના કરવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. દરેક જૂથ કરવાની પ્રવૃત્તિઓ નક્કી કરે છે. સંદર્ભ સામગ્રી નક્કી કરવી તેના પ્રાપ્તિ- સ્થાનોથી વિદ્યાર્થીને પરિચિત કરવાનું કાર્ય શિક્ષક કરે છે. જ્યારે વિદ્યાર્થીઓ પ્રોજેક્ટ પર કાર્ય કરતા હોય છે ત્યારે જરૂર જણાય ત્યાં તેમને માર્ગદર્શન આપવાનું કાર્ય શિક્ષકનું છે અને

પ્રોજેક્ટને અંતે પ્રોજેક્ટ કાર્યનું મૂલ્યાંકન શિક્ષક દ્વારા થાય છે. આમ શિક્ષક પ્રોજેક્ટમાં સીધો સંકળાયેલ ન હોવા છતાં તેની એક વ્યવસ્થાપક-માર્ગદર્શક અને મૂલ્યાંકનકાર તરીકેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા આ પદ્ધતિમાં છે.

**4.2 સંસ્કૃત શિક્ષણના વિવિધ**

**1. ચાર્ટ્સ :**

ચાર્ટ એ એવું દ્રશ્ય પ્રતિક છે જેના અધ્યયન માટે તેને બનાવવામાં આવેલ હોય તે તેને વ્યવસ્થિત રીતે સમજી શકે. એમાં એનું કોઈ ચિત્ર કે વિષયવસ્તુ ન હોય કે જે એની અનુભૂતિથી અસંબંધ હોય,

चार्ट एक ऐसा दृश्य प्रतीक है जिसमें किसी विषयवस्तु को समजाने के लिए उसका संक्षेप प्रस्तुत किया गया हो, उसकी तुलना की गई हो, असमानता या विकल्प प्रस्तुत किया गया हो अथवा अन्य कोई गौण सहायता की गई हो।

**■ ચાર્ટ્સના પ્રકારો નીચે મુજબ છે.**

**1. તાલિકા ચાર્ટ :** આ પ્રકારના ચાર્ટમાં સામાન્ય રીતે ક્રમબદ્ધ માહિતી રજૂ કરવામાં આવે છે, જેમ કે કોઈ સૂચિ કાળક્રમ અનુસાર આપવામાં આવે અને તેમાં અન્ય જરૂરી અને લાગતી વળગતી માહિતી પણ હોય.

**2. વૃક્ષ ચાર્ટ :** વિકાસ અથવા સંવર્ધન દર્શાવવા આ પ્રકારના ચાર્ટ ખૂબ જ ઉપયોગી બને છે. એક જ મૂળ સ્રોતમાંથી ઉદ્ભવતી બાબતો બતાવી શકાય.

**3.પ્રવાહ ચાર્ટ :** રેખા કે તીર વગેરેની સહાયતાથી કોઈ સંગઠન કે તેની સંરચના દર્શાવી શકાય છે.


**4. મુદ્રણ ચિત્ર ચાર્ટ :** સાંખ્યિક સામગ્રીને રજૂ કરવા માટે આ પ્રકારના ચાર્ટ વપરાય છે. ચાર્ટ જેના સંદર્ભમાં હોય તેના પ્રતિક કે આકૃતિ હોવી જરૂરી બને છે.

**5. ચક્રાકાર ચાર્ટ :** તેમાં એક ચક્રને કેટલાક ભાગોમાં વહેંચી વ્યક્ત કરવામાં આવે છે.

**■ ચાર્ટ બનાવવાની રીત:**

ચાર્ટ બનાવવાનું કાર્ય સરળ છે. શિક્ષક જાતે જ પોતાની જરૂરિયાત અનુસાર વિવિધ પ્રકારના ચાર્ટ બનાવી શકે છે. તેમાં કોઈ વિશેષ કૌશલની જરૂર વિવિધ પ્રકારના ચાર્ટ બનાવી શકે છે. તેમાં કોઈ વિશેષ કૌશલની જરૂર પડતી નથી ચાર્ટસ બનાવતા તેને આકાર વિશે સભાનતા રાખવી જરૂરી છે.વર્ગના બધા જ વિદ્યાર્થીઓ સાથે જોઈ શકે એવા આકારનો ચાર્ટ હોવો જોઈએ વળી ચાર્ટ દ્વારા જે માહિતી આપવા માંગતા હોઈએ તે માત્ર શાબ્દિક રીતે વ્યક્ત થયેલી ન હોવી જોઈએ તેમાં ચિત્રો અને પ્રતિકો પર વધુ ભાર મૂકવો જોઈએ.તેનાથી ચાર્ટ આકર્ષક બનશે. વિદ્યાર્થી અર્થઘટન શક્તિને વિકસાવશે. વળી ચાર્ટ મજબૂત હોવો જોઈએ, જેથી વધુ સમય માટે ઉપયોગમાં લઈ શકાય.

**■સંસ્કૃત ભાષા શિક્ષણમાં ચાર્ટનો૦ો ઉપયોગ:**



સંધિ અને તેના પ્રકાર શીખવવા વૃક્ષચાર્ટ બનાવી શકાય. જેમાં થડ સંધિ તેની મુખ્ય ડાળીઓ, સંધિના પ્રકાર, સ્વરસંધિ, વ્યંજનસષ, વિસર્ગ સંધિ તરીકે દર્શાવી શકાય. ઉપરાંત સ્વરસંધિના પેટાવિભાગ દીર્ઘ સંધિ, ગુણીય, વૃષ્ટિસંધિ, પણષિ, અવગ્રહ સંધિને સ્વરસંધિની પેટા છળી તરીકે દર્શાવી શકાય. તે જ રીતે વ્યંજનસંધિ અને વિસર્ગસંધિના પ્રકાર તેની પેટા ડાળીઓ તરીકે દર્શાવાય.

**આ ઉપરાંત સંસ્કૃતમાં નીચેના વિષયો પર ચાર્ટ્સ બનાવી શકાય.**

- પર્યાયવાચી શબ્દ ચાર્ટ; વિરોધાર્થી શબ્દ ચાર્ટ
- ગુપ્ત–વૃદ્ધિ સપ્રસારણ ચાર્ટ્સ
- નામ અને સર્વનામના રૂપીનો ચાર્ટ્સ
- અવ્યયના પ્રકારના ચાર્ટ્સ
- સમાસના પ્રકારનો ચાર્ટ્સ
- ઉપસર્ગો અને તેના ઉપયોગના ચાર્ટ્સ

**ચાર્ટ્સની શૈક્ષણિક અગત્યતા નીચે મુજબ છે.**

- વિષયવસ્તુના કેટલાક મુદ્દા માટે મૂળ વસ્તુ અપ્રાપ્ય હોય કે તે વર્ગ સમક્ષ રજૂ ન કરી શકાય તેમ હોય ત્યારે તેનું શિક્ષણ આપવા ચાર્ટ ઉપયોગી બને છે.
- શાબ્દિક રજૂઆત બિનઅસરકારક હોય ત્યારે ચાર્ટ્સ દ્વારા સાંકેતિક- ચિત્રાત્મક રજૂઆત અસરકારક બને છે.
- વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- શિક્ષણકાર્યમાં સાતત્ય અને સુસંગતતા જાળવવા
- એક વખત તૈયાર થયેલ ચાર્ટ ઘણા સમય સુધી ઉપયોગી બની શકે છે.
- શિક્ષકના સમય અને શ્રમ બચે છે.

■ **ચાર્ટ્સનો ઉપયોગ:**

- ચાર્ટ્સનો ઉપયોગ કરતાં પહેલાં કે વિષય- એકમ, વિષયવસ્તુ, વિદ્યાર્થી-કક્ષા, માહિતીની સત્યતા અને તાતા જેવીબાબતોની ચકાસણી કરી લેવી જોઈએ.
- ચાર્ટ્સની તમામ વિગતોનો અભ્યાસ શિક્ષકે કરી લેવો જોઈએ.
- ચાર્ટની રજૂઆત કરતાં પહેલાં ચાર્ટ વિશે યોગ્ય ભૂમિકા બાંધી વિદ્યાર્થીઓને ઉત્તેજિત કરવા જેઈએ.
- ચાર્ટની રજૂઆત યોગ્ય સમયે અને જરૂર પૂરતા સમય માટે કરવી જોઈએ.
- ચાર્ટની રજૂઆત યોગ્ય રીતે જરૂરી સાધનો, સંદર્ભો સહિત કરવી જોઈએ.
- ચાર્ટનો ઉપયોગ પૂરો થયા પછી વર્ગ સમક્ષથી લઈ લેવો.
- ચાર્ટના ઉપયોગ પછી તેને લગતું અનુકાર્ય કરવા વિદ્યાર્થી પ્રેરાય તે જરૂરી છે.
- ચાર્ટનો ઉપયોગ શિક્ષણકાર્યના જુદા જુદા તબક્કે પૂર્વતૈયારી -રજૂઆત -પુનરાવર્તન-મૂલ્યાંકન વગેરેમાં કરી શકાય.

**2. પ્રતિકૃતિ :**

મોડેલ એટલે પ્રતિકૃતિ. કોઈ મૂળ વસ્તુને સરળ સ્વરૂપે સમજી શકાય તેવું રૂપાંતર કરી બનાવેલ પ્રતિકૃતિ.

ઘણીવાર પ્રત્યક્ષ વાસ્તવિક અનુભવો આપણે વર્ગમાં આપી શકીએ નહિ. દા.ત.प्राणी संग्रहालयम् પાઠમાં જીવતાં પ્રાણીઓ વર્ગમાં લાવી શકાય નહિ ત્યારે તેની પ્રતિકૃતિ વર્ગમાં લઈ જવાય છે. આમ મૉડેલ શિક્ષક માટે ખૂબ જ ઉપયોગી સાધન બની રહે છે.

સારું મૉડેલ મૂળવસ્તુ કરતાં વધારે પૂર્ણ અને સ્પષ્ટ હોવું ખેઈએ. તે ત્રિપરિમાળવાળું હોવું જોઈએ. જેથી તેનો પ્રત્યક્ષ અનુભવ કે સ્પર્શી શક્ય બને. સારા મોડલમાં અગત્યની વિગતો કે હકિક્તો આવરી લેવામાં આવે અને બિનજરૂરી બાબતો દૂર કરવામાં આવે છે. મોડેલ વિવિધ ભાગોની બાંધછોડ કરી શકાય તેવા હોવા જોઈએ.

■ **મૉડેલની રચના:**

સામાન્ય રીતે સંસ્કૃતમાં જે મૉડેલોની આવશ્યક્તા રહે છે, તે ખૂબ સરળતાથી તૈયાર મળી રહે છે. છતાં જો જાતે તૈયાર કરવા હોય તો મુશ્કેલ નથી. હાલમાં મૉડેલ બનાવવા માટે સાધારણ રીતે નીચેના જેવા માધ્યમો વપરાય છે.

લાકડું, માટી, ટીન, પ્લાસ્ટર ઓફ પેરીસ, પ્લાસ્ટિક, ધાતુ, રબર,કાચ, કાગળનો માવો પૈડા વગેરે.

આ ઉપરાંત મૉડેલ બનાવવા જરૂરી આકર્ષક રંગનો ઉપયોગ કરી શકાય. ઉપરાંત તૈયાર મળતી સામગ્રીનો ઉપયોગ પણ કરી શકાય. સામગ્રી દ્વારા જરૂરિયાત અનુસાર મોડેલની રચના કરી શકાય. સંસ્કૃત શિક્ષણમાં મોડેલનો ઉપયોગ થઈ શકે છે જેમ કે પ્રાણી સંગ્રહાલયનો પાક શીખવવા વિવિધ પ્રાણીઓનાં મૉડેલ લાવી શકાય, માનવ શરીરના વિવિધ અંગોનો પરિચય કરાવવા પા મોડેલનો ઉપયોગ થઈ શકે. વૃક્ષના વિવિધ ભાગોનો પરિચય આપવા વૃક્ષના મોડેલનો ઉપયોગ કરી શકાય. વિવિધ દેવદેવીઓ, નેતાઓ, પક્ષીઓ, વાહનો વગેરેનો મૉડેલ તરીકે ઉપયોગ કરી શકાય.

■**અગત્ય:**

- વસ્તુનું દશ્ય પ્રતિનિધિત્વ ત્રિપરિમાણમાં રજૂ થાય છે, દશ્ય અનુભવો મળે છે.
- મૂળ વસ્તુની આબેહૂબ સમજ આપી શકાય છે.
- મૂળ વસ્તુ કરતાં વધુ પૂર્ણ અને સ્પષ્ટ બતાવી શકાય.
- મૂળ વસ્તુની આંતરિક, બાહ્ય રચના સરળતાથી સમજાવી શકાય.
- વિવિધ ભાગોની બાંધછોડ કરી શકાય, જેથી વિદ્યાર્થી પ્રતિકૃતિના વિવિધ ભાગો જોઈ શકે, છૂટા કરી ફરી મૂળસ્થાને ગોઠવી શકે.
- વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિકૃતિ બનાવી શકાય જેથી ક્રિયા દ્વારા અસરકારક અધ્યયન થઈ શકે.

■**ઉપયોગ:**

પ્રતિકૃતિનો ઉપયોગ કરતાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

- પ્રતિકૃતિની પસંદગી વિધાર્થીની કાનુસાર કરવી જેથી વિદ્યાર્થી તેને ઐતાં સરળતાથી સમજી શકે. પ્રતિકૃતિનું કદ, રૂપ, રંગ યોગ્ય હોવા જોઈએ.
- પ્રતિકૃતિ રજૂ કરતાં પહેલા કોગ્ય રજૂઆાત દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તેજિત કરવા તેમનામાં કુતૂહલવૃત્તિ ઉત્પન્ન કરવી જોઈએ.
- પ્રતિકૃતિની રજૂઆત દરેક વિદ્યાર્થી જોઈ શકે તે રીતે કરવી. પ્રતિકૃતિ જોવાથી વિદ્યાર્થીના મનમાં ઉદ્ભવતા પ્રશ્નોનું સમાધાન શિક્ષકે કરવું જોઈએ.
- પ્રતિકૃતિ જોવાની–સમજવાની તક દરેક વિદ્યાર્થીને આપવી.
- પ્રતિકૃતિ સાથે વધુ સમજ માટે જરૂરી સામગ્રીનો ઉપયોગ કરી શકાય.

- મૂળ વસ્તુની સ્પષ્ટ સમજ આપે તેવી પ્રતિકૃતિનો ઉપયોગ કરવો.તેના ભાગો ટા પાડી, ભેગા કરી શકાય તેવા હોય તો વિદ્યાર્થીને વ્યક્તિગત અનુભવ પૂરા પાડવા.
- પ્રતિકૃતિ પરથી મૂળ વસ્તુના કદ, આકાર, રંગ વગેરે અંગે ખોટ ખ્યાલો ન ઉદભવે તે જીવું,
- પ્રતિકૃતિના ઉપયોગમાં કાળજી લેવી જેથી તૂટી ન જાય તે અંગે વિદ્યાર્થીનું ધ્યાન પક્ષ દોરવું
- પ્રતિકૃતિના ઉપયોગ બાદ વિદ્યાર્થીઓને અનુકાર્ય સોંપવું, જેથી ક્રિયા દ્વારા અધ્યયન થાય.

**3. ફ્લેનલ કટ્સબોર્ડ :**

ફ્લેનલના રુંવાટી, ખરબચડી અને રેખાઓવાળી સપાટીવાળું કાપડ છે. આ સપાટીની રેખાઓ કકરી સપાટીવાળી વસ્તુને પકડી રાખે છે. આ પ્રકારના કાપડના આ વિશિષ્ટ ગુણને લીધે તેનો શૈક્ષણિક સાધન બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે.

ફ્લેનલ ક્લોથ બજારમાં વિવિધ રંગોમાં મળી આવે છે. તેમાંથી જરૂરી સાઈઝનું ફ્લેનલ બોર્ડ બનાવી તેનો ઉપયોગ કરવામાં આવે છે. ફ્લેનલ બોર્ડ બનાવવા ફ્લેનલ ક્લોથને પ્લાયવૂડ, હાર્ડબોર્ડ વગેરે પર લગાડી તેના પર લાકડાની ફ્રેમ બેસાડી દેવામાં આવે છે. આ પ્રકારના ફ્લેનલ બોર્ડ ચિત્રો, આકૃતિઓ ઉપરાંત ફ્લેનલ કાપડમાંથી તૈયાર કરેલ કટિંગ્સ પ્રદર્શિત કરી શકાય છે. સંસ્કૃત શિક્ષણમાં, વાર્તા શિક્ષણમાં તેનો ઉપયોગ કરી શકાય. વાર્તાઓને અનુરૂપ પાત્રો કે પ્રસંગોને લગતાં કટિંગ્સ તૈયાર કરી શકાય. વાર્તાના ક્રમિક પ્રસંગો અનુસાર ફ્લેનલ બોર્ડ પર રજૂ કરી શકાય. તેના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ વાર્તા ઝડપથી અને સરળતાથી સમજી શકશે. સંવાદના શિક્ષણમાં પાત્રનું કટિંગ્સ રજૂ કરી તેને અનુરૂપ સંવાદ બોલવામાં આવે તેવી રજૂઆત પણ થઈ શકે છે. વિદ્યાર્થીઓ પાસે આવા કટીંગ્સ તૈયાર કરાવી શકાય છે અને તેઓ સક્રિય બની શિક્ષણ મેળવી શકે છે. આ રીતે શિક્ષણ રસપ્રદ અને અસરકારક બને છે.

**■ અગત્ય:**

ફ્લેનલ બોર્ડ–કટ્સ શિક્ષણકાર્યમાં નીચેની રીતે ઉપયોગી બને છે.

- તૈયાર કર્યાનો ફ્લેનલ બોર્ડ દ્વારા ઉપયોગ કરી શાય, પરિણામે શિક્ષકનો સમય પણ બચે.
- તેની ઉપયોગ વિવિધ સમયે વિવિધ વ્યક્તિ દ્વારા થઈ શકે.
- વિદ્યાર્થીનું ધ્યાન આકર્ષિત થાય છે, વિદ્યાર્થી રસપૂર્વક અધ્યયન કરે છે.
- રજૂઆતમાં પ્રવાહિતા આવે છે. ક્રમિક વિકાસ સાથે રજૂઆત કરી ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- વિદ્યાર્થી દ્વારા કટ્સ લગાડવાની પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓની સક્રિયતા વધારી શકાય છે.
- વિદ્યાર્થીઓને ફ્લેનલ કટિંગ્સ બનાવવાની પ્રવૃત્તિ આપી ક્રિયા દ્વારા અને સર્જન દ્વારા અધ્યયન કરાવી શકાય છે.
- શિક્ષકની મર્યાદાઓ દૂર થાય, સમય અને શ્રમ બચે છે.

**■ઉપયોગ:**

**ફ્લેનલ કટ્સ બોર્ડના ઉપયોગમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

- ફ્લેનલ કટ્સ અને બોર્ડનો રંગ દીપી ઉઠે તે પ્રકારનો કરવો.
- ફ્લેનલ બોર્ડ દરેક બાળક જોઈ શકે તે રીતે રાખવું.
- ફ્લેનલ કટ્સ પૂરતાં કદનાં હોવાં જોઈએ, જેથી દરેક વિદ્યાર્થી જોઈ શકે.
- બોર્ડ પર કટ્સ ચર્ચાના વિકાસ સાથે યોગ્ય ક્રમમાં રજૂ કરવા જોઈએ.
- ફ્લુનલ બોર્ડ પરની રજૂઆત કલાત્મક અને આકર્ષક બને તે જરૂરી છે.
- ફ્લુનલ બોર્ડ પર લેનલ કટ્સ વિદ્યાર્થીઓની સહાય દ્વારા રજૂ થાય તે જરૂરી છે.

- રજૂ કરવાની વિગતો અલગ અલગ સમૂહમાં અલગ અલગ કવરમાં રાખવી, જેથી જરૂરિયાત પ્રમાણે સરળતાથી પ્રાપ્ત થઈ શકે.

આમ, યોજનાપૂર્વક અને વિવેકપૂર્ણ ઉપયોગ કરવાથી શિક્ષણ અસરકારક બનશે.

**અર્થ :** ફ્લાલિન નામના રૂવાંવાળા કાપડમાંથી બનાવેલું બોર્ડ એટલે ફ્લેનલ બોર્ડ. તેને ફ્સ્ટબોર્ડ લેનલ ગ્રાફ, કે યાદી ગ્રાફ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ફ્લાલિન કાપડની વિશેષતા છે કે રુંવાવાળું હોય છે. રુંવાટી ખરબચડી હોય છે. વળી તે રૈપાવાળી હોય છે અને રૈપાઓની વિશિષ્ટ આંતર ગૂંથીને પરિણામે તેના પર મૂકવામાં આવતી કોઈ સાધારણ કકરી સપાટીવાળી વસ્તુને તે પકડી રાખે છે.

**રચના :** 6' × 4' ફ્લાલિન (ફ્લેનલ) કાપડ લઈ એ જ કદનું પ્લાયવુડ કે હાર્ડ બોર્ડ લઈ તેની પાછળ 1" × 1" ની પટ્ટીઓથી બનાવેલી ફ્રેમ ચોંટાડી દો. પછી તેના પર રબ્બર સિમેન્ટના માધ્યમ વડે ક્લેનલ કાપડ ચોંટાડી દો, કાપડ કરચલી નહિ પડે એ રીતે ચોંટાડવું જરૂરી છે. ત્યાર પછી

2 × 1" ની દેવદારની પટ્ટીની એક ફ્રેમ બનાવી તેની પાછળ અડધા અડધા ફૂટને અંતરે લાકડા, એલ્યુમિનિયમ કે લોખંડની ચકલીઓ બેસાડવી. ફ્રેમની ગીસીમાં તૈયાર લેનલ બોર્ડ મૂકી તે પર ચકલીઓ બંધ કરી દેવી. બે હૂક લગાડી ભીંત પર ટીંગાડવાની વ્યવસ્થા રાખવી. ફ્લુનલ બોર્ડ બનાવવા જુદાજુદા રંગના ફ્લેનલ રંગના ક્લેનલ કાપડનો ઉપયોગ કરવો.

ફ્લેનલ બોર્ડ ઉપર જે સામગ્રી લગાડવી હોય તે પણ તૈયાર કરવી પડે. લિખિત કે ચિત્રિત સામગ્રીવાળા કાગળ પાછળ કાચ કાગળનો ટુકડો કે ખાદીના ખરબચડા કાપડનો ટુકડો લગાડી દેવો, જેથી તે ફ્લેનલ બોર્ડ ઉપર ચીપકી રહેશે. સામગ્રી લેનલ કાપડમાંથી પણ તૈયાર કરી શકાય. લેનલ કાપડ ઉપર ચિત્રો દોરીને કાપી લેવાં. આ સામગ્રી સીધી જ લેનલ બોર્ડ ઉપર ચીપકાવી શકાય છે.

■**મહત્ત્વ** :

- ફ્લેનલ બોર્ડ પર રજૂ કરવાની વિગતો શિક્ષક અગાઉ તૈયાર કરી શકે છે, તેથી શિક્ષણકાર્ય દરમિયાન તેનો વ્યવસ્થિત ઉપયોગ કરી સચોટ અસર ઉપજાવી શકે છે.
- શિક્ષણ ચિરંજીવી, કાયમી, સરળ, રોચક અને અસરકારક બને વસ્તુ નિરૂપણ સાથે ઐક્ય સાધી રજૂ કરવામાં આવતી વિગતોથી વિદ્યાર્થીઓનું ધ્યાન જડી રાખે છે.
- સામગ્રીનું કાર્ય પૂર્ણ થતાં સરળતાથી ઉઠાવી લઈ શકાય છે, તેથી વિદ્યાર્થીઓ બેધ્યાન બનતા નથી.
- વિદ્યાર્થીઓના કેટલાક ખ્યાલો દશ્ય સ્વરૂપે પડાય છે અને વિકાસ પામે છે, તેમને ક્રિયાત્મક શિક્ષણ મળે છે.
- વિદ્યાર્થીઓને અસરકારક અને પ્રત્યક્ષ જ્ઞાન મળે છે, તેમને આનંદ મળે છે.
- અનુમાન, તર્ક, પૃથક્કરણ, વર્ગીકરણ, વર્ણન, તારવણી કે આગાહી કરવાની શક્તિઓ વિકસે છે.
- વિદ્યાર્થીઓ ક્રિયા અને સર્જન દ્વારા શીખી શકે છે.
- શિક્ષક ઉત્કૃષ્ટ સામગ્રી પ્રાપ્ત કરવા વિવિધ સંદર્ભ સ્ત્રોતોના પરિચયમાં આવતા તેના જ્ઞાનમાં અને દષ્ટિમાં વિશાળતા આવે છે.
- આકૃતિ, ચિત્ર, ચાર્ટ વાચનનું કૌશલ્ય વિકસાવવામાં સહાયક બને છે.

■**ભાષા શિક્ષણમાં ઉપયોગ**:

- શબ્દરચના શીખવવામાં અસરકારક બની રહે છે.
- ચિત્રોના ઉપયોગ દ્વારા વાક્ય રચના કરાવી શકાય છે.
- લેનલ કાપડનાં ચિત્રો દર્શાવી વાર્તાલેખન કરાવી શકાય છે.
- ફ્લેનલ કાપડ પર પ્રસંગોનું ક્રમશઃ આલેખન કરીને વાર્તાનો વિકાસ કરાવી શકાય.
- ફ્લેનલ કાપડ પર પદમ કે પદસંવાદ વિનાના શબ્દો મૂકી પદક્રમ અને પદસંવાદ જાળવી વાક્ય રચનાઓ કરાવી શકાય.


- વાક્યાંશો રજૂ કરી વાચનની તાલીમ આપી શકાય.
- વર્ગશિક્ષણ દરમ્યાન જુદી જુદી આકૃતિઓ, ચિત્રો રજૂ કરી વિષયવસ્તુની સમજ આપી શકાય.
- વર્ગશિક્ષણ દરમ્યાન વ્યાકરણના જુદા જુદા ચાર્ટની રચના વિદ્યાર્થીઓ પાસે ફ્લેનલ બોર્ડ ઉપર કરાવી શકાય.

---

**■ઉપયોગ અંગે ધ્યાનમાં રાખવાની બાબતો:**

- ફ્લેનલ બોર્ડ ઉપર રજૂ કરવાની સામગ્રી હેતુપૂર્ણ હોવી જોઈએ.
- સામગ્રી જે—તે એકમને અનુરૂપ હોવી જોઈએ.
- ફ્લેનલ બોર્ડ જે સામગ્રી રજૂ કરાવાય તે ક્રમિક અને સાતત્યપૂર્ણ હોવી જોઈએ.
- ફ્લેનલ બોર્ડના ઉપયોગ વખતે વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવી. તેઓને ચિત્રો ચાર્ટની કે અન્ય સામગ્રીને રજૂ કરવાં, નામ ચોંટાડવાં, ઊભાં કરવાં જોઈએ.

**4.3 સાધનોનો પરિચય:**




**1.ટેપરેકોર્ડર :**

રેડિયો જેવું જ કદમાં નાનું, વજનમાં હલકું, ઠેરવવા ફેરવવામાં સરળ અને સુલભ સાધન ટેપરેકોર્ડર છે. ટેપરેકોર્ડર ધ્વનિમુદ્રિત કરી તેની પુનઃઉત્પત્તિ કરનારું યંત્ર છે, તેથી તે વર્ગશિક્ષણમાં ખૂબ ઉપયોગી છે.

**■ મહત્ત્વ:**

- ટેપરેકોર્ડરમાં ધ્વનિની નોંધણી અને તેની પુનઃ ઉત્પત્તિ સરળતાથી થઈ શકે છે.
- લાંબા સમયના કાર્યક્રમો પણ ટેપરેકોર્ડરમાં કેસેટ પર મુદ્રિત કરી શકાય છે, નોંધી શકાય છે.
- જ્યારે જરૂરિયાત ઊભી થાય ત્યારે – તે સમયે તેનો ઉપયોગ સરળતાથી કરી શકાય છે.
- કેસેટમાં લાંબા સમય સુધી ધ્વનિ મુદ્રિત સામગ્રી સંગ્રહી શકાય છે. આર્થિક દૃષ્ટિએ પ્રમાણમાં સસ્તું અને ઉપયોગ કરવામાં સરળ છે.
- વિષયવસ્તુ આધારિત વાર્તાલાપ, સંવાદ, નાટકને ધ્વનિમુદ્રિત કરી શિક્ષણકાર્યમાં ઉપયોગ કરી શકાય છે.
- વીજળી પ્રવાહ અને બેટરી દ્વારા આ સાધનનો ઉપયોગ કરી શકાય છે.
- કેસેટ પરની વિગતો સાંભળતાં સાંભળતાં વચ્ચે ચર્ચા કરવાની, પ્રશ્નો પૂછવાની અને પૂરક સામગ્રી પૂરી પાડવાની તક રહે છે.

- ધ્વનિમુદ્રિત વિગત બિનજરૂરી લાગે કે જૂની લાગે ત્યારે તેને દૂર કરી નવી અદ્યતન વિગત તે જ કેસેટ પર ધ્વનિમુદ્રિત કરી શકાય છે.

- વિગત જેટલી વાર સાંભળવી હોય તેટલી વાર સાંભળી શકાય છે. દઢીકરણ અને પુનરાવર્તન માટે અવકાશ રહે છે.
- અવેજી તાસમાં શિક્ષકની ગેરહાજરીમાં તેનો વર્ગમાં ઉપયોગ કરી શકાય છે.
- શિક્ષણ રસપ્રદ અને અસરકારક બને છે. નવી અને પૂરક માહિતી આપવામાં સહાયક બને છે.

■ **સંસ્કૃત શિક્ષણમાં ઉપયોગ:**

- વિદ્યાર્થીઓની ઉચ્ચારશુદ્ધિ કરાવવા માટે ઉપયોગી છે. વિદ્યાર્થીના ઉચ્ચાર ટેપ કરી, તેને સંભળાવી, યોગ્ય માર્ગદર્શન આપી શકાય.
- આદર્શ વાચનનો નમૂનાઓ વિદ્યાર્થીઓને સંભળાવી શકાય. ભાવવાતી, ગૃહ, સ્પષ્ટ અનેઆરી-અવરોહવાળું વાચન કેવું હોય તેનો ખ્યાલ આપી શકાય છે.
- શિક્ષક સારી રીતે પઠન કે ગાન કરી શકતા ન હોય ત્યારે વિદ્યાર્થીઓને કાવ્યગાનની તાલીમ આપવા ઉપયોગી બને છે. કાવ્ય શિક્ષણમાં ગાન અને પઠન મહત્ત્વનું છે, તેથી શિક્ષણકાર્ય દરમ્યાન તે કરવું જ જોઈએ.
- કવિ સંમેલન કે મુશાયરાના સમયે વિના મુખે જ વંચાયેલી કવિતા કે ગવાયેલી કવિતાને મુદ્રિત કરી વિદ્યાર્થીઓને સંભળાવી શકાય છે, અને કાવ્ય પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિ વધારી શકાય છે.
- સાહિત્યકારોની મુલાકાત – રેડિયો પર પ્રસારિત થતી હોય કે શાળામાં પણ ગોઠવી હોય તેને મુદ્રિત કરી વિદ્યાર્થીઓને સંભળાવી સાહિત્ય પ્રત્યે તેઓને રસ લેતા કરી શકાય છે.
- જુદા જુદા છંદનું ગાન સંભળાવવા માટે ઉપયોગી બને છે, છેદ શિક્ષણ વખતે ઉપયોગમાં લઈ શકાય.
- રેડિયો પરથી પ્રસારિત થતાં કાવ્યો, નાટકો, ભાષાશિક્ષણના પાઠો, સંવાદો, ભવાઈ વગેરેને ધ્વનિમુદ્રિત કરી વશક્ષણમાં તેનો ઉપયોગ કરી શકાય છે.
- વિરામના સમયે શાળાની લોબીમાં સ્પીકરો ગોઠવીને કવિતાઓ અને સારાં ગીતો વિદ્યાર્થીઓને સંભળાવી સાહિત્ય પ્રતિ રુચિ લેતા કરી શકાય.

■ **ધ્યાનમાં રાખવાની બાબતોઃ**

- ધ્વનિ મુદ્રણ શાંત વાતાવરણમાં, પડઘા ન પડે તેવા રૂમમાં કરવું જોઈએ.
- વધારે વ્યક્તિઓનો અવાજ આલેખિત કરવા સારી જાતનું વધારાનું માઈક્રોફોન જોડો.
- ધ્વનિ મુદ્રણ સમયે ટોન અને વોલ્યુમ ચેક કરો.
- માઈક્રોફોનને ડસ્ટ ન લાગે તેની કાળજી લો.
- ટેપરેકોર્ડરના હેડ' ને અવારનવાર સાફ કરો.
- જે વિષયવસ્તુ આલેખિત કરવાની હોય તેની પૂર્વ આયોજિત સ્ક્રિપ્ટ લખો અને તેની પ્રેક્ટિસ કર્યા બાદ જ ધ્વનિમુદ્રણ કરો.
- ટેપરેકોર્ડર બંધ કરવાની આવશ્યકતા હોય તો તેના સંકેત તરીકે બેલનો અવાજ નોંધો.
- ધ્વનિમુદ્રણનું કામ પૂરું થયા બાદ જરૂરી એડિટીંગ કાર્ય કરવા તેને એક વાર ધ્યાનથી સાંભળો.
- ટેપરેકોર્ડરમાં ધ્વનિ મુદ્રિત થયેલી સામગ્રી વર્ગસમક્ષ રજૂ કરતાં પહેલાં શિક્ષકે તેનું શ્રવણ કરી લેવું જોઈએ.
- ટેપ કરેલ કાર્યક્રમોની રજૂઆત પહેલાં વિદ્યાર્થીઓને શીખવા અને સાંભળવા તત્પર કરવા.

- શ્રવણ સમયે વિદ્યાર્થીઓએ કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જેવા છે તે અલગ તારવી લેવા જોઈએ અને વિદ્યાર્થીઓ તે મુદ્દાઓ ધ્યાનમાં રાખીને શ્રવણ કરે તેવી સૂચના આપવી જોઈએ.
- શ્રવણ બાદ મહત્ત્વના મુદ્દાઓના સંદર્ભમાં ચર્ચા પ્રશ્નોત્તરી કરવી જોઈએ.
- ધ્વનિ મુદ્રિત સામગ્રી અદ્યતન રહે, માહિતી અંગે એમાં ક્ષતિ ન રહે તેની કાળજી લેવી જોઈએ.
- ટેપ કરેલ કાર્યક્રમોની પસંદગી વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસાર કરવી.
- ટેપરેકોર્ડરના સંચાલન માટેનું જરૂરી જ્ઞાન મેળવી લેવું જરૂરી ગણાય.
- કાર્યક્રમની રજૂઆતને અંતે વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે યોગ્ય કસોટી તૈયાર કરવી.
- વીજપ્રવાહ ખોટકાઈ જાય ત્યારે ટેપરેકોર્ડરનો ઉપયોગ થઈ શકે તે માટે સેલની વ્યવસ્થા રાખવી જોઈએ.

**2. રેડિયો :**

સંસ્કૃત શિક્ષણના સંદર્ભમાં વિચારીએ તો રેડિયો ખૂબ સરળ રીતે માહિતી આપતું સાધન બની રહે છે. આજે સંસ્કૃત ભાષા પ્રશિષ્ટ ભાષા તરીકે શીખવવાની હોય ત્યારે બાળકોને સંસ્કૃત ભાષામાં આવતા સમાચારો અને સંસ્કૃત ભાષામાં તૈયાર થયેલા કાર્યક્રમો સંભળાવી સંસ્કૃત પ્રત્યે અભિમુખ કરી શકાય. રેડિયો દ્વારા પ્રસારિત નાટકોમાંથી પ્રેરણા લઈ શિક્ષક વર્ગમાં પણ સંસ્કૃત નાટક તૈયાર કરાવી શકે. ઘણીવાર શ્લોકોનું ગાન પણ થતું હોય છે. શિક્ષક વર્ગમાં શ્લોકગાન સંભળાવી વિદ્યાર્થી પાસે તે પ્રકારની પ્રવૃત્તિ કરાવી શકે છે. ઉપરાંત **રેડિયોનું શિક્ષણમાં અનેક રીતે મહત્ત્વ છે.**

- રેડિયો દ્વારા ખૂબ જ ચોક્સાઈપુક્ત અને પદ્ધતિસર માહિતી મળે છે.
- નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલ વ્યાખ્યાન કે શિક્ષણ પાઠોનો લાભ મળે છે.
- સંસ્કૃતના યોગ્ય ઉચ્ચારણની સમજ મળે છે. શ્લોકગાન કાર્યક્રમથી શ્લોકના યોગ્ય લયતાલનો ખ્યાલ આવે છે.
- વાંચેલ કરતાં સાંભળેલું વધુ યાદ રહે છે એ મુજબ રેડિયો સંસ્કૃતની ઉત્તમ સેવા અવી શકે છે.
- રેડિયો દ્વારા નવીન મોતી મળી રહે છે, પુસ્તકોની માહિતી જની હોય છે.
- રેડિયોમાં બાળકોની રસ, રુચિ, વાળને ધ્યાનમાં રાખી નીત-નવા કાર્યક્રમો તૈયાર કરવામાં આવે છે.
- રેડિયો બિનખર્ચાળ સાધન છે, ઓછા ખર્ચે શિક્ષણમાં વધુ લાભ આપે છે.
- શિક્ષણકાર્યના આદર્શ ઉદાહરણો રેડિયો દ્વારા મળે છે.
- વર્ગશિક્ષણમાં પણ રેડિયો સહેલાઈથી વાપરી શકાય છે.

**રેડિયોનો સંસ્કૃત ભાષા શિક્ષણમાં સફળ અને અસસ્કારક ઉપયોગ કરી શકાય તે માટે........**

- રેડિયો પર સંસ્કૃત વ્યાકરણ તેમજ ગદ્ય-પદ્યના સુઆયોજિત પદ્ધતિસરના પાઠો રજૂ કરવામાં આવે છે. રેડિયોના પ્રસારણથી આ પાઠોનો લાભ અનેક વિદ્યાર્થીઓને મળી શકે. યોગ્ય સમયપત્રક જાળી આવા પાઠો વર્ગમાં રજૂ કરી શકાય કે વિદ્યાર્થીઓને સાંભળવા સૂચિત કરી શકાય.
- રેડિયો પર આવતા પાઠો ધ્વનિમુદ્રિત કરી અનુકૂળતાએ વિદ્યાર્થીઓને સંભળાવી શકાય.
- સંસ્કૃત સમાચાર વાંચન કાર્યક્રમ રેડિયો પરથી પ્રસારિત થાય છે. તે યથાસમયે સાંભળવા વિદ્યાર્થીઓને સૂચના આપી શકાય.
- વિદ્યાર્થીઓ સમાચારો કે પાઠોના કવર પરથી સંસ્કૃત શબ્દો, નામરૂપો, ધાતુઓ, સમાસ તારવી નોંધ કરી તેનું અધ્યયન કરે તે જોવું જોઈએ.

- રેડિયો કાર્યક્રમો પરથી સંસ્કૃત ભાષાના ઉચ્ચારણો તેમજ વાંચન અભિવ્યક્તિની તાલીમ મેળવી શકે તેવું આયોજન કરવું.
- તેનાથી વિદ્યાર્થીનું શ્રવણ—કૌશલ્ય કેળવાય અને ઉચ્ચારશુદ્ધિમાં મદદરૂપ થાય તે જરૂરી છે.

**આ માટે વર્ગમાં રેડિયોના ઉપયોગનું આયોજન કરવું જોઈએ. તે માટે શિક્ષકે નીચેના મુદ્દાઓ વિચારી લેવા જોઈએ.**

1. ધ્યેયની સ્પષ્ટતા : ધ્યેય અનુસાર કાર્યક્રમની પસંદગી કરવી
2. કાર્યક્રમ પસંદગી
3. વર્ગવ્યવસ્થા : બધા જોઈ શકે તેવી
પૂર્વભૂમિકા : માનસિક રીતે કાર્યક્રમ જોવા તૈયાર કરવા,
5. રેડિયો કાર્યક્રમમાં પૂરક માહિતી આપવી.
6. મૂલ્યાંકન કરવું.

**■ રેડિયો શિક્ષણની મર્યાદાઓ:**

સંસ્કૃત્ત શિક્ષણમાં રેડિયોનો ઉપયોગ કરી શકાય પરંતુ તેની કેટલીક મર્યાદાઓ છે જે દૂર થાય તે જરૂરી છે.

**1. સમય :** સંસ્કૃતના તાસ દરમ્યાન રેડિયો કાર્યક્રમ ન હોય. આવા સંજોગોમાં કાર્યક્રમ ટેપ કરી અનુકૂળ સમયે ઉપયોગ કરવો.

**2. એકમાર્ગી વ્યવહાર :** વિદ્યાર્થી માત્ર શ્રોતા બની રહે છે. કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થી પોતાની મૂંઝવણ રજૂ કરી શકતો નથી. આ માટે કાર્યક્રમ બાદ પ્રશ્નોત્તરી કાર્યક્રમ ગોઠવી વિદ્યાર્થીઓની મૂંઝવણ--મુશ્કેલી દૂર કરી શકાય.

આમ રેડિયો સંસ્કૃત શિક્ષણમાં શિક્ષણનું એક શક્તિશાળી સાધન છે, જે સંસ્કૃત શિક્ષણને રસમય અને અસરકારક બનાવી શકે છે.

**3. ટી.વી. (ટેલિવિઝન) :**

ટેલિવિઝન એ ઈન્દ્રિયગમ્ય દશ્ય-શ્રાવ્ય સાધન છે. વિશ્વના કોઈપણ ખુણાના બનાવીને ક્ષણભરમાં અવાજ સાથે આપણી સમક્ષ જીવંત – તાદશ રીતે રજૂ કરી દેતું આ સાધન વિચાર પ્રસારણનું પ્રબળ માધ્યમ છે. N.C.R.T., UG,C, IGNOU, BAOU, ETV AVRC, EMRC દ્વારા પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમોએ ટી.વી.ની શૈક્ષણિક ઉપયોગિતા સ્પષ્ટ કરી છે. વિવિધ વિષયોનો જ્ઞાન ખજાનો ખુલ્લો કરતું આ સાધન 'ઘર બેઠાં વિદ્યાપીઠ' ની ગરજ સારે છે. દશ્ય શ્રાવ્ય સાધનોમા ટી.વી.નું સ્થાન આગવું અને વિશિષ્ટ છે.

**■ મહત્ત્વ:**

- ટી.વી. જ્ઞાન પ્રસારનું માધ્યમ છે. તે પ્રત્યક્ષ અને વાસ્તવિક જ્ઞાન આપે છે.
- વિદ્યાર્થીઓને વિવિધ અધ્યયન અનુભવો પૂરા પાડે છે.
- દરરોજની ઘટનાઓ જાણવા મળે છે વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિસે છે.
- વિદ્યાર્થીઓની તર્કશક્તિ વિકસે છે.
- વિદ્યાર્થીઓને સર્જનાત્મકતા અને અભિનયની પ્રેરણા મળે છે.
- એક સાથે મોટા સમૂહને દશ્ય-શ્રાવ્ય અનુભવો પૂરા પાડી શકાય છે.
- શિક્ષણ તાદૃશ્ય, જીવંત, અસરકારક અને રસપ્રદ બને છે.
- નિષ્ણાતો પા તા વ્યક્તિઓના વાર્તાલાપ, ચિંતન, ચર્ચા, પરિસંવાદ, મુશાયરા, ડાયરાનો લાભ મળે છે.
- દાર્શનિક પાઠો જોવાનો લાભ મળે છે.
- શિક્ષણમાં વિવિધતા આવે છે, રુચિ વધે છે, જિજ્ઞાસા સતેજ બને છે.

- વિદ્યાર્થીઓનાં વલણો અને વર્તનમાં ફેરફાર થાય છે.
- ટી.વી. કાર્યક્રમો વૈવિધ્યસભર હોય છે.
- વૈવિધ્યપૂર્ણ અધ્યાપન-અધ્યાપન પદ્ધતિ વડે હકીકતો અને માહિતી પૂરી પાડવા માટે ઉપયોગી છે.

**■ મર્યાદાઓ :**

- એકપક્ષીય વ્યવહાર હોવાથી ન સમજાતા મુદ્દા અંગે પ્રશ્નો પૂછી શકાતા નથી.
- પુનરાવર્તન ન થતું હોવાથી જે વસ્તુ રજૂ થાય ત્યારે જ તેનો ઉપયોગ જે કરી લેવો પડે છે.

- બધા જ કાર્યક્રમો રસપ્રદ હોય તેવું ન પણ બને.
- અભ્યાસક્રમના બધા જ મુદ્દા અંગેના કાર્યક્રમો પ્રસારિત થતા નથી.
- શાળાના સમયપત્રક સાથે મેળ બેસતો નથી.
- વીજપ્રવાહ ખોટકાઈ જાય તો ઉપયોગ થતો નથી.
- ટેલિવિઝન શિક્ષક વિદ્યાર્થીઓના હાવભાવને અનુસરતું નથી.
- શાળામાં ટી.વી. દ્વારા શિક્ષણ અંગેની સગવડો સભાનતા વિકસી નથી.
- 'ક્રિયા દ્વારા શિક્ષણ' ના સિદ્ધાંતથી કાર્ય થતું નથી, એટલે વિદ્યાર્થીઓ નિષ્ક્રિય પણ બને.

**■ભાષા શિક્ષણમાં ઉપયોગ:**

- સંસ્કૃત ભાષા શિક્ષણના વિવિધ પાઠો વિદ્યાર્થીઓને દર્શાવવા જોઈએ.
- સંસ્કૃતમાં પ્રસારિત સમાચારો અને કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા જોઈએ.
- સંવાદો, નાટકો, વાર્તાલાપો, દ્વારા વિદ્યાર્થીઓને અભિનય અને શ્રવણ કૌશલ, ઉચ્ચારણો અને કથન કૌશલ્યની તાલીમ મળે છે.
- વર્ગશક્ષણમાં ગુજરાતી ચલચિત્રોમાં ઉપયોગમાં લેવાયેલા લોકગીતોનું પ્રસારણ વીડિયો દ્વારા કરીને લોકગીતનું શિક્ષણ કાર્ય કરી શકાય.
- પાઠ્યપુસ્તકોમાંથી કેટલાક એકમો અને લાંબા કાવ્યોના સંવાદોની રચના કરી, પાઠ્યપુસ્તકમાં આપેલાં નાટકો વગેરેનો વિદ્યાર્થીઓ પારે અભિનય કરાવી, વીડિયી ઉતારી, વર્ગશિક્ષામાં ઉપયોગ કરી શકાય.

**■ધ્યાનમાં રાખવાની વિગતો** :

- શિક્ષક કાર્યક્રમનું સમયપત્રક જોઈ વિદ્યાર્થીઓને ઉપયોગી કાર્યક્રમનું નિદર્શન કરી શકે.
- વિદ્યાર્થીઓને કાર્યક્રમના સંદર્ભમાં વિષયાભિમુખ કરવા જોઈએ.
- વિદ્યાર્થીઓને કાર્યક્રમ દરમ્યાન ઉપયોગી મુદ્દાની તેમજ મૂંઝવતા પ્રશ્નોની નોંધ કરવાની સૂચના આપવી જોઈએ.
- વિદ્યાર્થીઓના કાર્યક્રમ અંગેના પ્રતિભાવો જાણી તેઓની મૂંઝવણોનું નિરાકરણ લાવવું જોઈએ.
- રજૂ થયેલા કાર્યક્રમ સાથે સુસંગત એવી પ્રવૃત્તિઓ સૂચવવી જોઈએ.
- વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે પ્રશ્નોત્તરી કરવી જોઈએ,
- વિદ્યાર્થીઓ સાથે બેસીને કાર્યક્રમ નિહાળવો, જેથી શિસ્ત જળવાઈ રહે અને તેઓની મુંઝવણો યોગ્ય રીતે દૂર કરી શકાય.
- ટી.વી. બરાબર રીતે વ્યવસ્થિત કામ આપે છે કે નહિ, તે તપાસી લેવું જોઈએ.

- ટી.વી.ના કાર્યક્રમ જોતી વખતે બાળકોને બેસાડવાની વ્યવસ્થા 30° ના ખૂણાની અંદર અથવા 40° ના ખુણાની હોવી જોઈએ.
- ટી.વી. સેટ અને તે જોનાર પ્રથમ હાર વચ્ચે 6–7 ફૂટનું અંતર હોવું જોઇએ.
- ટી.વી. સેટ બાળકની આંખના લેવલ કરતાં થોડી ઊંચાઈએ (2–3 ફૂટ) હોવી જોઈએ.
- ટી.વી.ના પડદા પર પ્રકાશ ન પડે તે જરૂરી છે. ખંડને અંધારાવાળો બનાવવાનો નથી.

**4. શિક્ષક હાથપોથી :**

શિક્ષકને અધ્યાપન માટે માર્ગદર્શન આપવા માટે વિદ્વાનો દ્વારા તૈયાર પુસ્તકને શિક્ષકની હાથપોથી કહે છે. શિક્ષકની હાથપોથી Teacher's hand - book, ટીચર્સ મેન્યુઅલ, ટીચર્સ ગાઈડ, શિક્ષક અધ્યાપન પોથી, શિક્ષક નિદર્શિની વગેરે નામે ઓળખાય છે.

■ મહત્વ:

- સંસ્કૃત વિષયના પ્રત્યેક એકમના દરેક મુદ્દા માટે સમગ્રતાલક્ષી મિત્ર અંકિત કરે છે.
- સંસ્કૃતના પાઠ્યપુસ્તકનું સ્વરૂપ અને તેના ઉપયોગનું માર્ગદર્શન મળે છે.
- એકમના અધ્યાપન માટે કઈ શિક્ષણ પદ્ધતિ અને શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો તેની માહિતી મળે છે.
- સાહિત્ય સ્વરૂપ, વ્યાકરણ વિષયક મૂળભૂત વિષયવસ્તુનું જ્ઞાન મળે છે.
- એકમના શિક્ષણની રૂપરેખા, હેતુઓ, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરેની જાણકારી મળે છે.
- દરેક એકમના તાસ આયોજનનું માર્ગદર્શન મળે છે.
- દરેક એકમના અધ્યાપન માટે વિદ્યાર્થીઓનું કયું પૂર્વજ્ઞાન અપેક્ષિત છે, તેની માહિતી મળે છે.
- એકમ શિક્ષણના અંતમાં પ્રાપ્ત નીપજની માહિતી વિદ્યાર્થીઓના વર્તન- પરિવર્તનના સ્વરૂપમાં કે ક્ષમતાઓના સંદર્ભમાં મળે છે.
- પ્રત્યેક એકમમાં આવતી સંકલ્પનાઓ, પારિભાષિક શબ્દો, નિયમો વગેરેની યાદી તથા તેના શિક્ષણ માટે ધ્યાનમાં રાખવાની બાબતોની - ઉલ્લેખ હોય છે,
- એકમની કઠિન બાબતોનો નિર્દેશ કરી તેની સંપૂર્ણ સમજ સ્પષ્ટ કરવામાં આવે છે.
- અધ્યાપનમાં કઠિન બાબતોના અભિગમ અને પ્રયુક્તિઓનું માર્ગદર્શન મળી રહે છે.
- વિદ્વાનો દ્વારા તૈયાર કરવામાં આવેલ હોય છે, તેથી તેમના જ્ઞાન અને અનુભવનો લાભ શિક્ષકને મળે છે.

■ઉપયોગ:

- વિષયનું શિક્ષણકાર્ય કરવામાં ઉપયોગી થાય છે.
- નવી પ્રયુક્તિઓ, અભિગમોનો વર્ગશિક્ષણમાં ઉપયોગ કરવા માટે માર્ગદર્શન મળે છે.
- વિવિધ સંદર્ભોનો વર્ગશિક્ષણમાં ઉપયોગ કરી શકાય છે.
- શિક્ષણની પદ્ધતિ, શૈક્ષણિક સાધનો, મૂલ્યાંકન અને સ્વાધ્યાય અંગે માર્ગદર્શન મળે છે તે અનુસાર અનુસરણ કરી શકાય છે.
- એકમ શિક્ષણના હેતુઓથી માહિતગાર બની તેની સિદ્ધિના સંદર્ભમાં અભિગમ અપનાવવા ઉપયોગી બને છે.

- એકમના વિષયવસ્તુના હાર્દરૂપ તત્ત્વોને યોગ્યરૂપે સ્પષ્ટ કરવા માર્ગદર્શન માટે, કયા એકમ સાથે કયા હાર્દરૂપ તત્વ સંકલિત છે તેની સમજ સરળતાથી જાણી શિક્ષણકાર્ય કરવા ઉપયોગી બને છે.
- એકમના શિક્ષણ પહેલાં એકમમાં સમાયેલ મુખ્ય વિચારો, ઘટકોની પૂર્ણ સમજ પ્રાપ્ત કરી શિક્ષકને સજ્જ બનાવવામાં ઉપયોગી છે.
- વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા રસમય શિક્ષણ આપવા
- ભાષા શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ જાતે સમજી, દૂર કરી શિક્ષણને અસરકારક બનાવવા.
- વિષયનું સાચું સ્વરૂપ જાણવા અને સમજવામાં ઉપયોગી થાય છે. આ રીતે શિક્ષકની હાથપોથીનો ઉપયોગ શિક્ષણને સાચા અર્થમાં અધ્યેતા કેન્દ્રી બનાવે છે. શિક્ષણને જીવંત, રસપ્રદ, સમૃદ્ધ, ફળદાયી અને અસરકારક બનાવવા માટે શિક્ષણની હાથપોથી ઘણી ઉપયોગી થાય છે.

**5. કમ્પ્યુટર :**

વર્તમાનયુગ એ માહિતી ક્રાંતિનો યુગ છે. માહિતી પ્રત્યાપનમાં અનેક સાધનો ઉપલબ્ધ છે, જેમાં કમ્પ્યૂટર મુખ્ય છે. કમ્પ્યૂટરને સંગણક કહીએ છીએ. કમ્પ્યૂટર અને તેની સાથેના સંબંધિત સોફ્ટવેરની વિકાસયાત્રા ખૂબ જ ઝડપથી શિક્ષણ ક્ષેત્રને પ્રભાવિત કરી

રહી છે. કમ્પ્યૂટર વડે શીખવાની શરૂઆત કરી, આભાસી વર્ગખંડ, આભાસી શાળા, આભાસી યુનિવર્સિટી સુધીના ક્ષેત્રોને પ્રભાવિત કર્યું છે. આનાથી ખૂબ જ ઝડપથી ચીલાચાલુ શિક્ષણ પદ્ધતિ અપ્રસ્તુત બની રહી છે. કમ્પ્યૂટરથી શિક્ષણ જગતમાં સમૂળી ક્રાંતિનાં એંધાણ જોવા મળે છે.

**■સંસ્કૃત શિક્ષણમાં કમ્પ્યૂટરનું મહત્ત્વઃ**

વિદ્વાનોના મંતવ્ય અનુસાર, સંસ્કૃત ભાષા એ કમ્પ્યૂટરને ખૂબ જ અનુકૂળ આવે તેવી ભાષા છે. તે ભાષાનો કમ્પ્યૂટરમાં બહુ સહેલાઈથી ઉપયોગ થઈ શકે તેમ છે. જો કે કેટલીક આર્થિક અને અન્ય મર્યાદાઓને લીધે કમ્પ્યૂટર પર આ ભાષાનો ઉપયોગ પ્રચલિત બન્યો નથી. એ ઉપરાંત આ માટે શાળાઓમાં પણ માળખાગત સુવિધાઓ નથી. ઉપરાંત આ પદ્ધતિથી શીખવવા માટે શાળાઓમાં જરૂરી સોફ્ટવેર નથી અને આ સાધનોનો ઉપયોગ કરી શીખવી શકે તેવા શિક્ષકોનો અભાવ પણ જોવા મળે છે છતાં **કમ્પ્યૂટરના શિક્ષણનું મહત્ત્વ સંસ્કૃત ભાષા શિક્ષણમાં ઘણું છે.**

- વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતોને ધ્યાનમાં લઈ સંસ્કૃતનું શિક્ષણકાર્ય કરવામાં આવે છે.
- સંસ્કૃતના કોઈપણ એકમ માટે પ્રોગ્રામ તૈયાર કરી શકાય છે.
- વિદ્યાર્થી સ્વ–પ્રયત્ને અધ્યયન કરી શકે છે.
- શિક્ષણ તર્કબદ્ધ અને ગુણવત્તાસભર બને છે.
- વિદ્યાર્થી સતત સક્રિય રહે છે.
- કમ્પ્યૂટરના ઉપયોગથી એક જ વિષયવસ્તુ કે વિષયાંગનું વારંવાર, જ્યારે ઈચ્છે ત્યારે પુનરાવર્તન થઈ શકે છે.
- કમ્પ્યૂટરમાં દ્રશ્ય શ્રાવ્ય અસરો હોવાથી વિદ્યાર્થી ઝડપથી યાદ રાખી - શકે છે.
- વિદ્યાર્થી ગમ્મત અને મનોરંજન સાથે જ્ઞાન મેળવી શકે છે.
- સમય અને શક્તિની દુર્થ થતો અટી છે,

**■કમ્પ્યૂટરનો સંસ્કૃત શિક્ષણમાં ઉપયોગ:**

સંસ્કૃત શિક્ષણમાં કમ્પ્યૂટરનો ઉપયોગ નીચે પ્રમાણે છે.

**કમ્પ્યૂટર આધારિત ક્ષિક્ષ (Computer Assisted Learning) :**

શિક્ષક વર્ગખંડમાં પોતાના અધ્યાપન કાર્યને વધુ અસરકારક બનાવવા માટે મૉડેલ, ચિત્રો, ફિલ્મસ્ટ્રીપ જેવાં અનેક દ્રશ્યશ્રાવ્ય સાધનોને કે પ્રયુક્તિઓને પોતાના શિક્ષામાં વણી લે છે. આ જ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને કમ્પ્યૂટરના ઠંડા પડદા પર જરૂરી લેખિત સૂચના, ચિત્રો, ફિલ્મ વગેરે રજૂ કરી શકાય છે. કમ્પ્યૂટર સાથે જોડેલું સ્પીકર પર જરૂરી ધ્વનિ રજૂ કરી શકાય છે, આવી વ્યવસ્થાને કમ્પ્યૂટર સિસ્ટેડ લર્નિંગ કરવામાં આવે છે. તેને આ રીતે વ્યાખ્યાયિત કરી શકાય.

"અધ્યયનના પૂર્વ નિશ્ચિત હેતુઓ માટે અધ્યેતા કમ્પ્યૂટર પાસેથી હા માર્ગદર્શન મેળવે, માહિતીનું આદાન-પ્રદાન કરે અને હેતુલક્ષી શિક્ષણ મેળવે તેને કમ્પ્યૂટર આપારિત અધ્યયન કહી શકાય."

કમ્પ્યૂટર આધારિત શિક્ષણવિધિમાં કમ્પ્યૂટર વિવિધ પ્રકારની શૈક્ષણિક વિધિઓનો વિનિયોગ કરે છે.

**(1) કવાયત અને મહાવરો :** વ્યાકરણ શિક્ષણમાં આનો ઉપયોગ કરી શકાય. સંધિ, સમાસ તેના નિયમો વગેરે માટે કમ્પ્યૂટર દ્વારા શ્રેણીબદ્ધ મનોયત્નો રજૂ કરી શકાય. વિદ્યાર્થીઓ તેનો જવાબ આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. સાચા જવાબના સંદર્ભમાં તે અધ્યેતાને પ્રતિપોષણ પૂરું પાડે છે, અભિનંદન આપે છે. આવાં મનોયત્નો આપવાથી વિદ્યાર્થીને મહાવરો– દઢીકરણ થાય છે.

**(2) વ્યક્તિગત શિક્ષણ :** અભિક્રમિત અધ્યયનની જેમ નાના-નાના ફ્રમા કમ્પ્યૂટર પર રજૂ કરવામાં આવે છે, તે વિશે પ્રશ્ન પૂછવામાં આવે છે. અધ્યેતાના જવાબોનું કમ્પ્યૂટર વિશ્લેષણ કરી જરૂરી સુદઢકો પૂરા પાડે છે. આ રીતે સંધિના નિયમો, રૂપો, વિભક્તિ, કૃદન્તો વગેરે માટે પણ અભિક્રમિત કાર્યક્રમ રજૂ કરી શકાય છે.

**(3) વાર્તાલાપ કે સંવાદ :** તે સોક્રેટિસની પ્રશ્નપદ્ધતિ પર આધારિત છે. આમાં અધ્યાપક અને અધ્યેતા બંને સક્રિય રહે છે. સંસ્કૃતમાં વાર્તા શીખવવાની હોય, શ્લોકો કે સુભાષિતો શીખવવાના હોય ત્યાં તેઓ એકબીજાને પ્રશ્નો પૂછીને ઉત્તરો મેળવે છે. આમાં અધ્યેતા પોતાની ભૂલો સુધારે છે. જો કે આ પ્રક્રિયા અઘરી છે.

**(4) અનુરૂપણ (Simulation) :** આ વિધિ દ્વારા અધ્યેતાઓને વાસ્તવિક પરિસ્થિતિ અંગે કૃત્રિમ અનુભવો પૂરા પાડવામાં આવે છે. જેમ કે,अभिज्ञान शाकुन्तलम् નો કોઈ ખંડ, મેઘદૂતના શ્લોકો વગેરેમાં ચિત્રો દ્વારા આભાસી વાતાવરણ પૂરું પાડીને વિષયાંગ શીખવી શકાય છે.

**(5) વિવિધ કસોટીઓ દ્વારા પરીક્ષણ :** સંસ્કૃતમાં વિવિધ પ્રકારની બહુવિકલ્પ કસોટીઓ રચીને તેમને પ્રતિભાવોની હારમાળા પૂરી પાડીને સાચા ઉત્તરો શોધવાનું કહેવામાં આવે છે.

**(6) શબ્દ રમત :** કમ્પ્યૂટર પર વિદ્યાર્થીઓને વિવિધ શબ્દ રમતો રમાડી શકાય. શબ્દોના અર્થ શોધવા, પર્યાય આપવા, સમાનાર્થી – વિરુદ્ધાર્થી શબ્દો શોધવા આવી વિવિધ રમતો રમાડવી. આનાથી વિદ્યાર્થીનું સંસ્કૃતમાં શબ્દભંડોળ વધે છે.

આમ કમ્પ્યૂટર આધારિત શિક્ષણ સંસ્કૃત ભાષામાં આપી શકાય.

**6. OHP – ઓવરહેડ પ્રોજેક્ટર :** ઓવર હેડ પ્રોજેક્ટર એ એક એવું સાધન છે કે જેનો ઉપયોગ કરતી વખતે શિક્ષક વર્ગની સન્મુખ ઉભો રહી શિક્ષણ કાર્ય કરી શકે છે. આ વિશેષતા હોવાને કારણે તેનું નામ સન્મુખ ચિત્રદર્શક પણ છે. આ સાધનને ઓવર હેડ પ્રોજેક્ટર એટલા માટે કહેવાય છે કે આ સાધનમાંથી નિકળતા પ્રકાશના કિરણો શિક્ષકના ખભા કે માથા ઉપરથી પસાર થાય છે. તેના બે પ્રકાર છે. 1. પારદર્શક ચિત્રો બતાવવા માટે 2 અપારદર્શક ચિત્રો બતાવવા માટે

■મહત્વ:

- સંસ્કૃત શિક્ષણમાં ઓવર હેડ પ્રોજેક્ટર શિક્ષણકાર્યમાં ઘણું મહત્ત્વનું છે.
- શિક્ષક એકલે હાથે કોઈની પણ મદદ વગર આ સાધનનો ઉપયોગ કરી શકે છે.
- ઓવર હેડ પ્રોજેક્ટર પર રજૂ કરવાની વસ્તુ શિક્ષક જાતે તૈયાર કરી શકે છે.
- ઓવર હેડ પ્રોજેક્ટરનું સોફ્ટવેર આર્થિક દૃષ્ટિએ સસ્તું પડે છે.
- શિક્ષક એક ચિત્ર ઉપર બીજું ચિત્ર મૂકી ઓવર લેપિંગ કરી શકે છે.
- ઓવર હેડ દ્વારા રજૂ થતી ટ્રાન્સપરન્સી પર વર્ગ શિક્ષણ દરમ્યાન પણ શિક્ષક વિગત લખીને સમજાવી શકે છે.
- ટ્રાન્સપરન્સી ઉપર જરૂરી બધા જ મુદ્દાઓ લખેલા હોવાથી અધ્યાપન વખતે કોઈપણ મુદ્દો રહી જવા પામતો નથી.
- પૂર્વતૈયારી કે આયોજનથી સજ્જ શિક્ષક વર્ગમાં જાય છે. આથી અધ્યાપન કાર્યમાં વિશ્વાસ અને આનંદ આવે છે.
- કૃષ્ણફલક કાર્ય માટે સમય ફાળવવો પડતો નથી, સમય બચે છે.
- રંગીન ચિત્રો કે મુદ્દાઓ અલગ અલગ રંગથી રજૂઆત કરી રજૂઆત ધ્યાનાકર્ષિત બનાવી શકાય છે.
- કાચની પ્લેટ, સ્લાઈડ જેવી વસ્તુઓ પણ રજૂ થઈ શકે તેથી તે બહુ ઉદ્દેશીય સાધન બની રહે છે.

**■સંસ્કૃત શિક્ષણમાં ઉપયોગ:**

ઓવર હેડ પ્રોજેક્ટર સંસ્કૃત શિક્ષક માટે આશીર્વાદરૂપ સાધન છે. સંસ્કૃત શિક્ષક ખૂબ જ સરળતાથી પોતાના વિષયમાં ઓવર હેડ પ્રોજેક્ટરનો ઉપયોગ કરી શકે છે. તેનો ઉપયોગ ગદ્ય-પદ્ય અને વ્યાકરણ ત્રણેમાં થઈ શકે છે. દા.ત. ગદ્ય પદ્યની વિગત ચિત્રો દ્વારા રજૂ કરી પ્રશ્નોત્તરી દ્વારા શિક્ષણકાર્ય થઈ શકે. વ્યાકરણના ઉદાહરણો–રૂપો વગેરે ટ્રાન્સપરન્સી દ્વારા રજૂ કરી સમજ સ્પષ્ટ કરી

શકાય. આ માટે ટ્રાન્સપરન્સી તૈયાર કરવી જરૂરી છે. ટ્રાન્સપરન્સી એ પ્લાસ્ટિકની શીટ છે, જેના પર લખાણ લખી શકાય છે ચિત્ર કે આકૃતિ દોરી શકાય છે. તેને ઓવર હેડ પ્રોજેક્ટર દ્વારા પડદા પર મોટા કદમાં રજૂ કરી શકાય છે, જેથી સમગ્ર વર્ગ સારી રીતે જોઈ શકે. ટ્રાન્સપરન્સી પર ચિત્રો દોરવા કે લખાણ માટે રંગીન પેનનો ઉપયોગ યોગ્ય રીતે થઈ શકે, પરિણામે રજૂઆત આકર્ષક બને છે. ટ્રાન્સપરન્સી ચાર્ટ્સ, ચિત્રો, આકૃતિઓ વગેરેની ગરજ સારે છે. ઓવરહેડ પરથી પ્રક્ષેપણ કરવાનું સાહિત્ય (ટ્રાન્સપરન્સી) બજારમાં તૈયાર મળે છે જે ખરીદી ઉપયોગ કરી શકાય છે. ઉપરાંત સ્વનિર્મિત સાહિત્ય પણ શિશક પોતાની જરૂરિયાત મુજબ તૈયાર કરી ઉપયોગ કરી શકે છે.

આ સાધનની મર્યાિદા એ છે કે તે મોટું છે. કુશળ ડ્રોઈંગ શિક્ષકો તેનો અસરકારક ઉપયોગ કરી શકે. તૈયાર સાહિત્યની ઉપલબ્ધિ ઓછી છે. હેરફેરમાં સરળતા નથી રહેતી પણ કુશળ શિક્ષક તેનો અસરકારક ઉપયોગ કરી શકે છે. વિદ્યાર્થીઓને રસપૂર્વક શિક્ષણ આપી શકે છે. તેમની સર્જનશક્તિ પણ વિકસાવી શકે છે.

આજના યુગમાં ઓવર હેડ પ્રોજેક્ટર શિક્ષણનું અસરકારક સાધન છે.

**7.શબ્દકોષ :**

કોશ એટલે ખાનો કે ભંડાર. શબ્દશ એટલે શબ્દોનો ભંડાર. જેમાં વિવિધ ભાષાના શબ્દો અને તેના અર્થનો સમાવેશ થતો હોય તેવું પુસ્તક શબ્દકોશ કહેવાય છે. સંસ્કૃત શબ્દ કોશમાં સંસ્કૃતભાષાના શબ્દોના અર્થ માતૃભાષામાં કે અન્ય ભાષામાં આપેલ હોય છે. આ ઉપરાંત શબ્દકોશમાં પર્યાય શબ્દો તથા શબ્દોની વ્યુત્પત્તિ પણ દર્શાવેલ હોય છે. કેટલીકવાર એક શબ્દ પરથી બનતા વિવિધ શબ્દોની રચના દર્શાવેલ હોય છે. શબ્દનું વ્યાકરણ સ્વરૂપ પણ જણાવેલ હોય છે. કેટલીકવાર એ શબ્દ પરથી બનતી કહેવતો પણ દર્શાવેલ હોય છે. આમ શબ્દકોશ શબ્દની મંઘર છે.

સંસ્કૃત શિક્ષણમાં અનેક શબ્દકોશ ઉપલબ્ધ છે, પણ સંસ્કૃતનો સૌથી પ્રાચીન અને શ્રે શબ્દકોશ અમરશ છે. શબ્દકોશના ઉપયોગી અપરિચિત શબ્દનો અર્થ જ નહિ પણ એ શબ્દ પરિવારના તમામ શબ્દો એક સાથે લઈ, ચોકકસ સ્થાને ચોકકસ સંદર્ભમાં એનો કો ચોકકસ અર્થ થાય તે ઉદાહરણ સાથે સ્પષ્ટ કરવામાં આવે છે.

પ્રાચીન સમયમાં પંડિત યુગમાં શબ્દકોશ શિક્ષણની એક પ્રયુક્તિ હતી. વિદ્યાર્થીઓ માટે વ્યાકરણનું જ્ઞાન અનિવાર્ય હતું. વ્યાકરણ એક વિષય તરીકે શીખવાતો તે વખતે વિદ્યાર્થી શબ્દકોશનો ઉપયોગ વિશેષ કરતા. આજે પણ ભાષાશિક્ષણની આદર્શ પરિસ્થિતિ તો એ છે કે પ્રત્યેક શિક્ષક અને પ્રત્યેક વિદ્યાર્થી પાસે શબ્દકોશ હોય જેથી શિક્ષક અથવા વિદ્યાર્થી જયારે ઈચ્છે ત્યારે સાહિત્યનું સ્વ–અધ્યયન કરી શકે. શબ્દકોશથી સાહિત્યનું અધ્યયન સરળ બને છે. મુશ્કેલ શબ્દનો અર્થ જાતે શીખી શકાય છે. એ રીતે શબ્દકોશ સ્વ-અધ્યયન તરફ વિદ્યાર્થીને દોરે છે.

SKY IS THE LIMIT
SHREE H.N. SHUKLA GROUP OF COLLEGES